શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું મુખપત્ર

# બેતાલીસ દીપક

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**

પબ્લીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ નંબર : એ / ૭૮, તારીખ :- ૧૬-૦૮-૧૯૮૪

રજી. ઓફિસ : એફ-૨૧૦, પહેલો માળ, રિલીફ શોપીંગ સેન્ટર, વેપારીજીન, કલોલ. (ઉ.ગુ.) જી. ગાંધીનગર - ૩૮૨૭૨૧


મો. ૯૯૭૯૦૭૨૪૨૯, ૯૭૨૪૦૮૮૮૭૬

તમસો મા જ્યોતિર્ગમય

અંક-૧૬ | ડિસેમ્બર - ૨૦૨૪ | નૂતન વર્ષ અંક | મુખ્ય સંપાદક : અલ્પેશભાઇ ભલાભાઇ | તંત્રી : મેહુલભાઇ હસમુખભાઇ

## નવા વર્ષ-૨૦૨૪ ની શુભકામનાઓ


**મેહુલભાઇ** તંત્રીશ્રી


**બિપીનચંદ્ર** સહતંત્રીશ્રી


**અલ્પેશભાઇ** મુખ્ય સંપાદકશ્રી


**ગોવિંદભાઇ** સંપાદકશ્રી


**જયેશભાઇ** સંપાદકશ્રી


**મુકેશભાઇ** સંપાદકશ્રી


**શૈલેષભાઇ** સંપાદકશ્રી


**દિપકભાઇ** સંપાદકશ્રી


**શંભુભાઇ** સંપાદકશ્રી



**જીતેન્દ્રભાઇ** સંપાદકશ્રી

દીપોત્સવ અને નુતન વર્ષ ૨૦૮૧ ના પાવન પ્રસંગ નિમીત્તે સમસ્ત જ્ઞાતિજનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવે છે. કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ દીપોત્સવી અંક "બેતાલીસ દીપક અંક -૧૬" આપ સૌના કરકમલમાં મુકતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

નવા વર્ષે નવ નિર્માણનો સંકલ્પ કરીને, નવલા વર્ષે નવલા બનીને, નવેસરથી નવું વર્ષ હળીમળી સૌ પ્રેમથી ઉજવીએ, નવો આશાદીપ જાળવીએ જાતને પ્રકાશીયે. જીંદગી આપણી એક ફળદાયી ખેતર છે, એમાં ઊગેલ ઘાસ નિંદામણ દુર કરીને એમાં પ્રેમનો મબલખ પાક ઉગાડીએ. નવા વર્ષે સદગુણોને જ અપનાવીએ. નકરાત્મકતા ત્યજી સકારાત્મક બનીએ, નવા વર્ષે બે કર જોડી પ્રભુને પ્રાથીયે. રિદ્ધિ, સિદ્ધિ, લક્ષ્મી અને સરસ્વતી માતા સૌ પર રિઝે, સુખ શાંતિ સૌ પ્રાપ્ત કરે, હે પ્રભુ એવું ઉત્તમ નવું વર્ષ બનાવજે એવી પ્રાર્થના..

## સ્વ. શકરચંદ અંબાલાલ દરજી પરિવાર - આમજા








શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે સમાજ સેવામાં પોતાનું યોગદાન આપનાર દરેક પરિવારોને કેળવણી મંડળ વંદન કરે છે. આપણા સમાજના તમામ નાગરિકો સમાજ પ્રત્યેની પોતાની ફરજોથી સભાન છે અને સમાજનું કોઇપણ કામ હોય હંમેશા સમાજના વ્યક્તિની મદદ મળતી જ રહે છે. આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ વિવિધતાથી ભરપુર છે. સમાજના ઘણા સભ્ય કુટુંબો એવા છે કે જે કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સમાજલક્ષી પ્રવુતિઓને બિરદાવે છે, આ વર્ષે આપણા સમાજના મૂળગામ આમજા / વામજ ના સ્વ. શકરચંદ અંબાલાલ દરજી પરિવાર તરફથી પોતાના સ્વજનો ના સૌજન્ય રૂપે બેતાલીસ દીપક અંક-૧૬ ના સ્પોન્સર બનેલ છે. આમજા પરીવારના શ્રી વિનોદભાઇ ભલાભાઇ - શ્રીમતી ધર્મીષ્ઠાબેન વિનોદભાઇ, શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ - શ્રીમતી હેમાબેન અલ્પેશભાઇ, શ્રી ચેતનભાઇ દશરથભાઇ - શ્રીમતી શિલ્પાબેન ચેતનભાઇ, શ્રી જયેશભાઇ દશરથભાઇ - શ્રીમતી ગાયત્રીબેન જયેશભાઇ, શ્રી જીતેન્દ્રભાઇ શીવાભાઇ - શ્રીમતી સુમિત્રાબેન જીતેન્દ્રભાઇ, શ્રી વિપુલભાઇ નારણભાઇ - શ્રીમતી નીમાબેન વિપુલભાઇ, શ્રી રોનકભાઇ નારણભાઇ - શ્રીમતી અંકિતાબેન રોનકભાઇ, શ્રી મિલનભાઇ નારણભાઇ - શ્રીમતી પાયલબેન મિલનભાઇ તથા તેમના પરીવારના અન્ય તમામ સભ્યો પોતાના વડીલોના સમાજ સેવાના વારસાને પોતાની જવાબદારી સમજીને ખુબજ સુંદર રીતે નિભાવી રહેલ છે. આપણા સમાજના મુખ પત્ર એવા બેતાલીસ દીપકના આ સોળમાં અંક માં સ્વ. શકરચંદ અંબાલાલ અને સ્વ. હીરાબેન શકરચંદ પરિવાર દ્વારા પોતાના સ્વર્ગસ્થ સ્વજનોના સૌજન્યરૂપે રૂા. ૨૫,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. સમાજના મુખ પત્ર એવા "બેતાલીસ દીપક અંક-૧૬" ના પુરસ્કર્તા થવા બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ફરીથી સ્વ. શકરચંદ અંબાલાલ અને સ્વ. હીરાબેન શકરચંદ પરિવારનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે.



# સમાજ રત્ન

પોલીસ વિભાગમાં પ્રસંશનીય કામગીરી અંગે રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સને - ૨૦૨૦ અને
રાજ્યના મુખ્યમંત્રી હસ્તે પ્રશંશનીય કામગીરી બદલ સન્માન મેળવનાર
આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું રત્ન

## શ્રી આશુતોષ કનુભાઇ પરમાર

અમો કેળવણી મંડળ વતી શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજરત્ન એવા શ્રી આશુતોષભાઇ વિષે વિસ્તૃત પરિચય અગાઉ આપેલ જ છે, તો પણ સમય સંજોગોને આધીન ફરીથી તેમના વિરાટ વ્યક્તિત્વનો આપ સૌ સમાજના નાગરિકોને સાક્ષાતકાર કરાવીશું. આપણા સમાજના ઉનાવા ગામના આદરણીય વડીલ સ્વ. બબલદાસ ઉગરચંદના સુપુત્ર શ્રી કનુભાઇ બબલદાસ પોતાની ગુણવત્તા, ધગશ અને આવડત ના હિસાબે પોલીસ વિભાગમાં ભરતી થઇને સમયાંતરે બઢતી પામીને સબ ઇન્સ્પેકટરની પોસ્ટ હાંસલ કરી. આજે શ્રી કનુભાઇ અને તેમના જીવન સંગીની એવા શ્રીમતી હસુમતીબેન માટે પોતાના દીકરા શ્રી આશુતોષને નાનપણથી જ નીડરતા, અધ્યાત્મિક અને સામાજિક સમરસતા, દેશપ્રેમ, અને કેળવણીનો અર્થ વાસ્તવિક જીંદગીમાં શીખવ્યો તે અર્થે સમગ્ર સમાજ ગૌરવ અનુભવે છે.

શ્રી કનુભાઇ અને શ્રીમતી હસુમતીબેનના સુપુત્ર શ્રી આશુતોષભાઇએ સૌ પ્રથમ ભાવનગર મુકામેથી પોલીસ વિભાગમાં પીએસઆઇ તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. શ્રી આશુતોષભાઇ દ્વારા ભાવનગર જિલ્લામાં અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે, જુનાગઢ રેપીડ રિસ્પોન્સ સેલ, ગાંધીનગર ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર એસીપી તરીકે  એમ વિવિધ મુકામે સમયાંતરે બદલી અને બઢતી પામીને આજે ફક્ત અને ફક્ત પોતાની આવડત, હોંશિયારી, કામ પ્રત્યેની લગન, માતા-પિતાના આશીર્વાદ અને લોકોના પ્રેમના કારણે એન્ટી કરપ્શન બ્યુરોમાં આસીસ્ટન્ટ ડાયરેક્ટર, ગાંધીનગર યુનિટ ખાતે ફરજ બજાવે છે.

શ્રી આસુતોષભાઇ દ્વારા તેમની આ પોસ્ટીંગ દરમિયાન પોતાના  હિંમતપૂર્વકના નિર્ણયો અને કુશાગ્ર બુદ્ધિથી ગુનેગારો સામે ખુબજ કડકાઇથી પગલા લીધેલ છે.  રાજકોટ ખાતે ટીઆરપી ગેમ ઝોનમાં લાગેલ ભિષણ આગજનીમાં સંડોવાયેલ ટીપીઓ સગઠિયાએ ભ્રસ્ટાચારથી ભેગી કરેલ અપ્રમાણસર મિલ્કત આશરે ૧૮ કરોડ રૂપિયા શોધી કાઢી કબજે કરેલ. જે કામ પ્રત્યેની તેમની નિષ્ઠા અને પ્રશંસીય કામગીરી બદલ તા. ૦૯-૧૨-૨૦૨૪ના રોજ “ઇન્ટરનેશનલ એન્ટી કરપ્શન ડે” ના રોજ આયોજિત કાર્યક્રમમાં ગુજરાત સરકારના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા તેઓશ્રીને એસીબીના ઇતિહાસમાં  આજદિન સુધીમાં સૌથી મોટી રકમ શોધી કાઢ્યા બદલ  પ્રશંશા પત્રથી સન્માનીત કરવામાં આવ્યા.

આવા સુખદ પ્રસંગે, જયારે આખો સમાજ પોતાના એક પરિવારના એક સભ્યની કામગીરીને સરાહી રહ્યો છે ત્યારે  અમો તેમના માતા-પિતા શ્રી કનુભાઇ બબલદાસ અને શ્રીમતી હસુમતીબેન, તેમના ધર્મપત્ની શ્રીમતી શિલ્પાબેન આસુતોષભાઇને પણ ખુબ ખુબ અભિનંદન આપીએ છે.  બંને પતિ-પત્ની, તેમના સંતાનો, તેમના માતા પિતા શ્રી અને તેમનો સમગ્ર પરિવાર પોતાના જીવનમાં નિરોગી અને સુખી રહે તેમજ શ્રી આશુતોષભાઇ પોતાની પોલીસ વિભાગની કારકિર્દીમાં હજુ પણ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને હજુ પણ ઉંચા સફળતાના શિખરો સર કરે અને સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.



**તંત્રીશ્રીનું નિવેદન**

**વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,**

સર્વ પ્રથમ તો હું મારા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો અને હોદ્દેદારશ્રીઓ તરફથી આપસૌને નુતન વર્ષ સંવત ૨૦૮૧ ના નવા વર્ષમાં સમાજના તમામ આદરણીય વડીલો, માતાઓ, બહેનોને મારા જય શ્રી કૃષ્ણ ના વંદન સાથે નવયુવા યુવક-યુવતીઓને નૂતન વર્ષાભિનંદન અને નાના ભુલકાઓને આશીર્વાદ સાથે અભિનંદન આપું છું અને ગત વર્ષની જેમ આપણો સમાજ હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રહે તેવી પ્રભુને પ્રાર્થના કરૂ છું. આપ સૌ જાણો છો, તેમ કેળવણી મંડળની તા.૨૪.૧૨.૨૦૨૨ ના રોજ રાણીપ મુકામે મળેલ સાધારણ સભામાં કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદારો દ્વારા મને આપણા સમાજની આ ગૌરવવંતી સંસ્થાનું સુકાન સોંપવામાં આવ્યું તે બદલ હું કેળવણી મંડળના તમામ પૂર્વ હોદ્દેદારોશ્રી, કારોબારી સભ્યોશ્રી અને સમાજના તમામ નાગરિકોનો આભાર વ્યક્ત કરૂ છું કે, જેમણે મારી પ્રતિભા પર વિશ્વાસ મૂકીને સમાજ સેવા માટેનુ અતિ પ્રતિષ્ઠિત કાર્ય મને સોંપવામાં આવ્યું. આપ સૌએ જાણ્યું હશે કે, મારા લગભગ બે વર્ષના કાર્યકાળ દરમિયાન મારા સાથી સભ્યોની મદદથી અમે સમાજના દરેક વ્યક્તિને સ્પર્શતા પ્રશ્નોનો ખુબ સરસ રીતે ઉકેલ લાવ્યા છીએ.

આપ સૌ જાણો છો, તેમ અગાઉના પ્રમુખ માનનીય શ્રી બિપીનભાઈ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનાનું કઠીન કાર્ય અમે ખુબ મહેનત અને ઈમાનદારીથી અને તમામ કારોબારી મિત્રોના સહયોગથી અત્યંત સુરુચિપૂર્વક ચાલી રહી છે. આ યોજના થકી તા. ૧૫-૧૨-૨૦૨૪ સુધીમાં અમોએ આપણા સમાજના કુલ ૪૪ સ્વર્ગલોક પામેલ સભ્યોના પરિવારને રૂપિયા ૩૫,૦૦૦/- ની સહાય આપ સૌના સહયોગથી કરવામા આવેલ છે. અમે આ યોજના શરૂ કાર્ય પહેલાથી જ કહેતા આવ્યા છીએ કે, આપણા સમાજમાં આર્થીક રીતે ચાર વિભાગ પડે છે. એક અત્યંત ગરીબ વર્ગ, બીજો ઉચ્ચ મધ્યમ વર્ગ, ત્રીજો મધ્યમ વર્ગ અને ચોથો આર્થિક રીતે સુખી વર્ગ. કેળવણી મંડળ દ્વારા આ યોજના શરૂઆત કરતા પહેલા સમાજના તમામ વર્ગના પરિવારોને વિનંતી કરવામાં આવેલ કે, તેઓ આ યોજનામાં જોડાય. આ યોજનાનો હેતુ ફક્ત આપણા સ્વજનના અવસાન નિમીત્તે સમાજ તરફથી રૂપિયા મેળવવાનો બિલકુલ નથી પરંતુ જે ઉચ્ચ મધ્યમ વર્ગ અને સુખી વર્ગ છે તેમના દ્વારા અન્ય બે વર્ગને મદદ કરવાના શુભ આશય સાથે ચાલુ કરવામાં આવે છે. આપ જયારે કોઈ ગરીબ પરિવારનું સભ્ય અવસાન પામે અને તમે ભલે એમના સગા હોય પરંતુ તે પરિવારને કોઈ આર્થિક મદદ કરશો તો તે તમારો ઋણી હોવાની નિમ્ન ભાવનાથી પીડાશે બીજી રીતે તમે તેના બેસણામાં જઈને અલગ અલગ ૧૦૦/- રૂપિયા આપી શકવાના નથી એ પણ એક હીનતાનું કાર્ય છે તો આ માટે આ મૃત્યુ સહાય યોજના શ્રેષ્ઠ છે જેમાં તમે કોઇપણ હીન ભાવના વગર કોઈ ગરીબ કે મધ્યમવર્ગીય પરિવાર કે જેને ખરેખર આવા કઠીન સમયે જયારે તેમણે પોતાના પરિવારનો મોભી ગુમાવ્યો હોય અને નિઃસહાય હોય ત્યારે તેને આપ સૌ સમાજના સભ્યો તરફથી મળેલ સો - સો રૂપિયા ભેગા કરીને રૂપિયા ૩૫૦૦૦/- ની સહાય મળે ત્યારે તેના દિલમાંથી જે આશીર્વાદ નીકળે તે આપ સૌ સભ્યો માટે હોય. અમારો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે, સમાજના જે સુખી સંપન્ન પરિવારો આ યોજનામાં નથી અને તે માનતા હોય કે અમારે આવી કોઇ સહાયની જરૂર નથી તે તમામ પરિવારો આ યોજનામાં જોડાઇને જરૂરિયાતમંદ પરિવારોની આશીર્વાદ મેળવવામાં અગ્રેસર રહે. આવા પરિવારો જો પોતાના પરિવારમાં કોઈ દુઃખદ પ્રસંગ બને અને કેળવણી મંડળ તરફથી જે રૂપિયા ૩૫,૦૦૦/- ની રકમ મળે તે કેળવણી મંડળમાં અન્ય સેવા કાર્યો માટે દાનભેટ લખવી શકે છે. આવું એક તાદ્રસ્ય ઉદાહરણ છે, મૂળ ભુવાલડીના અને હાલ ઘાટલોડિયા મુકામે રહેતા માનનીય શ્રી રસિકભાઈ મણીલાલ દરજી પરિવાર. તા.૧૩.૦૮.૨૦૨૩ ના રોજ તેમના ધર્મપત્ની સ્વ. ગીતાબેન રસિકભાઈ સ્વર્ગલોક સિધાવ્યા તે અન્વયે કેળવણી મંડળ દ્વારા આપવામાં આવેલ રૂા.૩૫,૦૦૦/- ની સહાય શ્રી રસિકભાઇ અને તેમના પરિવારજનો ભાઈ શ્રી પિયુષભાઇ રસિકભાઈ, શ્રીમતી નીલમબેન પિયુષભાઈ વગેરે તમામની સંમતીથી કેળવણી મંડળને અન્ય સેવાકાર્યો માટે દાન કરવામાં આવ્યું. ધન્ય છે માનનીય શ્રી રસિકભાઈ મણીલાલ પરિવારને. આ પ્રમાણે સમાજ પ્રત્યેની નિષ્ઠા અને પોતાની પ્રતિબધ્ધતા દર્શાવનાર આવા પરિવારને અન્ય સુખી સંપન્ન પરિવારો અનુસરે તેવી કેળવણી મંડળ અપેક્ષા રાખે છે.

કેળવણી મંડળ તરફ થી આપ સૌ સ્નેહીજનોના સહયોગથી સમાજ - ૨૦૨૨ પ્રદર્શિત કરવામાં આવ્યું તેને આપણા સમાજ અને અન્ય સમાજના આગેવાનો દ્વારા વખાણવામાં આવ્યું છે જે મારી ટીમ અને આપ સૌના પરિશ્રમને હિસાબે શક્ય બન્યું છે. આ ઉપરાંત કેળવણી મંડળ દ્વારા અન્ય જે યોજનાઓ જેમ કે નિઃશુલ્ક નોટબુક વિતરણ, વિધવા સહાય, વિદ્યાર્થી સહાય, ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જનાર વિધાર્થી અને પરિવારોની શુભેચ્છા મુલાકાત, દસમાં અને બારમાં ધોરણના વિદ્યાર્થીઓને રૂબરૂ મળીને તેમને શુભેચ્છા પત્ર આપીને તેમનું સન્માન કરીને તેમના જીવનની આ કઠીન પરીક્ષામાં સફળ થાય તેવા આશીર્વાદ સમાજના દરેક વ્યક્તિ વતી આપવામાં આવે છે. આપણા સમાજનું હાલનું કેળવણી મંડળ ફક્ત કેળવણીને લગતા કાર્યો જ નહી પણ સમાજ સેવાના અને સમાજના સભ્યોને સ્પર્શતા તમામ કાર્યો / યોજનાઓને પોતાની ફરજ માનીને સુરુચિપૂર્વક કરી રહેલ છે.

અમોને ખુશી છે કે, કેળવણી મંડળ દ્વારા કોઇપણ સેવાકાર્ય કરવા માટે ટહેલ નાખવામાં આવે ત્યારે આપણા સમાજના દાનવીર સભ્યો જરૂરિયાત કરતા વધારે દાન હંમેશા આપે છે જે આપણા સમાજની સંસ્કૃતિ અને આપણા વડવાઓએ આપેલ સંસ્કારનું પરિણામ છે. અમો હાલની તારીખે તા.૨૯.૧૨.૨૦૨૪ ના રોજ આયોજીત સાધારણ

સભાના આયોજન માટે જરૂરી રકમની ટહેલ નાંખી છે અને તે અંતર્ગત અમે સમાજના બહુધા પરિવારોની અંગત મુલાકાત લઈને તેમને સમાજના તમામ પરિવારોની સાધારણ સભાના દાતા બનવા વિનંતી કરવામાં આવેલ, પણ અમોને ગર્વ છે કે, અમે જે પણ પરિવારમાં ગયા તેમના તરફથી ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે કેળવણી મંડળને દાન મળેલ છે. કોઈપણ પરિવારે અમોને આ માટે ના નથી પાડી. અત્રે હું વિશેષ આભાર માનું છું. મૂળ વાવોલના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા અતિ પ્રતિષ્ઠિત અને સ્વામિનારાયણ ભગવાનના ચુસ્ત અનુયાયી એવા માનનીય શ્રી અશોકભાઇ રમણલાલ દરજી (સ્વામી)નો, જયારે કેળવણી મંડળના હોદ્દેદારો તેમના ઘરે દાન માટે ગયા ત્યારે તેમણે કાંઈપણ આનાકાની વગર અને આ દાન સમાજ અને સમાજના લોકો માટે છે એવું વિચારીને રૂા.૫૧,૦૦૦/- નું ભોજન દાન આપ્યું આ ઉપરાંત તેમના દ્વારા અમારી સુંદર સરભરા કરીને કેળવણી મંડળને લગતા અમુક સૂચનો પણ આપ્યા. અમોને આથી જ આવા સમાજના પ્રતિનિધિ બનવાનો આનંદ છે અને આવા વ્યક્તિઓથી જ અમોને હજુ વધુ પ્રયત્નોથી સમાજ માટે સત્કાર્યો કરતા રહીએ એની પ્રેરણા મળે છે. આવા અત્યંત પ્રેરણાદાયી મહાનુભાવ એવા શ્રી અશોકભાઈ રમણભાઈ દરજી અને અન્ય તમામ દાતાશ્રીઓનો અમો આભાર માનીએ છીએ.

હું તમામ પૂર્વ હોદ્દેદારોનો આભાર માનું છું કે, જેઓએ ખુબ મહેનત અને લગનથી હાલ કેળવણી મંડળ દ્વારા સમાજ સેવાને સમર્પિત ઘણી બધી યોજનાઓ અમલમાં લાવેલ છે અને તે યોજનાઓ થકી હાલ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ બીજા અન્ય તમામ દરજી સમાજો કરતા ચઢિયાતો છે તેવું પ્રસ્થાપિત કરેલ છે. આપણા સમાજનું હાલનું કેળવણી મંડળ ફક્ત કેળવણીને લગતા કાર્યો જ નહી પણ સમાજ સેવાના અને સમાજના સભ્યોને સ્પર્શતા તમામ કાર્યો / યોજનાઓને પોતાની ફરજ માનીને સુરુચિ પૂર્વક કરી રહેલ છે.

હવે હું વાત કરીશ કેળવણી મંડળ દ્વારા સમાજ ના પ્રત્યેક પરિવાર દીઠ વાર્ષિક ૫૦૦/- રૂપિયા લવાજમની, અમે અત્યંત પ્રસંશા પૂર્વક કહી એ છે કે છેલ્લા બે વર્ષથી સમાજના બહુધા પરિવારો નિયમિત રીતે પોતાનું વાર્ષિક લવાજમ ભરી દે છે. અમુક પરિવારો એવા છે કે જે ભરતા નથી એમને અમે બે શ્રેણીમાં રાખ્યા છે એક તો જે આપી શકે તેમ નથી જેમ કે, વિધવા સહાય લેનારી બહેનો અને અન્ય ઘણા પરિવારો કે જે આર્થિક રીતે સક્ષમ નથી એવા પરિવારો, તેમની પાસે થી અમે સ્વેચ્છાએ લવાજમ ના લેવું એ નક્કી કરેલ છે અને બીજા વર્ગમાં અમુક સક્ષમ પરિવારો છે કે, જે કેળવણી મંડળ અથવા સમાજથી નારાજ હોય અથવા તેમને કોઈ અંગત કે અન્ય વાંધાઓ હોય જેથી કરીને તેઓ લવાજમ આપતા નથી. તો કેળવણી મંડળની કોર કમિટી દ્વારા આવા પરિવારોનું લીસ્ટ તૈયાર કરીને તેમને પ્રત્યેકને રૂબરૂ મળીને તેમને સમજાવીને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવીને સમાજની અને કેળવણી મંડળને પોતાનો સાથ સહકાર આપે તે માટે વિનંતી કરીશું. કેમ કે, કેળવણી મંડળના તમામ કાર્યો / યોજનાઓ સમાજના પ્રત્યેક વ્યક્તિ માટે હોય છે જેમ કે સાધારણ સભાનો ખર્ચ, બેસણા માં શ્રધાંજલિનો ખર્ચ, વિદ્યાર્થી પ્રોત્સાહન યોજનાઓ જેવી જનરલ યોજનાઓમાં સમાજના પ્રત્યેક ગરીબ, મધ્યમ કે અમીર માણસના પરસેવાની કમાણી અને તેમના દાનભેટ થી થાય છે તો જો આપ સક્ષમ હોવા છતાં આર્થિક રીતે સમાજની જે પાયાની જરૂરિયાતો છે તેના માટે પોતાના અંગત કારણોથી ફાળો ના આપી શકે તો તેઓએ સ્વેચ્છાએ કેળવણી મંડળના ઉપર જણાવ્યા મુજબના તમામ લાભો લેવાનું બંધ કરવું જોઈએ. કોઈ પણ શ્રધ્ધાંજલિ સભામાં ફૂલહાર અને પ્રિન્ટીંગના વિગેરે ખર્ચા સમાજના સભ્યોએ પોતાની પરસેવાની કમાણી માંથી આપેલ દાનભેટ માંથી થાય છે તો તેવા પરિવારોએ આવા કોઈ લાભ માટે આગ્રહ ના રાખવો એવું અમારું અંગત મંતવ્ય છે.

''શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ'' એ દેશ-વિદેશમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. કેળવણી મંડળ દ્વારા થતી વિવિધ સામાજિક તેમજ સેવાકીય પ્રવૃતિઓની માહિતી હાલની સૌથી શક્તિશાળી માધ્યમ વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવે છે જેથી કરીને કેળવણી મંડળ દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવતા વિવિધ કાર્યક્રમો તથા કાર્યોની રૂપરેખા આધુનિક ટેક્નોલોજી દ્વારા ખૂબ જ ઝડપી માહિતી સમાજ બંધુઓ ઘરે બેઠા મેળવી શકે છે.

સમાજની દરેક પ્રવૃતિને સફળ બનાવા મારા સાથી હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ, તેમજ સમાજબંધુઓ તરફથી ખુબજ પ્રશંસનીય સહકાર મળે છે. વધુમાં આ માટે વિવિધ પ્રકારના દાન દ્વારા દાતાઓ પણ સમાજને મજબૂત કરવા આપેલ સહકાર પણ ખૂબજ અમૂલ્ય છે. જે દાતાશ્રીઓના દાન થકી આપણો સમાજ વિકસિત થઈ રહયો છે. સામાજિક પ્રવૃતિઓ માટે દાતાશ્રીઓ તરફથી મળતો અવિરત ધોધ વહેડાવી સમાજને અન્ય સમાજથી ઉપર લઇ જવા માટેના પ્રયત્નોને બિરદાવી તેમનો સવિશેષ આભાર વ્યક્ત કરું છુ.

વર્તમાન સમયમાં માનવ માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે અને માનવીઓના મન પણ ટુંકા થઈ રહ્યા છે, કેળવણી આ તમામને એક તાંતણાથી જોડવાનું કામ કરી રહ્યું છે. દેશ-વિદેશમાં ચારેબાજુ પથરાયેલા સમાજને ધંધાકીય લાભ થાય અને યુવા પેઢીને પોતાના મનગમતા જીવનસાથી મળી રહે તે હેતુથી તથા વ્યાપાર ધંધા ક્ષેત્રે આગળ વધે અને તેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ પર મળી રહે તથા સામાજિક પ્રવૃતિની માહિતી સમાજના છેવાડાના માણસો સુધી પહોંચી શકે તે હેતુથી વેબસાઇટ શરૂ કરી છે. જે સમાજ માંથી આવ્યા છે, તે સમાજનું ઋણ અદા કરવા આપણે સૌ સાથે મળીને આપણા આરાધ્ય દેવ શ્રી ભગત પીપાજી ના બતાવેલ માર્ગે લઇ જઈ સમાજને શૈક્ષણિક રીતે ખુબજ આગળ લઈ જઈ વિકાસના પંથે લઈ જઈએ એજ આજ ના સમયની માંગ છે. ''વિના સહકાર નહીં ઉધ્ધાર''

આદરણીય જ્ઞાતિ બંધુઓ આપણા ગૌરવવંતા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કેળવણી મંડળને ખુબજ આગળ લઇ જવાની મારી તેમજ મારા હાલના તમામ સાથીદારો ની તીવ્ર તમન્ના છે, સમાજ ને

ઉપયોગી દરેક કાર્યો અમે પુરા ખંતથી કરીશું તેની અમે બાંહેધરી આપીએ છીએ. મને આશા છે કે, આપ સર્વે તરફથી સંપૂર્ણ સહકાર મળી રહેશે. અજાણતામાં મારી અથવા મારી ટીમથી કંઈક ભૂલ થાય, ક્ષતિ અનુભવાય અથવા તો અન્યાય થાય તો ક્ષમા યોગ્ય ગણશો.

ફરીથી હું આ વર્ષે દાનભેટ આપનાર તમામ દાતા શ્રીઓ, કેલેન્ડર ભેટના દાતાશ્રી, ઓફીસ દાનભેટ ના દાતાશ્રીઓ, નોટબુક માં આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, સમાજ દર્શન માટે દાન આપનાર દાતાશ્રીઓ, આગામી સાધારણ સભા માટે વિદ્યાર્થી ઈનામ, શાલ, ભોજનદાન તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો સવિશેષ ખૂબ આભાર માનું છું અને ભવિષ્યમાં પણ આપ સૌ તરફથી આવો જ સાથ સહકાર મળી રહેશે તેવી સર્વે જ્ઞાતિબંધુંઓ પાસેથી અપેક્ષા રાખું છું.

અંતમાં, આપના થકી અમારી કામગીરીને લક્ષીને કોઈપણ સૂચનો હોય તો તે અમોને અવશ્ય જણાવજો. દરેક સૂચનોની સમીક્ષા કરી તે બાબતે ઘટતું કરવાની હું ખાતરી આપુ છું.

**મેહુલભાઈ હસમુખભાઈ ટેલર**
**પ્રમુખ - શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**



**સહ તંત્રીશ્રીનું નિવેદન**

**વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,**

નુતન વર્ષાભિનંદન - સાલ મુબારક.

વિક્રમ સંવત ૨૦૮૧ના શરૂઆતમા સમાજના તમામ નવયુવાન અને બાળકોને મારા આશીર્વાદ અને વડીલોને પ્રણામ. અગાઉના વર્ષની જેમ આપણો સમાજ અને સમાજના તમામ પરિવારો હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રહે તેવી પ્રભુને પ્રાર્થના કરૂ છું. સર્વપ્રથમ હું મારી ફરજના ભાગરૂપે નવનિયુક્ત પ્રમુખ શ્રી મેહુલભાઇ અને અન્ય તમામ કારોબારી મિત્રોને તેમની નિઃસ્વાર્થ સેવા બદલ બિરદાવુ છું અને તેમના સિનીયર તરીકે સમાજને લગતા થોડા સૂચનો જાણવુ છું. તમામ જ્ઞાતિબંધુઓને પણ આ સૂચનોનું પાલન કરવા વિનંતી કરૂ છું. સમાજના એક સારા પ્રમુખ બનવા નીચે મુજબના ગુણો અવશ્ય હોવા જોઈએ.

(૧) **નેતૃત્વ :** એક સારા પ્રમુખ સમાજના ધ્યેયો હાંસલ કરવા માટે અન્ય લોકોનું નેતૃત્વ કરવા અને પ્રોત્સાહિત કરવા સક્ષમ હોવા જોઈએ. તેઓ કાર્યને અસરકારક રીતે સોંપવામાં અને મજબૂત ટીમ બનાવવા માટે સક્ષમ હોવા જોઈએ.(૨) **કોમ્યુનિકેશન :** એક સારા પ્રમુખ સમાજના સભ્યો સાથે મૌખિક અને લેખિત બંને રીતે અસરકારક રીતે વાતચીત કરવા સક્ષમ હોવા જોઇએ. તેઓ સમાજના ધ્યેયો અને ઉદ્દેશ્યોને સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં સક્ષમ હોવા જોઈએ, અને તેઓ સભ્યોની જરૂરિયાતો અને ચિંતાઓને સાંભળવા અને સમજવા માટે સક્ષમ હોવા જોઈએ.(૩) **સંસ્થા :** એક સારા પ્રમુખ ઈવેન્ટ્સ અને પ્રવૃત્તિઓનું આયોજન અને આયોજન કરવા સક્ષમ હોવા જોઈએ. તેઓ સમાજના બજેટ અને સંસાધનોનું અસરકારક રીતે સંચાલન કરવામાં સક્ષમ હોવા જોઈએ.(૪) **સમસ્યાનું નિરાકરણ :** એક સારા પ્રમુખ સમસ્યાઓ ઓળખવા અને ઉકેલવામાં સક્ષમ હોવા જોઈએ. તેઓ વિવેચનાત્મક રીતે વિચારવા અને યોગ્ય નિર્ણય લેવા સક્ષમ હોવા જોઈએ. (૫) **ટીમવર્ક :** એક સારા પ્રમુખ અન્ય લોકો સાથે સારી રીતે કામ કરવા સક્ષમ હોવા જોઈએ. તેઓ સર્વસંમતિ બનાવવા અને સંઘર્ષને ઉકેલવામાં સક્ષમ હોવા જોઈએ. (૬) **જુસ્સો :** એક સારા પ્રમુખ સમાજ અને તેના ધ્યેયો વિશે જુસ્સાદાર હોવા જોઈએ. તેઓ સમાજને સફળ બનાવવા માટે ઉત્સાહી અને પ્રેરિત હોવા જોઈએ. (૭) **સમાજ ની જાણકારી :** સમાજના સારા પ્રમુખ પણ સમાજના મિશન અને ધ્યેયો વિશે જાણકાર હોવા જોઈએ, અને તેઓ સમાજના સભ્યોની સેવા કરવા માટે પ્રતિબદ્ધ હોવા જોઈએ. (૮) **સમાવિષ્ટ બનો :** ખાતરી કરો કે સમાજના તમામ સભ્યો સ્વાગત અને મૂલ્યવાન અનુભવે છે. (૯) **પારદર્શક બનો :** સમાજની નાણાકીય અને પ્રવૃત્તિઓ વિશે સભ્યો સાથે ખુલ્લા અને પ્રમાણિક બનો.(૧૦) **પ્રતિભાવશીલ બનો :** સભ્યોની જરૂરિયાતો અને ચિંતાઓ પ્રત્યે પ્રતિભાવશીલ બનો.(૧૧) **જવાબદાર બનો :** તમારી ક્રિયાઓ અને નિર્ણયો માટે પોતે અને સભ્યોને જવાબદાર બનો. (૧૨) **આદરપૂર્ણ બનો :** બધા સભ્યોની પૃષ્ઠભૂમિ અથવા માન્યતાઓને ધ્યાનમાં લીધા વિના, તેમની સાથે આદર સાથે વ્રતો.

આદરણીય જ્ઞાતિજનો વ્યાપક અર્થમાં જોઈએ તો સમાજ એટલે સામૂહિક જીવન જીવતા માનવીઓનો એક એવો વિશિષ્ટ જન-સમુદાય અથવા માનવ-સમૂહ જે તેમના એકસમાન લાગતા જીવન-મૂલ્યો, પ્રણાલિકાઓ, પરંપરાઓ, સ્થાપિત પ્રથાઓ અને સામાજીક વ્યવહારો અપનાવી, તેની સાથે સમાયોજન સાધી તેને અનુરૂપ જીવન જીવવાનો પ્રયાસ કરતો રહે છે. પ્રત્યેક રાષ્ટ્રમાં જીવન-મૂલ્યો, પ્રણાલિકાઓ, પરંપરાઓ, સ્થાપિત પ્રથાઓ અને સામાજીક વ્યવહારોની ભિન્નતા ધરાવતા આવા વિવિધ સમાજ અસ્તિત્વ ધરાવે છે. પ્રત્યેક સમાજના પાછા સામાજીક રીતે ગઠિત પોતાના મૂલ્યો, પ્રથાઓ, રીતિ-રિવાજો, પ્રણાલિકાઓ અને પરંપરાઓ હોય છે જે સમૂહની અંદરના લોકો દ્વારા મહદઅંશે સ્વીકાર્ય હોય છે. સમય જતા નવા આવિષ્કારો, નવી શોધો, નવી જરૂરિયાતો અને બદલાતી વિચારશૈલી સાથે આ મૂલ્યો, વ્યવહારો, પ્રથાઓ અને પરંપરાઓમાં પણ બદલાવ આવતા રહે છે અને જે તે સમૂહમાં વસતા લોકોના સામાજીક જીવનમાં તે મુજબ બદલાવ આવતા રહે છે અને સમાજના લોકો પણ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સમાજના બદલાતા સ્વરૂપને અનુરૂપ થવા પ્રયત્નો કરતા રહે તે ઈચ્છનીય છે.

વ્યક્તિઓ મળીને કુટુંબ બને. કુટુંબો બનીને સમાજ બને. અનેક સમાવેશી, તંદુરસ્ત સમાજ ભેગા થાય ત્યારે રાષ્ટ્ર બને. આપણે તો વ્યક્તિ તરીકે જ નિષ્ફળ ગયાં છીએ. અંદર અંદર ના વેર, અદેખાઈ, અકોણાઈ એ આપણી નબળાઈ છે. જ્યારે ઈંટ ને કે રેતને લૂણો લાગે ત્યારે ઈમારત નબળી પડે છે અથવા ધરાશાઈ થાય છે. જો સમાજ તરીકે આપણે ટકી રહેવું હશે તો આપણી વ્યક્તિગત, લાક્ષણિક નબળાઈઓને ઓળખવી પડશે તથા તેને દૂર કરવા ગંભીર તથા ઈમાનદાર પ્રયાસ

કરવા પડશે. સતત આને સાર્થક ચિંતન જ આપણને ધ્યેય તરફ લઈ જશે.

આપણા સમાજ વિષે વાત કરૂ તો અમે જયારે પણ અન્ય સમાજની સંસ્થાઓમાં જઈએ તો અન્ય સમાજના લોકો આપણા સમાજના દરેક સેવાલક્ષી કાર્યો અને કેળવણી મંડળની પ્રસંશા કરે છે જે આપણા માટે ગર્વની વાત છે. હાલ આપણા સમાજની કેળવણી મંડળ દ્વારા જે સમાજલક્ષી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે તેમાં આપસૌએ જે રીતે મને અને મારી ટીમને સાથ આપ્યો તે રીતે જ નવા સભ્યોને સાથ આપશો તેવી અભ્યર્થના વ્યક્ત કરૂ છું.

હુ આ વર્ષે દાન ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, કેલેન્ડર ભેટના દાતાશ્રીઓ, નોટબુકમા આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, આગામી સાધારણ સભા માટે વિદ્યાર્થી ઇનામ, શાલ, ભોજનદાન તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માનુ છું અને ભવિષ્યમાં પણ આપ સૌ તરફથી આવો જ સાથ-સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

**બિપીનચંદ્ર જીવણલાલ દરજી**
**મુખ્ય કાર્યકારી પ્રમુખ**
**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**

---

**મુખ્ય સંપાદક ની કલમે ........**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ના વ્હાલા જ્ઞાતિજનો, આજ આપસૌના આશીર્વાદ થી તૈયાર કરેલ આપણા સમાજના મુખપત્ર સમાન**"બેતાલીસ દીપક"**નો દીપોત્સવી અંક-૧૬, ડિસેમ્બર-૨૦૨૪ પ્રકાશિત કરતા અમો આનંદ અનુભવીએ છીએ.**"બેતાલીસ દીપક"** નો દીપોત્સવી અંક-૧૬, ડિસેમ્બર-૨૦૨૪ને અમોએ કેળવણી મંડળ પાસે જેટલી માહિતી હતી તે તમામ માહિતી અને છેલ્લા વર્ષમાં આપણા સમાજમાં ઘટેલ ઘટનાઓને શબ્દોમાં આલેખીને આપ સૌ સમક્ષ રજુ કરેલ છે. આ અંકમાં આપમાંથી કોઈને કોઇપણ જાતની ખામી અથવા ભૂલ લાગે તો અમોને સહૃયતાથી જણાવવા નમ્ર અરજ છે અમો ભવિષ્યમાં તે ખામી સુધારી લઇશુ. સમાજના શિક્ષિત વર્ગને નમ્ર વિનંતી કે બેતાલીસ દીપકના આ અંકના આપના પ્રતિભાવો અમોને અવશ્ય મોકલો જેથી કરીને ભવિષ્યમાં અમો આપના પ્રતિભાવો થકી આપણા સમાજના આ મુખપત્રને સુદ્રઢ બનાવવાના સંનિષ્ઠ પ્રયાસો કરીશું. સમાજના દરેક વ્યક્તિને નમ્ર વિનંતી કે આપના ઘર, પરિવાર કે ગામમા બનતી દરેક ઘટના જેવી કે જન્મ, મરણ, ધાર્મિક પ્રસંગ, લગ્ન પ્રસંગ જેવી દરેક માહિતી કેળવણી મંડળને આપે જેથી અમો તે માહિતીને આપણા આ મુખપત્ર થકી સમસ્ત સમાજની જાણકારીમાં લાવી શકીએ. કેળવણી મંડળના પ્રમુખ શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલરને એમની સમાજ પ્રત્યેની નિષ્ઠા માટે હુ અભિનંદન આપુ છુ. અને તેઓશ્રી દ્વારા ગત વર્ષમાં જે લોકપયોગી સમાજ સેવાના કાર્યો, જેમ કે નોટબુક વિતરણ , બોર્ડ એક્ઝામ વાળા વિદ્યાર્થીઓનું સન્માન આપણા સમાજ ને હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રાખે તેવી ભાવના અત્રે વ્યક્ત કરૂ છું. છેલ્લા બે વર્ષમાં આપ સૌએ અનુભવ્યુ હશે કે, કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ એવા શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી દ્વારા એક સાહસિક નિર્ણય લઇને એક તરવરીયા, પોતાના સમાજ માટે કઇપણ કરી છૂટવાની ભાવનાવાળા અને શિક્ષિત નવયુવાન એવા ભાઇ શ્રી મેહુલભાઈને સમસ્ત કેળવણી મંડળના સંચાલનની જવાબદારી સોંપી. આ અંગે સમાજના ઘણા સભ્યોને મનમાં પ્રશ્ન હશે કે કેળવણી મંડળમાં આટલા સિનીયર સભ્યો હોવા છતાં પ્રમુખશ્રી દ્વારા એક બીનઅનુભવી અને નાની ઉમરના વ્યક્તિ ને પ્રમુખપદ શા માટે સોંપવામાં આવ્યું ? પણ છેલ્લા બે વર્ષના કાર્યકાળમાં ભાઈ શ્રી મેહુલભાઈે સાબિત કરી બતાવ્યું કે, આ નિર્ણય સાર્થક હતો તેઓ દ્વારા દિવસ રાત જોયા વગર સમાજને લગતા દરેક કાર્ય અને પ્રશ્નોનો જે રીતે પરફેક્ટ પ્લાનિંગ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા તે સરાહનીય છે. એવુ નથી કે શ્રી મેહુલભાઇને પદ આપીને અમે બધા સિનીયર કાર્યકરો નિવૃત થયી ગયા છીએ, પરંતુ દરેક સભ્ય અને પૂર્વ પ્રમુખ શ્રી બિપીનભાઈ દ્વારા ભાઇશ્રી મેહુલભાઈની સાથે પડછાયાની જેમ સાથે રહીને તેમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે. પરંતુ આ બે વર્ષમાં શ્રી મેહુલભાઇ સમાજસેવાના કાર્યમાં એટલા ઓતપ્રોત થયી ગયેલ છે કે, તેઓ પોતાના પારિવારિક અને ધંધાકીય પ્રશ્નોને બાજુમાં રાખીને સર્વ પ્રથમ સમાજની ચિંતા કરે છે. આપણા સમાજ અને કેળવણી મંડળના નસીબે આપણે આવા એક કોહીનુર જેવા હીરાને પારખીને તેને કેળવણી મંડળનુ સુકાન સોંપવામાં આવેલ છે. અત્રે કેળવણી મડળના સદસ્ય તરીકે હુ ગર્વથી કહુ છુ કે દરજી જ્ઞાતિના તમામ ગોળમાં આપણો સમાજ સર્વશ્રેષ્ઠ છે. હાલની કેળવણી મંડળના તમામ સભ્યો સમાજ માટે કઇપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે જે આપ સૌ અનુભવી શકતા હશો. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓમાં સમાજના તમામ સદસ્યોથી પુરતો સાથ સહકાર મળી રહેશે તેવી આશા રાખુ છું.

અંતમાં, બેતાલીસ દિપકના આ અંકનું આટલી સુંદરતાથી વ્યવસ્થિત રીતે દરેક માહિતીનું સંકલન કરીને ભવ્ય અને ગુણવત્તાસભર બનાવવા બદલ કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર એવા માનનીય શ્રી ખોડીદાસ નારણદાસ દરજી કલોલવાળાના સુપુત્ર વિપુલભાઇનો ખુબ ખુબ આભાર. તેઓ શ્રી કલોલ મુકામે પોતાની મુદ્રણકાર્યને લગતી " શ્રી બાલાજી પ્રિન્ટર્સ" નામની ઓફીસ ધરાવે છે અને આ આપણા સમાજનું કાર્ય છે તેમ જાણીને દિવસ રાત મહેનત કરીને આટલો સુંદર અંક તૈયાર કરી આપેલ છે. ધન્યવાદ ભાઇશ્રી વિપુલ ખોડીદાસ.....

**આપનો વિશ્વાસુ .....**
**અલ્પેશ ભલાભાઈ વાઘેલા - કલોલ .**

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનાને સમાજના દરેક પરિવારનો સહયોગ. સમાજના પરિવારોની માંગણીને ધ્યાનમાં લઇ બીજા ૧૫ દિવસ સુધી નવા સભ્ય નોંધવાનું ચાલુ કરવામાં આવ્યું.**

આથી કેળવણી મંડળ વતી અમોને એક અત્યંત લાગણીમય અનુભૂતિ સહ જણાવતા આનંદ થાય છે કે, સમાજના છેવાડાના વ્યક્તિને અને તેના પરિવારને પોતાના સ્વજનના અવસાન સમયે પડતી નાંણાકીય તકલીફ દુર કરવાના ઉદ્દેશથી ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનામાં સમાજના બહુધા પરિવારોએ પોતાનો સહયોગ આપેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે, જે બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ આપણા સમાજના દરેક જ્ઞાતિજનોનો હદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે, વધુમાં આ મૃત્યુ સહાય યોજના અંતર્ગત તા. ૦૧/૦૬/૨૦૨૨ થી આજદિન સુધીમાં કુલ ૪૪ મૃતક સભાસદનાં વારસદારોએ મૃત્યુ દીઠ રૂા. ૩૫,૦૦૦/- ની મૃત્યુ સહાય મેળવેલ છે, અને આ સમયમાં કેળવણી મંડળના ધ્યાનમાં આવ્યા મુજબ આ યોજનામાં હજુ પણ આપણા સમાજના ઘણા પરિવારો આ યોજનાથી વંચિત રહી ગયેલ છે. અને કેળવણી મંડળને સમાજના ઘણા પરિવારો તરફથી આ યોજનામાં સભ્ય થવા માટે રજુઆત પણ કરવામાં આવેલ. તો સમાજના પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને કેળવણી મંડળ દ્વારા આ યોજનામાં બાકી રહી ગયેલ સભ્યોને દાખલ થવા આ યોજનાને તા. ૦૧/૦૬/૨૦૨૪ થી ૧૫/૦૬/૨૦૨૪ સુધી ૧૫ દિવસ સુધી નવા સભ્યપદ માટે શરૂ કરવામાં આવેલ.

આ યોજના અંતર્ગત જે સભ્યો પહેલા સભ્ય બની ગયેલ હતા અને તે સભ્યોએ અધવચ્ચેથી બંધ થઈ ગયેલ છે, તે સભ્યો માટે આ યોજનામાં પુનઃજોડાવા જે મૃત્યુ સહાયથી ફાળો જમા કરાવવાનો બાકી રહેલ છે, ત્યારથી અત્યાર સુધીના મૃત્યુ સહાયના ફાળાના રકમની ઉપરાંત રૂા. ૨૦૦/- લેટ ફી સાથે જમા કરાવીને ફરીથી સભ્યપદ મેળવવા માટેનો લાભ આપવામાં આવેલ.

**કેળવણી મંડળ દ્વારા આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા આપનાર સમાજના તમામ વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત લઇને શુભેચ્છાઓ આપવામાં આવી**

કેળવણી મંડળ દ્વારા દર વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીને ઘરે રૂબરૂ મળીને શુભેચ્છાપત્ર, બોલ પેન, મોરપીંછ, ચોકલેટ અને શુકનના રૂપિયા આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ વર્ષે માર્ચ-૨૦૨૪ માં બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓના વાલીઓને વિનંતી કરીને ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા તેમના પુત્ર / પુત્રીની વિગત વાર માહિતી મેળવીને તમામ વિદ્યાર્થીઓનું લીસ્ટ બનાવીને તમામના શુભેચ્છાપત્ર તૈયાર કરવામાં આવ્યા અને આપણા સમાજના કેળવણી મંડળની કારોબારી સમિતિની ટીમ દ્વારા સમાજના તમામ વિસ્તારો જેમ કે શીલજ, આંબલી, બોપલ, વેજલપુર, ચાંદલોડિયા, નરોડા, ઓગણજ, ઘાટલોડિયા, સોલારોડ, ચેનપુર, ચાંદખેડા, માધુપુરા, કોબા, ગાંધીનગર, વાવોલ, ઉનાવા, અંબાવપુરા, કલોલ, અને અન્ય વિસ્તારમાં રહેતા આપણાં સમાજના ધો- ૧૦ અને ધો-૧૨ માં બોર્ડની પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈને તેમને શુભેચ્છા પત્ર અને શુભેચ્છા કીટ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યાં . આ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવે અને તેમના પરિવાર અને સમાજનું ગૌરવ બને તેવી શુભેચ્છાઓ આપવામાં આવી.

**ધોરણ-૧૦**

| | | |
|---|---|---|
| ૧ | ક્રીશ રાજુભાઈ દરજી | ઉનાવા |
| ૨ | પવિત્રા અમરીશકુમાર ટેલર | ન્યુ રાણીપ |
| ૩ | નિર્મલ જીતેન્દ્રભાઈ દરજી | નારોલ |
| ૪ | ત્રિશા યોગેશભાઈ દરજી | કુડાસણ |
| ૫ | વંશ દિનેશકુમાર દરજી | મોટેરા |
| ૬ | આયુષી ધર્મેશકુમાર દરજી | ચાંદખેડા |
| ૭ | ત્રિહા અતુલભાઇ દરજી | ઘાટલોડીયા |
| ૮ | ધાર્મિક લાલભાઈ દરજી | પેથાપુર |
| ૯ | ફેનીલ ધવલભાઈ દરજી | રાણીપ |
| ૧૦ | ક્રિશી સંજયકુમાર દરજી | નરોડા |
| ૧૧ | પ્રિન્સ રોનકકુમાર દરજી | થલતેજ |
| ૧૨ | જૈનીશ રાજેન્દ્રકુમાર દરજી | ડી-કેબીન |
| ૧૩ | અંજલી નવનીતભાઈ દરજી | કડી |
| ૧૪ | મિહિર જીગ્નેશભાઈ દરજી | ન્યુ રાણીપ |
| ૧૫ | જય સંજયભાઈ દરજી | કલોલ |
| ૧૬ | જેનીશ મિતેશભાઈ દરજી | નવા વાડજ |
| ૧૭ | વૃષ્ટિ રાકેશભાઈ દરજી | નવા વાડજ |
| ૧૮ | કાવ્ય મૃણાલકુમાર દરજી | ચાંદખેડા |
| ૧૯ | દેવ લાલાભાઈ દરજી | ચાંદખેડા |

**ધોરણ-૧૨**

| | | |
|---|---|---|
| ૧ | હેતવી કલ્પેશભાઈ દરજી | શીલજ |
| ૨ | વિશ્વા અમરીશકુમાર ટેલર | ન્યુ રાણીપ |
| ૩ | ક્રિષ્ના વિનોદભાઈ દરજી | ઓગણજ |
| ૪ | ધ્રુમિ સચિનકુમાર ટેલર | ઠાસરા |
| ૫ | ત્વિશા મયુરકુમાર દરજી | ન્યુ રાણીપ |
| ૬ | નેન્સી પ્રમોદભાઈ દરજી | મેડા આદરજ |
| ૭ | કેવલ અતુલભાઈ દરજી | નરોડા |
| ૮ | નેહા તુષાર કુમાર દરજી | ચાંદખેડા |
| ૯ | મિહિર શૈલેષભાઈ દરજી | ભાવનગર |
| ૧૦ | ટીશા ભરતકુમાર દરજી | કલોલ |
| ૧૧ | દિયા બ્રિજેશકુમાર દરજી | ગઢડા |
| ૧૨ | દેવાંશ પ્રજ્ઞેશભાઈ દરજી | ન્યુ રાણીપ |
| ૧૩ | તનિષા આશિષભાઈ દરજી | વેજલપુર |
| ૧૪ | વિશ્વા રજનીકાંત દરજી | નરોડા |
| ૧૫ | યશ રઘુભાઈ દરજી | કડી |
| ૧૬ | ખુશી રાકેશભાઈ દરજી | કલોલ |
| ૧૭ | રિયા મિતેશભાઈ દરજી | નવા વાડજ |
| ૧૮ | યશ કલ્પેશભાઇ દરજી | મોટેરા |

**વર્ષ - ૨૦૨૪ના નોટબુકના છેલ્લા પૃષ્ઠના દાતાશ્રી**
**શ્રી રસિકભાઇ મણીલાલ દરજી ભુવાલડી પરિવાર**
**શ્રી રાજેન્દ્રભાઇ શાંતિલાલ દરજી ઝુલાસણ પરિવાર**




आत्मार्थ जीवलोकेऽस्मिन् को न जीवति मानवः
परं परोपकारार्थ यो जीवति स जीवति :

સંસ્કૃત ભાષાના આ શ્લોકનો અર્થ છે કે, પરમકૃપાળુ પરમાત્માની બનાવેલી આ દુનિયામાં પોતાના માટે સૌ જીવે છે પરંતુ જે પરોપકાર માટે જીવે છે તેનું જ જીવન સફળ થાય છે અને પ્રભુકૃપાને પ્રાપ્ત કરે છે. ખુશનસીબ એ નથી કે જેનું નસીબ સારૂ છે, ખુશનસીબ એ છે કે જે પોતાના નસીબથી ખુશ છે. આપણા સમાજમાં ઘણા વિરલા પડ્યા છે કે, જે સમાજના હિતમાં પોતાનું હિત જોવે છે. આવો જ એક પ્રતિષ્ઠિત પરિવાર છે મૂળગામ ભુવાલડીના શ્રી રસિકભાઈ મણીલાલ દરજી અને તેમનો પરિવાર. શ્રી રસિકભાઈ મણીલાલ દરજીના ધર્મપત્ની સ્વ. ગીતાબેન રસિકભાઇના સ્વર્ગવાસ બાદ કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી મૃત્યુ સહાય યોજનાના તમામ નાંણા રૂા. ૩૫૦૦૦/- તેમના પરિવાર તરફથી બેતાલીસ દિપક અને નિઃશુલ્ક નોટબુક વિતરણમાં દાનભેટ તરીકે કેળવણી મંડળને પરત કરેલ છે અને તેમના સમસ્ત પરિવાર તરફથી વર્ષ-૨૦૨૪ ની નોટબુકના છેલ્લા પુષ્ઠ માં જાહેરાત માટે રૂા. ૧૪૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ સમસ્ત દરજી સમાજ વતી શ્રી રસિકભાઈ મણીલાલ દરજી પરિવારનો આભાર માને છે અને તેઓ ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.



આવો સેવાભાવી અન્ય પરિવાર, મૂળ ગામ ઝુલાસણના અને હાલ ઝુલાસણ ગામમાં રહીને જ પ્રગતિના પંથે અગ્રેસર તેમજ આપણા સમાજ, અન્ય સમાજ અને ધાર્મિક કાર્યોમાં અગ્રેસર એવા શ્રી રાજેન્દ્રભાઈ શાંતિલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગોદાવરીબેન રાજેન્દ્રકુમાર દરજી પરિવાર છે. કેળવણી મંડળની ટહેલ પર સમાજના બાળકોને નિઃશુલ્ક આપવામાં આવતી નોટબુક સહાયમાં આ પરિવાર તરફ થી રૂા.૧૧,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત દરજી સમાજ વતી શ્રી રાજેન્દ્રભાઈ શાંતિલાલ દરજી પરિવારનો આભાર માને છે. અને તેઓ ભવિષ્યમા ખૂબ પ્રગતિ કરે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું ગૌરવ**
**મૂળ ગામ કોબાના શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી અને પરિવારના અન્ય બે સદસ્યોને અમેરિકાના ગ્રીનકાર્ડ મેળવવા બદલ હાર્દિક શુભેચ્છાઓ**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના મૂળ વાવોલ/નવાકોબા ગામના અને હાલ જી-૧૩૦૨,માલાબાર કાઉન્ટી-૨,વૈષ્ણોદેવી સર્કલ,ત્રાગડ,અમદાવાદ, મુકામે રહેતા અને સમાજ સેવામાં હંમેશા અગ્રેસર રહેતા સ્વ.નટવરલાલ બબાભાઈ દરજી અને સ્વ.જશોદાબેન નટવરલાલ દરજી પરિવારના સૌથી મોટા સુપુત્ર એવા ભાઈશ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી અને પુત્રવધૂ અ.સૌ.પરેશાબેન અમૃતભાઈ દરજી અને પ્રપૌત્રવધૂ અને શ્રી કૌશિકભાઈ કાંતિલાલ દરજી ના દીકરી અ.સૌ. ક્રિનલ રવિભાઈ દરજી મે-૨૦૨૪ માં પરમેનેન્ટ રેસીડેન્ટ (ગ્રીન કાર્ડ) મેળવી અમેરિકા - હ્યુસ્ટન સ્ટેટ-ટેક્સાસ મુકામે સ્થાયી થયેલ હોવાની જાણકારીથી સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ હર્ષ અને આનંદની લાગણી અનુભવે છે.

આ શુભ પ્રસંગે આપણે સૌ શ્રી અમૃતભાઈના જીવન વિશે જાણીશું શ્રી અમૃતભાઈનો જન્મ તારીખ : ૦૬/૧૦/૧૯૬૯ ના રોજ કોબા-ગાંધીનગર મુકામે થયેલ, ત્યારબાદ તેમણે તેમના યુવાની અવસ્થામાં Bsc-Chemistry સુધીનો અભ્યાસ કરી Chemist તરીકે લિંકન ફાર્માસ્યુટિકલ, નરોડા,અમદાવાદ, મુકામે સૌ પ્રથમ નોકરી શરૂ કરી અને ત્યારબાદ વિવિધ પ્રતિષ્ઠિત ફાર્માસ્યુટિકલ કંપનીઓ જેવીકે, ઝાયડસ કેડીલા ફાર્માસ્યુટિકલ, સન ફાર્માસ્યુટિકલ વોકાર્ડ ફાર્માસ્યુટિકલ, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ, નામની વિવિધ કંપનીઓમાં ઉત્તરો ઉત્તર પ્રગતિ સાથે ફરજ બજાવી અને છેલ્લે ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ-મટોડામાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે બઢતી મેળવી ફરજ બજાવી ત્યારબાદ પોતાની માલિકી હેઠળ ક્વોલિટી કંટ્રોલ સર્વિસિસ કન્સલ્ટન્સીનો વ્યવસાય શરૂ કર્યો અને ઉતરો ઉતર પ્રગતિ કરી આ દરમ્યાન તારીખ ૧૬/૦૫/૧૯૯૩ના રોજ રાણીપ નિવાસી સ્વ. રામુભાઇ મફતભાઇ અને ગં.સ્વ.મંજુલાબેન રામુભાઇના લાડકી દીકરી પરેશાબેન સાથે લગ્ન કરી પોતાના વૈવાહિક જીવનનો પ્રારંભ કર્યો, ત્યારબાદ તેમના આ લગ્નજીવન દરમિયાન ભગવાનના આશીર્વાદ રૂપે બે આદર્શ સંતાનો રવિ અમૃતભાઈ અને કૃણાલ અમૃતભાઈનો જન્મ થયો અને આ બંને સંતાનોને નાનપણથી જ તેમણે પોતાના પરિવારથી વારસામાં મળેલા સંસ્કારોનું સિંચન કરી ઉચ્ચ

શિક્ષણ આપી અને બંને સંતાનોના જીવનને ઉત્તમ ભવિષ્ય આપ્યું અને સાથે સાથે આ બંને સંતાનોના સારા સુ-શિક્ષિત અને ઉચ્ચ પરિવારોમાં લગ્ન કરાવ્યા જેમાં શ્રી રવિ અમૃતભાઈ કે જેઓ હાલમાં અમેરિકામાં જ હુસ્ટન મુકામે સીટીઝન શીપ મેળવી ત્યાં સ્થાયી થયા છે તેમના લગ્ન આપણા સમાજના ઉચ્ચ સમાજસેવી અને પ્રખર બ્રહ્મકુમારી પરિવારમાં સેવા આપનાર મૂળ ગામ છત્રાલ અને હાલ સાયન્સ સીટી મુકામે રહેતા શ્રી કૌશિકભાઈ કાંતિલાલ દરજી અને અ.સૌ. મનિષાબેન કૌશિકભાઈ દરજીના લાડકી દીકરી ક્રિનલ સાથે કરાવ્યા ત્યારબાદ ગયા વર્ષે તેમના બીજા દીકરા ડોક્ટર કૃણાલ કે જેઓ એક ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટર તરીકે હાલમાં પોતાની પ્રાઈવેટ પ્રેક્ટિસ કરે છે તેના લગ્ન લોદરા નિવાસી શ્રી મનીષકુમાર ગોકળદાસ પ્રજાપતિ અને અ.સૌ. શીતલબેન મનીષભાઈ પ્રજાપતિના લાડકી દીકરી કોમલબેન સાથે કરાવ્યા અને આ દંપતીએ પોતાના ૩૧ વર્ષના લગ્નગાળા દરમિયાન ખૂબ જ મહેનત કરીને જીવનમાં પોતાના પરિવાર માટે કંઈક અલગ કરી છૂટવાની પ્રબળ ભાવના સહ પોતાના પુત્ર સાથે અમેરિકા સ્થાયી થવાનો નિર્ણય લીધો અને તેમના સુપુત્ર શ્રી રવિ અમૃતભાઈએ પોતાના પરિવારને અમેરિકામાં સ્થાયી કરવાના હેતુસર પોતાના પિતાશ્રી અમૃતભાઈ માતૃશ્રી પરેશાબેન અને પત્ની અ.સૌ. ક્રિનલબેનના પરમેનેન્ટ રેસિડેન્ટ કમ ગ્રીનકાર્ડ માટેની તમામ પ્રોસિજર કરી અને શ્રી.અમૃતભાઈએ પોતાના તેમજ પોતાના ધર્મપત્ની પરેશાબેન અને પુત્રવધૂ ક્રિનલબેન માટે અમેરિકા મુકામે વિઝા માટે અરજી કરી અને ભગવાને તેમના આ નિર્ણયમાં તેમનો સાથ આપ્યો અને તેઓને તેમના સહ પરિવારના અમેરિકાના પરમેનેન્ટ રેસીડેન્સી(ગ્રીનકાર્ડ) મળી ગયા, જેથી તેઓ તા-૨૯/૦૫/૨૦૨૪ ના રોજ અમેરિકા મુકામે જવા માટે પ્રયાણ કરેલ.

સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના હોદ્દેદારો તરીકે અમો હાર્દિક પ્રસન્નતા અનુભવીએ છીએ કે, શ્રી અમૃતભાઈ અને તેમના પરિવારને અમેરિકન સરકાર વતી પરમેનેન્ટ રેસીડેન્સી(ગ્રીનકાર્ડ) આપેલ છે. તેથી શ્રી અમૃતભાઈ, ધર્મપત્ની પરેશાબેન અને પુત્રવધૂ ક્રિનલબેન સાથે અમેરિકાના હ્યુસ્ટન સ્ટેટ - ટેક્સાસ મુકામે જઈને કાર્યરત થવાના છે, તે જાણીને કેળવણી મંડળ તેમના આ નવીન સાહસ માટે આ સાથે અભિનંદન પણ આપે છે. આપણી એક ગુજરાતી કહેવત છે કે ‘‘સિદ્ધિ એને વરે જે પરસેવે ન્હાય’’ તે કહેવત ને ભાઈશ્રી અમૃતભાઈએ ખરેખર સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે. તેમણે અને તેમના ધર્મપત્નીએ પોતાના જીવનમાં ઘણા સંઘર્ષોનો સામનો કર્યો અને ખુબ જ મહેનત કરીને પોતાના પરિવારને આગળ લાવ્યા. પોતાના બંને સંતાનોને પણ દરેક કાર્યમાં આગળ વધારીને તેમના પણ જીવન પણ સાર્થક કરી રહેલ છે.

અમો શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના સભ્યો તરીકે ભાઈશ્રી અમૃતભાઈના આ નિર્ણયને અમે સૌ બિરદાવીયે છીએ.અને પરમેનેન્ટ રેસીડેન્સી (ગ્રીનકાર્ડ) અર્થે તેમના વિદેશગમન ની આ અણમોલ ઘડીએ સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ ભાઈશ્રી અમૃતભાઈ નટવરલાલ, અ.સૌ.પરેશાબેન અમૃતભાઈ, તેમના દીકરાઓ શ્રી રવિ અમૃતભાઈ, ડૉ. કૃણાલ અમૃતભાઈ, પુત્રવધૂઓ અ.સૌ.ક્રિનલબેન રવિભાઈ, અ.સૌ. કોમલબેન કૃણાલભાઈ તેમના ભાઈશ્રી શૈલેષભાઈ નટવરલાલ અને અ.સૌ.પાયલબેન શૈલેષભાઈ, ગં.સ્વ.ડિમ્પલબેન મહેશભાઈ કાકા શ્રી શંભુભાઈ બબલદાસ તેમજ સમસ્ત બબાભાઈ મોતીરામ પરિવાર, વેવાઇ શ્રી કૌશિકભાઈ કાંતિલાલ પરિવાર, તેમજ સમગ્ર પરિવારને હાર્દિક અભિનંદન પાઠવે છે અને તેઓશ્રી પોતાના જીવનમાં સફળતાના ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરે તેવી ભગવાનને પ્રાર્થના કરવામાં આવે છે.

**આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ પ્રગતિના પંથે**
**મૂળગામ ચાંદખેડાના અને હાલ રાણીપ મુકામે રહેતા**
**શ્રી નિલેશભાઈ કનુભાઇ દરજીના લાડકા દીકરા**
**ચિ. દેવ એ ઉચ્ચાભ્યાસર્થે અમેરીકા મુકામે પ્રયાણ કર્યું**





क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે. વ્યક્તિએ એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જ્ઞાન મેળવવું જોઈએ અને દરેક કણ બચાવીને સંપત્તિ એકઠી કરવી જોઈએ ક્ષણો વેડફનાર માટે જ્ઞાન ક્યાં છે અને દરેક કણને નાનું ગણનાર માટે સંપત્તિ ક્યાં છે. આથી આજે આપણે સૌ વાત કરીએ છીએ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ ચાંદખેડાના શ્રી કનુભાઈ ગાંડાભાઈ દરજી અને શ્રીમતી સુભદ્રાબેન કનુભાઈ દરજીના પૌત્ર અને હાલ રાણીપ નિવાસી શ્રી નિલેશભાઈ કનુભાઈ દરજી અને અ.સૌ. હેતલબેન નિલેશભાઈ દરજીના લાડકા દીકરા ચિ.દેવની.

સમાજશ્રેષ્ઠી એવા શ્રી કનુભાઈ ગાંડાભાઈના પરિવારના સભ્યને શુભેચ્છા આપવા તેમના આમંત્રણ પર કેળવણી મંડળ દ્વારા તેમના નિવાસ સ્થાનની રૂબરૂ મુલાકાત લેવામાં આવેલ. અત્રે એ જણાવતા અમો આનંદ અનુભવીએ છીએ કે, સમાજમાં આ પરિવારનું એક સન્માનીય સ્થાન છે. આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈ શ્રી કનુભાઈ ગાંડાભાઈને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈપણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જ્યારે પણ દાનની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ ચિ.દેવ વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

આપણે સૌ શ્રી કનુભાઈ ગાંડાભાઈના પૌત્ર એટલે કે, તેમના સુપુત્ર ભાઈશ્રી નિલેષભાઈના સુપુત્ર એવા ચિ.દેવ ના જીવન વિષે જાણીશું. ભાઈશ્રી નિલેષભાઈ અને તેમના ધર્મપત્ની અ.સૌ.હેતલબેન ને સંતાનોમાં એક દીકરો ચિ.દેવ છે. ભાઈશ્રી નિલેષભાઇ અને હેતલબેને પોતાના દીકરા દેવ ના અભ્યાસને લઈને આજીવન ખુબજ પરિશ્રમ કરી અને તેનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવીમાં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઈને ચિ.દેવ વિદ્યાક્ષેત્રે ખુબજ આગળ છે.

ભાઈશ્રી નિલેષભાઈ અને હેતલબેનના સુપુત્ર એવા ચિ.દેવ ના જીવન વિષે જાણીએ તો ચિ. દેવનો જન્મ તા.-૦૫/૦૩/૨૦૦૩ ના રોજ અમદાવાદ મુકામે થયો. ચિ.દેવ નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતો.આથી સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૮ માં આપી અને તેમાં ૭૦% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં ધોરણ બાર કોમર્સની પરીક્ષા પણ ૭૦% ગુણ સાથે પાસ કર્યા બાદ તેને નવગુજરાત કોલેજ આશ્રમ રોડ ખાતેથી વર્ષ-૨૦૨૩ માં બેચલર ઓફ કોમર્સ (બી.કોમ.) ની ડિગ્રી મેળવી ત્યારબાદ ચિ.દેવ પોતાના માતા-પિતા, દાદા-દાદી તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને વર્ષ-૨૦૨૩ માં IELTS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી.આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દિકરાને તેના પિતાશ્રી નિલેષભાઇ અને માતા હેતલબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી. અને ત્યારબાદ યુ.એસ.એ. ના ફેરફીલ્ડ, કનેક્ટિકટ, ન્યુયોર્ક, મુકામે આવેલ સ્કેર્ડ હાર્ટ યુનિવેર્સિટીમાં માસ્ટર ડીગ્રી માટે એમ.એસ. બિઝનેસ એનાલિટીક્સના અભ્યાસ માટે વિઝા અરજી કરી. અને બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે યુ.એસ.એ. સરકાર દ્વારા તેમને પાંચ વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા.આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ દાદા-દાદી અને માતા-પિતા દ્વારા મળેલ સંસ્કારોથી અને સાથે સાથે તેની પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવી માં ની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

આ સાથે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ.દેવ ને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. તેમજ આ સાથે ભાઈશ્રી નિલેષભાઇ અને તેમના ધર્મપત્ની અ.સૌ.હેતલબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ચિ. દેવ ને અભિનંદન આપવામાં આવે છે સાથે સાથે તેમના માતા-પિતા ભાઈશ્રી નિલેષભાઇ કનુભાઇ દરજી અને તેમના ધર્મપત્ની અ.સૌ.હેતલબેન નિલેષભાઇ દરજી દાદા-દાદી શ્રી કનુભાઈ ગાંડાભાઈ દરજી અને શ્રીમતી સુભદ્રાબેન કનુભાઈ દરજી નાના-નાની સ્વ. રામુભાઈ મફતલાલ દરજી અને ગં.સ્વ. મંજુલાબેન રામુભાઈ દરજી અને તેમના સમસ્ત પરિવારને શુભકામનાઓ આપવામાં આવે છે અને ચિ.દેવ ભવિષ્યમાં તેમના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજનું એક અન્ય ભવિષ્ય રત્ન
## ચિ. ધ્રુવિકનું ઉચ્ચાભ્યાસર્થે અમેરિકા પ્રયાણ



एके नाषप सुवृक्षे पुष्पतेन सुगषतधना।
वाषसतं तिनं सवगम् सुपुत्रे कुलं यथा॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે,એક સુંદર પુષ્પ આખા ઝાડને સુગંધથી મઘમઘતું કરી દે છે. એવી જ રીતે એક સુપુત્રથી આખા કુટુંબનું નામ રોશન થઈ જાય છે. આથી આજે આપણે વાત કરીએ છીએ,શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ હાલીસાના અને હાલ નરોડા નિવાસી અને સમાજ સેવામાં હંમેશા અગ્રેસર એવા શ્રી પ્રવિણભાઈ પોપટલાલના ભત્રીજા અને સ્વ.પોપટલાલ હરિલાલ દરજી અને ગં.સ્વ. મધુબેન પોપટલાલ દરજીના પૌત્ર અને ભાઈશ્રી મહેન્દ્રકુમાર પોપટલાલ દરજી અને શ્રીમતી જલ્પાબેન મહેન્દ્રકુમાર દરજીના લાડકા દીકરા ચિ. ધ્રુવિકની.

સમાજ શ્રેષ્ઠી એવા શ્રી મહેન્દ્રકુમાર પોપટલાલના પરિવારના સભ્યને શુભેચ્છા આપવા જયારે આપણે સૌ ભેગા થયેલ છે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં શ્રી મહેન્દ્રકુમાર પોપટલાલના પરિવારનું એક સન્માનીય સ્થાન છે. આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈશ્રી મહેન્દ્રકુમાર પોપટલાલને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈપણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ. ચિ. ધ્રુવિક વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

અત્રે આપણે સૌ સ્વ. શ્રી પોપટલાલ હરિલાલના પૌત્ર એટલેકે, તેમના સુપુત્ર ભાઈશ્રી મહેન્દ્રકુમારના સુપુત્ર એવા ચી. ધ્રુવિકના જીવન વિષે જાણીશું. ભાઈશ્રી મહેન્દ્રકુમાર અને તેમના ધર્મપત્ની શ્રીમતી જલ્પાબેનને સંતાનોમાં એક દીકરો ચી.ધ્રુવિક છે.

ભાઈશ્રી મહેન્દ્રકુમાર અને જલ્પાબેને પોતાના દીકરા ધ્રુવિકના અભ્યાસને લઈને આજીવન દરજીકામના વ્યવસાયમાં ખુબજ મહેનત

કરી અને તેનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવી માં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઇને આ પરિવાર વિદ્યા ક્ષેત્રે ખુબજ આગળ છે.

ભાઈશ્રી મહેન્દ્રકુમાર અને જલ્પાબેનના સુપુત્ર એવા ચી.ધ્રુવિકના જીવન વિષે જાણીએ તો ચિ.ધ્રુવિકનો જન્મ તા.-૦૯/૦૨/૨૦૦૨ના રોજ પાદરા, વડોદરા મુકામે થયો. ચી.ધ્રુવિક નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતો. આથી સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ૨૦૧૭માં આપી અને તેમાં ૮૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં ધોરણ બાર કોમર્સની પરીક્ષા પણ ૬૨% ગુણ સાથે પાસ કર્યા બાદ કલોલ ખાતે આવેલ આલ્ફા કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનીલોજી ખાતેથી બેચલર ઓફ કોમ્પુટર એન્જીનીયરની ડિગ્રી મેળવી ત્યારબાદ ચિ. ધ્રુવીકે પોતાના માતા-પિતા, દાદી તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઇને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને વર્ષ-૨૦૨૩માં ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી.અને સાથે સાથે Duolingoની પરીક્ષા ૧૬૦ માંથી ૧૩૫ માર્કસના સ્કોર સાથે પાસ કરી, આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને તેના પિતાશ્રી મહેન્દ્રકુમાર અને માતા શ્રીમતી આશાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી. અને ત્યારબાદ યુ.એસ.એ. ના બ્રુક્લીન, ન્યુયોર્ક મુકામે આવેલ લોંગ આઈલેન્ડ યુનિવેર્સિટીમાં માસ્ટર ડીગ્રી માટે માસ્ટર ઓફ કોમ્પ્યુટર સાયન્સના અભ્યાસ માટે વિઝા અરજી કરી. અને બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે યુ.એસ.એ. સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા માસ્ટર ડિગ્રી માટે અને ૩ વર્ષના વિઝા Cpt/Opt માટે એમ કુલ પાંચ વર્ષના વિઝા આપવામાં આવ્યા.આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ દાદા-દાદી અને માતા-પિતા દ્વારા મળેલ સંસ્કારોથી અને સાથે સાથે તેની, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવીમાંની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

આ સાથે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચી.ધ્રુવિકને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. તેમજ આ સાથે ભાઈશ્રી મહેન્દ્રકુમાર અને તેમના ધર્મપત્ની શ્રીમતી જલ્પાબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણ ને સલામ છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ચિ. ધ્રુવિકને અભિનંદન આપવામાં આવે છે સાથે સાથે તેમના માતા-પિતા મહેન્દ્રકુમાર પોપટલાલ દરજી અને શ્રીમતી જલ્પાબેન મહેન્દ્રકુમાર દરજી, દાદા-દાદી સ્વ. શ્રી પોપટલાલ હરિદાસ દરજી અને ગં.સ્વ. મધુબેન પોપટલાલ દરજી, નાના-નાની સ્વ.રમેશભાઈ મણિલાલ દરજી - ગં.સ્વ. મંજુલાબેન રમેશભાઈ દરજી અને તેમના સમસ્ત પરિવારને શુભકામનાઓ આપવામાં આવે છે અને ચી. ધ્રુવિક ભવિષ્યમાં પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજનો અન્ય એક પ્રતિભાશાળી અને બાહોશ વિદ્યાર્થી કોબા નિવાસી શ્રી રાજેશભાઈ ધનાભાઇ દરજીનો સુપુત્ર ચિ. મીત ઉચ્ચાભ્યાસર્થે કેનેડા સ્થાયી થયા



न चोरहार्यं न च राजहार्यं न भ्रातृभाज्यं न च भारकारी।
व्यये कृते वर्धते एव नित्यं विद्याधनं सर्वधन प्रधानम्।।

આ સંસ્કૃત શ્લોક નો અર્થ છે કે વિદ્યારૂપી ધન કોઈ ચોરી શકતું નથી, રાજા એને લઇ નથી શકતો, ભાઈઓ તેનો ભાગ પડાવી શકતા નથી, આ એક ભાર નથી અને ખર્ચો કરવાથી વધે છે વાસ્તવમાં શિક્ષા જ આ દુનિયામાં ખરું ધન છે. આજે આપણે વાત કરીએ છીએ, શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલના અને હાલ કોબા નિવાસી અને સમાજ સેવામાં હમેશા અગ્રેસર એવા ભાઈશ્રી રાજેશભાઈ ધનાભાઇ દરજી અને શ્રીમતી અલ્પાબેન રાજેશભાઈ દરજીના લાડકા દીકરા ચિ. મીતની.

સમાજશ્રેષ્ઠી એવા સ્વ. ધનાભાઇ બબાભાઈના પરિવારના તમામ સભ્યોને અત્રે શુભેચ્છા આપવામાં આવે છે. સ્વ. ધનાભાઇ પરિવારની સમાજ સેવા અને સમાજના લોકો પ્રત્યેનું તેમનું જે યોગદાન છે તે યાદ નહિ કરીએ તો અશોભનીય લાગશે. સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ. ધનાભાઇ બબાભાઈ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. સ્વ. ધનાભાઇનો સમાજ સેવાનો વારસો હાલ પણ તેમના ભાઈશ્રી શંભુભાઈ અને પુત્રશ્રી રાજેશભાઈએ જાળવી રાખ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈપણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ. ચિ.મીત વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

શ્રી રાજેશભાઈ ધનાભાઇ અને શ્રીમતી અલ્પાબેન રાજેશભાઈને ચિ. મીત અને કુ. માનસી એમ બે જોડિયા સંતાન છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તેમની દીકરી કુ. માનસી પણ ઉચ્ચાભ્યાસને વરેલ છે અને Bsc. નો અભ્યાસ પૂર્ણ કરેલ છે પરંતુ આજે વાત છે, શ્રી રાજેશભાઈ અને શ્રીમતી અલ્પાબેનના લાડકા દીકરા ચિ.મીત ની, મીત નો જન્મ તા. ૨૦/૦૮/૨૦૦૧ ના રોજ કલોલ મુકામે થયેલ અને હાલ

પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ કોબા ગામ મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે.અને નાનપણથી જ મિત અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો. સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૬ માં આપી અને તેમાં ૭૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૮ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૭૩% ગુણ સાથે પાસ કરી. ત્યારબાદ CA - INTER નો અભ્યાસ કરીને પોતાના અભ્યાસ અનુસાર પ્રાઇવેટ પેઢીમાં જોબ પર લાગ્યો અને છેલ્લે તા.૧૧.૦૫.૨૦૨૩ ના રોજ ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઈશ્રી રાજેશભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી અલ્પાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી.

અત્રે કેળવણી મંડળના હોદ્દેદારો તરીકે અમે ગર્વ અનુભવીએ છીએ કે, આપણા સમાજની નવી પેઢી શિક્ષણ પ્રત્યે ખુબ સજાગ છે છેલ્લા એક બે વર્ષમાં આપણા સમાજના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચાભ્યાસાર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગૌરવની વાત છે. ચિ. મીત ને ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે ઉચ્ચાભ્યાસાર્થે કેનેડા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને કેનેડાના ઓન્ટારિયોમાં આવેલ પ્રસિદ્ધ લેમ્બટન કોલેજમાં ફાયનાન્સીયલ ઇન્વેસ્ટીગેશન એન્ડ કમ્પ્લાયન્સ – ફોરેન્સીક ઓડીટીંગના અઢી વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને અઢી વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા અને ત્યારબાદ અભ્યાસ પૂર્ણ કરે ત્રણ વર્ષની વર્ક પરમીટના વિઝા આપવામાં આવશે. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતાપિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવી શ્રી મહાકાળી માં ની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

આ સાથે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ. મીતને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. શ્રી રાજેશભાઈ અને શ્રીમતી અલ્પાબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓશ્રી એ સમાજના અન્ય દીકરાઓના માતાપિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદનને પાત્ર છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફ થી ચિ. મીતને અભિનંદન આપવામાં આવે છે સાથે સાથે તેમના માતા-પિતા શ્રી રાજેશભાઈ ધનાભાઇ દરજી - અલ્પાબેન રાજેશભાઈ દરજી, દાદા-દાદી સ્વ. ધનાભાઇ બબાભાઈ દરજી - ગં.સ્વ. કાંતાબેન ધનાભાઇ દરજી, નાના-નાની સ્વ. બાબુભાઈ શકરાભાઈ દરજી- ગં.સ્વ. મંજુલાબેન બાબુભાઈ દરજી અને તેમના સમસ્ત પરિવારને શુભકામનાઓ આપવામાં આવે છે અને ચિ. મીત ભવિષ્યમાં પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**કોબા ગામના સ્વ. નટવરલાલ બબલદાસ દરજી પરિવારના અન્ય એક સદસ્યને ઉચ્ચ અભ્યાસઅર્થે યુ.એસ.એ. ના વિઝા મેળવવા બદલ શુભેચ્છાઓ**





क्षणशः कणशश्चैव विद्यामर्थं च साधयेत् ।
क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે, વ્યક્તિએ એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જ્ઞાન મેળવવું જોઈએ અને દરેક કણ બચાવીને સંપત્તિ એકઠી કરવી જોઈએ. ક્ષણો વેડફનાર માટે જ્ઞાન ક્યાં છે અને દરેક કણને નાનું ગણનાર માટે સંપત્તિ ક્યાં છે આથી આજે આપણે સૌ વાત કરીએ છીએ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ નવા કોબાના સ્વ.નટવરલાલ બબાભાઈ દરજી અને સ્વ.જશોદાબેન નટવરલાલ દરજીના પૌત્ર અને હાલ ગોતા નિવાસી સ્વ. મહેશભાઈ નટવરલાલ દરજી અને ગં.સ્વ. ડીમ્પલબેન મહેશભાઈ દરજીના લાડકા દીકરા ચિ.યશની.

સમાજ શ્રેષ્ઠી એવા સ્વ.નટવરલાલ બબાભાઈના પરિવારના સભ્યને શુભેચ્છા આપતા અમે આનંદ અનુભવીએ છીએ કે, સમાજમાં આ પરિવારનું એક સન્માનીય સ્થાન છે. આપણા સમાજની દરેક વ્યક્તિ સ્વ. નટવરલાલ બબાભાઈને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈપણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ. ચિ.યશ વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

અત્રે આપણે સૌ સ્વ. નટવરલાલ બબાભાઈના પૌત્ર એટલે કે, તેમના બીજા નંબરના સુપુત્ર સ્વ. મહેશભાઈ નટવરલાલના સુપુત્ર એવા ચિ.યશ ના જીવન વિષે જાણીશું. ભાઈ સ્વ.મહેશભાઈ અને તેમના ધર્મપત્ની ગં.સ્વ. ડીમ્પલબેનને સંતાનોમાં એક દીકરો ચિ.યશ અને એક દીકરી કુ. પ્રિયંકા છે. ભાઈ સ્વ. મહેશભાઈ અને ગં.સ્વ. ડીમ્પલબેને પોતાના દીકરા યશ ના અભ્યાસને લઇને આજીવન ખુબજ પરિશ્રમ કરી અને તેનામાં ઉચ્ચ સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવીમાં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઇને ચિ.યશ વિદ્યાક્ષેત્રે ખુબજ આગળ છે.ચિ.યશ ના જીવન વિષે આપણે

જાણીએ તો ચિ.યશ નો જન્મ તા.-૨૭/૦૨/૨૦૦૦ ના રોજ અમદાવાદ મુકામે થયો. ચિ.યશ નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતો.

આથી સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૫ માં આપી અને તેમાં ૭૭% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૭ માં ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષા પણ ૬૫% ગુણ સાથે પાસ કર્યા બાદ તેણે પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજ શાયોના સર્કલ અમદાવાદ ખાતેથી વર્ષ-૨૦૨૧ માં B.Sc. (Microbiology) ની ડિગ્રી મેળવી પરંતુ કોલેજના આ સમય દરમ્યાન તા-૦૯/૦૨/૨૦૨૧ ના રોજ કુદરતી રીતે તેમના સમગ્ર પરિવારે એક મોભી શ્રી મહેશભાઈની છત્રછાયા ગુમાવી પરંતુ આવી વિકટ પરિસ્થિતીમાં પણ આ દીકરાએ પોતાની જવાબદારી સમજી કોલેજ પૂર્ણ કર્યા બાદ લિંકન ફાર્માસ્યુટિકલ - ખાત્રજ ખાતે જુનિયર ઓફિસર તરીકે નોકરી મેળવી. પરંતુ સાથ-સાથે પોતાના તેમજ પોતાના માતા-બહેન તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિંમતભર્યો નિર્ણય લીધો અને જાન્યુઆરી વર્ષ-૨૦૨૪ માં ILETS ની પરીક્ષા ૫.૫ બેન્ડ સાથે પાસ કરી અને ત્યારબાદ માર્ચ-૨૦૨૪ માં ૯૫% સ્કોર સાથે Diolingo ની પરીક્ષા પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને તેના માતા ગં.સ્વ.ડીમ્પલબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી. અને ત્યારબાદ યુ.એસ.એ. ના ઓહાયો સ્ટેટ ખાતે આવેલ ડેટન સિટી, મુકામે આવેલ યુનિવેર્સિટી ઓફ ડેટનમાં માસ્ટર ડીગ્રી માટે માસ્ટર ઇન માઇક્રોબાયોલોજીના અભ્યાસ માટે વિઝા અરજી કરી. અને તે અન્વયે યુ.એસ.એ. સરકાર દ્વારા તેમને બેવર્ષના સ્ટુડન્ટ વિઝા અને ત્રણ વર્ષના વર્કપરમિટ વિઝા એમ કુલ પાંચ વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ દાદા-દાદી અને માતા-પિતા દ્વારા મળેલ સંસ્કારો અને આશીર્વાદથી અને સાથે સાથે તેની, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમજ  તેમના કુળદેવી મહાકાળીમાંની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

આ સાથે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ.યશ ને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. તેમજ આ સાથે તેમના માતા ગં.સ્વ. ડીમ્પલબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ચિ. યશ ને અભિનંદન આપવામાં આવે છે, સાથે સાથે તેમના પિતા સ્વ. મહેશભાઈ નટવરલાલ માતા ગં.સ્વ. ડીમ્પલબેન મહેશભાઈ મોટા પપ્પા-મોટી મમ્મી શ્રી અમૃતભાઈ નટવરલાલ અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઈ, કાકા-કાકી શ્રી શૈલેષભાઈ નટવરલાલ અને શ્રીમતી પાયલબેન શૈલેષભાઈ ભાઈ-ભાભી શ્રી રવિ અમૃતભાઈ-અ.સૌ. ક્રિનલબેન રવિભાઈ, ડો કૃણાલ અમૃતભાઈ-અસૌ કોમલબેન કૃણાલભાઈ બહેનો કુ.પ્રિયંકા અને કુ.વિશ્વા નાના-નાની સ્વ.રામુભાઈ મફતલાલ અને ગંસ્વ. મંજુલાબેન રામુભાઈ દરજી તેમજ સમસ્ત નટવરલાલ બબાભાઈ પરિવારને અત્રે શુભકામનાઓ આપવામાં આવે છે અને ચિ.યશ ભવિષ્યમાં પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**સમાજનું યુવાધન પ્રગતિના પંથે**
**ચી. જૈનીશ આસુતોષ દરજી ઉચ્ચાભ્યાસર્થે**
**કેનેડા મુકામે સ્થાયી થયા**





આ સંસ્કૃત શ્લોક નો અર્થ એ છે કે,વ્યક્તિએ એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જ્ઞાન મેળવવું જોઈએ અને દરેક કણ બચાવીને સંપત્તિ એકઠી કરવી જોઈએ. ક્ષણો વેડફનાર માટે જ્ઞાન ક્યાં છે અને દરેક કણને નાનું ગણનાર માટે સંપત્તિ ક્યાં છે? આથી આજે આપણે વાત કરીએ છીએ. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ જહાંગીરપુરા/વડુ ના અને હાલ ઘાટલોડીયા નિવાસી અને સમાજસેવામાં હમેશા અગ્રેસર એવા શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ ના ભાણેજ અને શ્રી હસમુખભાઇ પુરષોતમદાસ દરજી અને સ્વ.રેખાબેન હસમુખભાઇ દરજીના પૌત્ર અને ભાઈશ્રી આસુતોષભાઇ હસમુખભાઇ દરજી અને અ.સૌ. પુજાબેન આસુતોષભાઇ  દરજીના લાડકા દીકરા ચી.જેનિશની.

સમાજશ્રેષ્ઠી એવા શ્રી. હસમુખભાઇ પુરષોતમદાસના પરિવારના સભ્યને શુભેચ્છા આપતા અમો આનંદ અનુભવીએ છીએ કે, સમાજમાં આ પરિવારનું એક સન્માનીય સ્થાન છે. આપણા સમાજની દરેક વ્યક્તિ ભાઈ શ્રી હસમુખભાઇ પુરષોતમદાસને એક નિઃસ્વાર્થ અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઈપણ કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ ચી. જેનિશ વિષે વાત કરતા પહેલા અમો આ પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

આજે આપણે સૌ શ્રી હસમુખભાઇ પુરષોતમદાસના પૌત્ર એટલે કે, તેમના સુપુત્ર ભાઈશ્રી આસુતોષભાઇના સુપુત્ર એવા ચી. જેનિશના જીવન વિષે જાણીશું. ભાઈશ્રી આસુતોષભાઇ  અને તેમના ધર્મપત્ની અ.સૌ.પુજાબેન ને સંતાનોમાં એક દીકરો ચી.જેનિશ અને એક દીકરી કું. રીતિકા એમ કુલ બે સંતાનો છે. ભાઈશ્રી આસુતોષભાઇ અને પુજાબેને પોતાના દીકરા જેનિશના અભ્યાસને લઇને આજીવન દરજીકામના વ્યવસાયમા ખુબજ મહેનત કરી અને તેનામાં ઉચ્ચ

સંસ્કારોની સાથે સાથે ઉચ્ચ શિક્ષણનું પણ સિંચન કર્યું. જ્ઞાનની દેવીમાં સરસ્વતીની આ પરિવાર ઉપર અપાર કૃપા છે જેને લઈને આ પરિવાર વિદ્યાક્ષેત્રે ખુબજ આગળ છે.

ભાઈ શ્રી.આસુતોષભાઈ અને પુજાબેનના સુપુત્ર એવા ચી.જેનિશના જીવન વિષે જાણીયે તો ચી.જેનિશ નો જન્મ તા.- - ૧૮/૦૮/૨૦૦૫ ના રોજ અમદાવાદ મુકામે થયો. ચી.જેનિશ નાનપણથી જ અભ્યાસમાં ખુબજ તેજસ્વી હતો. આથી સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૨૧ માં આપી અને તેમાં ૮૦% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૩ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૬૦% ગુણ સાથે પાસ કર્યા બાદ ચી.જેનિશ પોતાના માતા-પિતા, દાદા તેમજ સમગ્ર પરિવારના ભવિષ્યને લક્ષ્યમાં લઈને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાનો એક હિમતભર્યો નિર્ણય લીધો અને વર્ષ-૨૦૨૩ માં ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી.આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને તેના પિતાશ્રી આસુતોષભાઈ અને માતા પુજાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી. અને ત્યારબાદ કેનેડાના રજાઈના, સાસકેચવાન, મુકામે આવેલ યુનિવર્સિટી ઓફ રજાઈનામાં ડીગ્રી માટે ડિપ્લોમા ઈન જનરલ સાયન્સના અભ્યાસ માટે વિઝા અરજી કરી. અને બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા.આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ દાદા-દાદી અને માતા-પિતા દ્વારા મળેલ સંસ્કારોથી અને સાથે સાથે તેની,પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવી માં ની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે.

આ સાથે કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો , હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચી.જેનિશને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.તેમજ આ સાથે ભાઈશ્રી આસુતોષભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પુજાબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે.

અંત માં સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ચી. જેનિશ ને અભિનંદન આપવામાં આવે છે સાથે સાથે તેમના માતા-પિતા ભાઈશ્રી આસુતોષભાઇ હસમુખભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી પુજાબેન આસુતોષભાઇ દરજી દાદા-દાદી શ્રી હસમુખભાઇ પુરષોતમદાસ દરજી અને સ્વ.રેખાબેન હસમુખભાઇ દરજી, મોટાબાપા-મોટીબા શ્રી મનીષભાઈ હસમુખભાઇ દરજી અને જયાબેન મનીષભાઈ દરજી, શ્રી વિરલભાઈ હસમુખભાઇ દરજી અને સરોજબેન વિરલભાઈ દરજી નાના-નાની સ્વ.રમણલાલ નટવરલાલ દરજી અને ગંસ્વ. લીલાબેન રમણલાલ દરજી અને તેમના સમસ્ત પરિવારને શુભકામનાઓ આપવામાં આવે છે. અને ચી. જેનિશ ભવિષ્યમાં પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજ દર્શન ૨૦૨૨ના કુટુંબ ક્રમાંક દીઠ વાર્ષિક લવાજમ ભરીને આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ પ્રત્યે કૃતજ્ઞ બનીયે :

કોઈપણ સંસ્થા હોય તેનું પીઠબળ તેની સભ્ય સંખ્યા હોય છે. શ્રી બેતાલીસ ગોળ કેળવણી મંડળ આપ સૌ સમાજના સભ્યોનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. આપણા સમાજની હાલની પરિસ્થિતિ જોઈએ તો આપણી આ કેળવણી મંડળ સંસ્થા ઈ.સ. ૧૯૮૪ માં ચાલુ કરવામાં આવી.

આ અગાઉ કેળવણી મંડળ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે સમાજના સભ્યો પાસે થી રૂા.૨૫૦/- દાનભેટ ઉઘરાવવામાં આવતી હતી તે બંધ કરીને સમાજના કેળવણી મંડળના સને ૧૯૮૪ના બંધારણની જોગવાઈ અનુસાર તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ મળેલ સાધારણ સભામાં સમાજના હાજર તમામ સદસ્યોની સર્વસંમતિથી કરેલ ઠરાવ અનુસાર સમાજના પ્રત્યેક પરિવાર દીઠ વાર્ષિક રૂા.૫૦૦/- લવાજમ લેવું તેવું ઠરાવવામાં આવેલ છે. તો કેળવણી મંડળ વતી સમાજના દરેક પરિવારને અત્રે નમ્ર વિનંતી કરવામાં આવે છે કે દર વર્ષે જાન્યુઆરી મહિનાથી માર્ચ મહિના સુધીમાં પોતાનું વાર્ષિક લવાજમ પોતાના એરિયાના કારોબારી સભ્યને પહોચતુ કરવું.

હાલમાં કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી દરેક પ્રવૃતિઓ કેળવણી વિષયક અને સામાજીક વિષયને અનુલક્ષીને પુરી કરવામાં આવે છે. આથી સમાજને ઉત્તરો ઉત્તર પ્રગતિના પંથે અગ્રેસર રાખવા આ વાર્ષિક લવાજમ સંસ્થાને દરેક પરિવાર દ્વારા સમય અનુસાર જમા કરાવે તેવી અત્રે દરેક પરિવારને નમ્ર અપીલ કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ આજીવન સભ્ય - ૨૦૨૩-૨૪

| | | | |
|---|---|---|---|
| ૧ | કેતનભાઈ મનુભાઈ | કલોલ | ૫૦૦ |
| ૨ | કિરણભાઈ મનુભાઈ | કલોલ | ૫૦૦ |
| ૩ | જયેશભાઈ પુરષોત્તમદાસ | કલોલ | ૫૦૦ |

## બેતાલીસ દિપક અંક-૧૬ માં જાહેરાત આપનાર દાતાશ્રીઓની યાદી

| | | |
|---|---|---|
| ૨૫,૦૦૦/- | સ્વ. શકરચંદ અંબાલાલ દરજી પરિવાર | આમજા |
| ૫,૦૦૦/- | મેહુલભાઈ હસમુખભાઈ ટેલર | ન્યુ રાણીપ |
| ૨,૫૦૦/- | બિપીનચંદ્ર જીવણલાલ દરજી | કલોલ |
| ૨,૫૦૦/- | અલ્પેશભાઈ ભલાભાઈ વાઘેલા | કલોલ |
| ૨,૫૦૦/- | શૈલેષભાઈ નટવરલાલ દરજી | ઘાટલોડીયા |
| ૨,૫૦૦/- | જયેશભાઈ ગિરીશભાઈ દરજી | ત્રાગડ |

## ઉનાવા મુકામે શ્રી જક્ષણી માતાજીની નીશ્રામાં તા. ૨૪-૨-૨૦૨૪ ના રોજ ભવ્ય -હવનનું આયોજન કરવામાં આવ્યું.






મૂળ ઉનાવા ગામના અને ઉનાવા અને અન્ય વસતા આપણા સમાજના અને અન્ય નવ ગામના પરિવારોની કુળદેવી શ્રી જક્ષણી માં છે. ઉનાવા ગામમાં આવેલ શ્રી જક્ષણી માતાજીના મંદિરમાં આ તમામ પરિવારો ખુબ આસ્થા ધરાવે છે. સંગઠન અને સહકારની ભાવના થકી આજના નવયુવાનોના પ્રયત્નો થકી હાલની તારીખે ઉનાવા જક્ષણી મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નવીન મંદિર બનાવવામાં આવેલ છે. નવીન મંદિર બન્યા બાદ આ વર્ષે આ નવીન મંદિર પરિસરમાં વિક્રમ સવંત ૨૦૮૦ મહાસુદ પૂનમ શનિવાર તા. ૨૪-૨-૨૦૨૪ના રોજ અતિ ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું. ભાવિક ભક્તો અને અન્ય આમંત્રિત મહેમાનોની વચ્ચે લગભગ ૬૦૦ માણસની હાજરીમાં આ અતિભવ્ય ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું. વિદ્વાન પંડિતો દ્વારા શ્લોકો, ઉચ્ચારણો અને ભાવિકોની લાગણી વચ્ચે શરુ થયેલ આ પ્રસંગ મંગલમય અને દૈદીપ્યમાન લાગતો હતો. એક પછી એક પઠન બાદ શ્રીફળ હોમવાની વિધિ, માતાજીની આરતી અને ત્યારબાદ પૂજામાં બેઠેલ તમામને વડીલોના આશીર્વાદ વગેરે અવિસ્મરણીય માંગલિક ઘટના હતી. આપણા સમાજના તમામ ભક્તો અને મૂળ ગામ ઝુંડાલ અને હાલ સાણંદ નિવાસી સ્વ. મંજુલાબેન અને સ્વ. લાલભાઈના પરિવારજનોને આટલા સરસ આયોજન બદલ તેમજ આ ધાર્મિક કાર્યમાં યથા યોગ્ય યોગદાન આપનાર તમામ ભાવિક ભક્તોને અત્રેથી અભિનંદન પાઠવવામાં આવે છે.

## વામજ મુકામે શ્રી બ્રહ્માણી માતાજીની નીશ્રામાં તા. ૧૧.૦૨.૨૦૨૪ ના રોજ આયોજીત થયેલ નવચંડી હવન



મૂળ વામજના અને વામજ અને અન્ય સ્થળે વસતા આપણા સમાજના પરિવારોની કુળદેવી બ્રહ્માણી માં છે. વામજ ગામના દરજી વાસમાં આવેલ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિરમાં આ તમામ પરિવારો ખુબ આસ્થા ધરાવે છે. સંગઠન અને સહકારની ભાવના થકી આજના નવયુવાનોના પ્રયત્નો થકી હાલની તારીખે વામજ બ્રહ્માણી મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નવીન મંદિર બનાવવામાં આવેલ છે. નવીન મંદિર બન્યા બાદ વામજ દરજી પરિવારના નેજા હેઠળ મુખ્ય આયોજકો શ્રી છનાભાઈ રણછોડભાઈ, શ્રી અશોકભાઈ છનાભાઇ, શ્રી રાજેશભાઈ માણેકલાલ, શ્રી અલ્પેશભાઈ ભલાભાઈ, શ્રી પ્રકાશભાઈ રમણલાલ, શ્રી હસમુખભાઈ બળદેવભાઈ અને અન્ય સભ્યોની મહેનતથી તા. ૧૧.૦૨.૨૦૨૪ ના રોજ એક ભવ્ય નવચંડી હવનનું આયોજન કરવામાં આવેલ.

આ વખતના હવનમાં યુવક મંડળ દ્વારા મૂળ વામજ ગામ પરિવારની હોય પરંતુ અન્ય સમાજ, ગોળ કે પરિવારમાં પરણાવેલ તમામ બહેન દીકરીઓને ખાસ આમંત્રણ આપવામાં આવેલ અને યજ્ઞના અંતમાં મૂળ ગામ આમજા / વામજ ના અને હાલ ઓસ્ટ્રેલિયા મુકામે રહેતા ભાઈ શ્રી જયેશભાઈ દશરથભાઈ દરજી અને શ્રીમતી ગાયત્રીબેન જયેશભાઈ દરજી દ્વારા અને હાલ આમજા મુકામે રહેતા શ્રી ભીખાભાઈ રામાભાઈ દરજી અને શ્રીમતી હંસાબેન ભીખાભાઈ દરજી દ્વારા વામજ પરિવારની તમામ બહેન દીકરીઓને સુંદર લ્હાણીનું વિતરણ કરવામાં આવેલ.મૂળ વામજના નીચે જણાવેલ ૧૦ દંપતીઓ પૂજા માં બેઠેલ માં બેઠેલ હતા.

| | | | |
|---|---|---|---|
| ૧ | સંજય ભોગીલાલ | કલોલ | મુખ્ય યજમાન પાટલો |
| ૨ | જીતેન્દ્રભાઈ શીવાભાઈ | ચાંદલોડિયા | યજમાન પાટલો |
| ૩ | કમલેશભાઈ કાન્તિલાલ | ઘાટલોડિયા | યજમાન પાટલો |
| ૪ | હસમુખભાઈ માણેકલાલ | થરા | યજમાન પાટલો |
| ૫ | અલ્પેશકુમાર ભલાભાઈ | કલોલ | યજમાન પાટલો |
| ૬ | અશોકભાઈ છનાભાઈ | કલોલ | યજમાન પાટલો |
| ૭ | રજનીકાન્ત સોમનાથ | કલોલ | યજમાન પાટલો |
| ૮ | ભીખાભાઈ કાનજીભાઈ | ગાંધીનગર | યજમાન પાટલો |
| ૯ | ભીખાભાઈ રામાભાઈ | આમજા | યજમાન પાટલો |
| ૧૦ | રાજેશભાઈ ગીરધરદાસ | ગાંધીનગર | યજમાન પાટલો |

વિદ્વાન પંડિતો દ્વારા શ્લોકો, ઉચ્ચારણો અને ભાવિકોની લાગણી વચ્ચે શરુ થયેલ આ પ્રસંગ મંગલમય અને દૈદીપ્યમાન લાગતો હતો. એક પછી એક પઠન બાદ શ્રીફળ હોમવા ની વિધિ, માતાજીની આરતી અને ત્યારબાદ પૂજામાં બેઠેલ તમામને વડીલોના આશીર્વાદ વગેરે અવિસ્મરણીય માંગલિક ઘટના હતી. ઉપસ્થિત તમામ ૧૦૦૦ કરતા વધુ ભાવિકો માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. સાથ સહકાર અને ધાર્મિકતાનું સુંદર ઉદાહરણ એટલે વામજ દરજી પરિવારની આ ધાર્મિક ઉજવણી.

**જ્યારે આપણે કોઈ કામ**
**કરવાની ઈચ્છા રાખીએ છીએ**
**ત્યારે શક્તિ તો એની મેળે જ આવી જાય છે.**

## મૂળ ધમાસણાના શ્રી હાર્દિક સુમનભાઈ દરજી અને અ.સો. કાજલ હાર્દિક દરજીના ઘરે પુત્રરત્નનું આગમન







શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના મૂળગામ વાવોલ/ધમાસણાના બાબુલાલ સોમનાથ દરજીના પુત્ર હાલ-ન્યુ રાણીપ મુકામે રહેતા હાલની કેળવણી મંડળના પ્રચારમંત્રી શ્રી સુમનભાઈ બાબુલાલ તથા શ્રીમતી કીર્તિબેન સુમનભાઈના સુપુત્ર. શ્રી હાર્દિક સુમનભાઈ દરજી અને અ.સૌ.કાજલ હાર્દિક દરજીના ઘરે કુળદેવી માં બહુચર અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તારીખ-૨૦/૯/૨૦૨૪ના રોજ કુળદીપક એવા પુત્ર અક્ષરનું આગમન થતા સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. કેળવણી મંડળ દ્વારા પુત્રરત્નની પ્રાપ્તી નિમીત્તે દાદા-દાદી શ્રી સુમનભાઈ બાબુલાલ-શ્રીમતી કીર્તિબેન સુમનભાઈ, અને માતા-પિતા શ્રી હાર્દિક-અ.સૌ. કાજલબેનને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને ચિ. અક્ષરના સુખી ભવિષ્યજીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

## મૂળ સોનારડાના શ્રી ઉમંગ વિપુલભાઈ દરજી અને અ.સૌ. શાલીનીબેન ઉમંગ દરજીના ઘરે ચિ. તીર્થ ના આગમનથી પરિવારમાં ઉત્સવનો માહોલ






શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના મૂળગામ સોનારડા હાલ ન્યુ રાણીપ, અમદાવાદ મુકામે રહેતા શ્રી ઉમંગભાઈ વિપુલભાઈ દરજી અને અ.સૌ. શાલિનીબેન ઉમંગભાઈ દરજી ના ઘરે તા. ૨૮-૦૩-૨૦૨૪ ના રોજ પુત્ર તીર્થનો જન્મ થયો. પરિવારના સૌથી લાડલા એવા ચિ. તીર્થનું આગમન થતા સમગ્ર પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. કેળવણી મંડળ દ્વારા પુત્રરત્નની પ્રાપ્તિ માતા-પિતા શ્રી ઉમંગભાઈ-અ.સૌ.શાલીનીબેનને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે .અને ચિ. તીર્થ ના સુખી ભવિષ્ય માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

## મૂળ ઓગણજના શ્રી સચિન દીપકભાઈ દરજી અને અ.સૌ. નેહલ સચિન દરજીના ઘરે ચિ. હિયાનના આગમનથી ખુશીનો માહોલ







શ્રીબેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ ઓગણજ અને હાલ-ચાંદલોડિયા મુકામે રહેતા હાલની કેળવણી મંડળના કારોબારી સભ્યશ્રી દિપકભાઈ ગાંડાભાઈ દરજી અને શ્રીમતી હેમલતાબેન દિપકકુમાર દરજીના સુપુત્ર શ્રી સચિનભાઈ દિપકભાઈ દરજી અને અ.સૌ.નેહલબેન સચિનભાઈ દરજીના ઘરે કુળદેવીની અસીમ કૃપાથી તારીખ-૧૩/૫/૨૦૨૪ના રોજ પુત્ર હિયાનનો જન્મ થયો.

પરિવાર ના સૌથી લાડલા એવા ચી. હિયાન નુંઆગમન થતા સમગ પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. કેળવણી મંડળ દ્વારા પુત્રરત્નની પ્રાપ્તી નિમીત્તે દાદા-દાદી શ્રી દિપકભાઈ ગાંડાભાઈ દરજી-શ્રીમતી હેમલતાબેન દિપકકુમાર દરજી નાના-નાની શ્રી સુમનભાઈ બાબુલાલ-શ્રીમતી કીર્તિબેન સુમનભાઈ અને માતા પિતા શ્રી સચિન-અ.સૌ. નેહલબેનને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને ચિ. હિયાનના સુખી ભવિષ્યજીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

## મૂળ ઝુંડાલના શ્રી જયદિપભાઇ જયંતિલાલ દરજી અને અ.સૌ. ફેનીયા જયદિપભાઇ દરજીના ઘરે કું. પાશ્વીના આગમનથી ખુશીનો માહોલ







શ્રીબેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ ઝુંડાલ અને હાલ-નિર્ણયનગર મુકામે રહેતા શ્રી જયંતિભાઈ બાબુલાલ દરજી અને શ્રીમતી પ્રેમિલાબેન જયંતિભાઇ દરજીના સુપુત્ર શ્રી જયદિપભાઈ જયંતિભાઈ દરજી અને અ.સૌ.ફેનીયાબેન જયદિપભાઇ દરજીના ઘરે કુળદેવી શ્રી બહુચર માતાજી ની અસીમ કૃપાથી તારીખ-૨૮-૧૦-૨૦૨૪ના રોજ લક્ષ્મીરૂપી પુત્રી કું. પાશ્વી નો જન્મ થયો.

પરિવારમાં કુ. પાશ્વીનું આગમન થતા સમગ પરિવારમાં હર્ષોલ્લાસની લાગણી જન્મી છે. કેળવણી મંડળ દ્વારા પુત્રી રત્નની પ્રાપ્તી નિમીત્તે દાદા-દાદી શ્રી જયંતિભાઇ બાબુલાલ દરજી અને શ્રીમતી પ્રેમિલાબેન જયંતિભાઇ દરજી નાના-નાની શ્રી સતિષભાઈ લાલદાસ-શ્રીમતી હેમલતાબેન સતીષભાઈ અને માતા પિતા શ્રી જયદિપ-અ.સૌ. ફેનીયાબેનને આ તબક્કે અભિનંદન આપવામાં આવે છે અને કું. પાશ્વીના સુખી ભવિષ્યજીવન માટે શુભકામનાઓ આપવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું ગૌરવ
## "ધગસ હોય તો કશું અશક્ય નથી"
## કહેવતને ચરિતાર્થ કરતી સમાજની દીકરી કુ. ધ્રુમી સચીનભાઈ દરજી






ધગસ હોય તો કશું જ અશક્ય નથી'' ગુજરાતી કહેવતને સાર્થક કરતી આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની દીકરી એવા કુ.ધ્રુમી સચીનભાઈ દરજી વિષે જણાવતા હર્ષની લાગણી જન્મે છે. મૂળગામ ઝુંડાલના અને હાલ ઠાસરા મુકામે રહેતા શ્રી સચિનભાઈ ગોવિંદલાલ દરજી અને શ્રીમતી તેજલબેન સચિનભાઈ દરજીની સુપુત્રી કુ. ધ્રુમી અભ્યાસ ક્ષેત્રે ખુબ હોંશિયાર છે. તેના માતા-પિતાએ તેને અભ્યાસ માટે ખુબ પ્રોત્સાહિત કરેલ છે અને જરૂરી તમામ સગવડો પૂરી પાડેલ છે. કુ. ધ્રુમી એ હાલમાં જ લેવાયેલ વર્ષ ૨૦૨૩-૨૪ ની ધોરણ-૧૨ની પરીક્ષા ૮૬.૮૭% ગુણ સાથે પાસ કરીને સમગ્ર તાલુકામાં ટોપ-૧ બનેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કુ.ધ્રુમી એ વર્ષ ૨૦૨૧-૨૨ની ધોરણ ૧૦ ની પરીક્ષા ૯૫% ગુણ અને ૯૯.૭૮ PARSENTAIL સાથે પાસ કરીને સમગ્ર નડિયાદ તાલુકા માં ટોપ બનેલ આ ઉપરાંત કુ. ધ્રુમી એ ધોરણ-૯ની પરીક્ષા પણ ૮૯% સાથે પાસ કરેલ છે. કુ. ધ્રુમી અભ્યાસ ક્ષેત્રે ખુબ ઉજ્જવળ કારકિર્દી ધરાવે છે અને તે પોતાના ભવિષ્યમાં ઉચ્ચ શિક્ષણ મેળવીને પોતાના માતા-પિતા અને સમાજનું નામ રોશન કરે તેવી લાગણી અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

કુ.ધ્રુમી એક જીવંત ઉદાહરણ છે કે, સખ્ત મહેનત અને પરિવર્તનની અદમ્ય ઈચ્છાથી તમે જીવનનું કોઈપણ બહાનું અને ભયને દુર કરી શકો છો. ગુજરાતી કહેવત "મન હોય તો માળવે જવાય" ને અનુલક્ષીને કુ.ધ્રુમી એ સમસ્ત તાલુકામાં દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં પહેલો નંબર મેળવીને પોતાના કાર્યસ્થળ, પોતાના માતા-પિતા અને સમાજનું નામ રોશન કર્યું. કુ.ધ્રુમીએ કોઈપણ પ્રકારની ઉચ્ચ / વિશીષ્ટ સગવડો ના હોવા છતાં માત્ર પોતાની હોશીયારી અને ધગશથી આ સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

અલબત્ત, માતા શ્રીમતી તેજલબેન અને પિતા શ્રી સચીનભાઈ તરફથી મળેલ પ્રોત્સાહને પણ "ઝાડના વિકાસમાં રહેલ મુળિયા" જેવો ભાગ ભજવેલ છે. આપણે સૌ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમગ્ર સમાજ વતી કુ. ધ્રુમી ને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ. અને હજુ પણ ભવિષ્યમાં આગવી સિધ્ધિઓ થકી આપણા સમાજની શોભામાં ચાર ચાંદ લગાવે તેવી આશા રાખીએ છીએ.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું
## મોરના ઇંડા ચીતરવા ન પડે
## કહેવતને ચરિતાર્થ કરતો સમાજનો દિકરો.



મૂળવતન અને હાલ ખાનપુર મુકામે રહેતા શ્રી અતુલભાઈ જશવંતભાઈ દરજી અને જાગૃતિબેન અતુલકુમાર દરજીના સુપુત્ર ચિ.કેવલ વર્ષ માર્ચ-૨૦૨૪ ધો-૧૨ (સાયન્સ) માં ૮૬.૭૭ ટકા મેળવી આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું ગૌરવ વધારેલ છે.મૂળ વ્યવસાયે શિક્ષક એવા શ્રી અતુલભાઈ પોતાની સ્કુલના વિદ્યાર્થીઓની સાથે સાથે પોતાના પરિવારના સભ્યો પણ શિક્ષણના મહત્વને સમજે તે માટે ખુબ મહેનત કરે છે તેના ફળ સ્વરૂપ તેમના પુત્ર ચિ. કેવલ દ્વારા આટલું ઝળહળતું પ્રદર્શન કરીને આપના સમાજ અને પરિવારનું નામ રોશન કરેલ છે. ધન્ય છે ચિ. કેવલને.

આ સાથે શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમગ્ર સમાજ વતી ચિ. કેવલ ને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ. અને હજુ પણ ભવિષ્યમાં આગવી સિધ્ધિઓ થકી આપણા સમાજની શોભા વધારે તેવી આશા રાખીએ છીએ.

## સ્નેહના સોનેરી તાંતણે બંધાણા





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના ઓગણજ મુકામે રહેતા સમાજ શ્રેષ્ઠી સ્વ. ડાહ્યાભાઈ દરજી અને શ્રી પુનમભાઈ ડાહ્યાભાઈ પરિવારના સભ્ય એવા શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ દરજી અને શ્રીમતી કૈલાસબેન રમેશભાઈ દરજીના સુપુત્ર ચિ. સની રમેશભાઈ દરજી કે જેઓ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની હાલની કારોબારી માં સક્રિય કારોબારી સભ્યની ભૂમિકા નિભાવે છે તેમના લગ્ન દશકોશી સમાજના ધોળકા નિવાસી શ્રી રસિકભાઈ રતિલાલ દરજી અને શ્રીમતિ રમિલાબેન રસિકભાઈ દરજી ની સુપુત્રી કુ. બેલા સાથે તા.૧૫/૧૨/૨૦૨૪ના રોજ ધોળકા મુકામે આયોજવામાં આવેલ. તા. ૧૬/૧૨/૨૦૨૪ના રોજ ઓગણજ પાર્ટી પ્લોટ મુકામે રીસેપ્શન રાખેલ હતું. આ પ્રસંગે સૌ સગાસંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને વરવધુને સુખી ભવિષ્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત સમાજ વતી ભાઈ શ્રી

બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત સમાજ વતી ભાઈ શ્રી રમેશભાઈ ડાહ્યાભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી કૈલાસબેન રમેશભાઈને ખુબ-ખુબ અભિનંદન આપવામાં આવે છે અને શ્રી સની અને અ.સૌ. બેલા નું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**કેળવણી મંડળના કારોબારી સભ્ય એવા**
**શ્રી રજનીકાંત ગોવિંદભાઈના ઘરે લગ્નના ઢોલ ઢબૂક્યા**



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ વાવોલના અને હાલ સેક્ટર-૨૪ મુકામે રહેતા સમાજશ્રેષ્ઠી સ્વ. ગોવિંદભાઈ દરજી પરિવારના સભ્ય કે, જેઓ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની હાલની કારોબારીમાં સક્રિય ભૂમિકા નિભાવે છે એવા શ્રી રજનીકાંતભાઈ ગોવિંદભાઈ દરજી અને શ્રીમતી બીનાબેન રજનીકાંત દરજીના સુપુત્ર ચિ. મંથન રજનીકાંત દરજી તેમના લગ્ન આપણા સમાજના એક અદના સમાજ સેવક કે જેમણે આજીવન સમાજ સેવાનો ભેખ ધારણ કર્યો હતો એવા સ્વ.શ્રી રસિકભાઈ બબલદાસ અને ગં.સ્વ. મધુબેન રસિકભાઈ દરજી ના પુત્ર ભાઈ શ્રી જયેશભાઈ રસિકભાઈ અને શ્રીમતી સોનલબેન જયેશભાઈની લાડકી સુપુત્રી કુ. ફેની સાથે તા. ૧૪/૧૨/૨૦૨૪ના રોજ આયોજવામાં આવેલ. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને વરવધુને સુખી ભવિષ્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઈ શ્રી રજનીકાંતભાઈ ગોવિંદભાઈ દરજી અને શ્રીમતી બીનાબેન રજનીકાંત દરજી તેમજ શ્રી જયેશભાઈ રસિકભાઈ દરજી અને શ્રીમતી સોનલબેન જયેશભાઈ દરજીને ખુબ ખુબ અભિનંદન આપે છે અને શ્રી મંથન અને અ.સૌ. ફેની નું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

**કેળવણી મંડળના કારોબારી સભ્ય**
**શ્રી સતિષભાઇ લાલદાસ દરજીના**
**પુત્ર શ્રી અકિલના ઘરે સીમંત સંસ્કારનો અનેરો અવસર**



મૂળગામ ચિલોડાના અને હાલની કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી સતિષભાઈ લાલભાઈ દરજીના પુત્ર શ્રી અકિલના ધર્મપત્ની અ.સૌ. કાજલના તા. ૨૫-૬-૨૦૨૪ના રોજ સીમંત સંસ્કાર પ્રસંગે તેમના પરિવાર દ્વારા તેમના સ્નેહીજનો અને પરિવારજનોના સાનિધ્યમાં ખુબજ સુંદર અને ધાર્મિક રીતે ઉજવવામાં આવ્યો. જેમાં, કેળવણી મંડળના સભ્યોને સપ્રેમ આમંત્રણ આપવામાં આવ્યું. આવા પરિવારની મહેમાનગતી માણીને ઉપસ્થિત તમામ સ્વજનોએ અ.સૌ. કાજલને ખુબ આશીર્વાદ આપવામાં આવ્યા. અને તેઓ અને તેમનો પરિવાર ભવિષ્યમાં ખુબજ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

**વર્ષ - ૨૦૨૪ના નોટબુકના મુખ્ય પૃષ્ઠના દાતાશ્રી**
**શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી કોબા પરિવાર**




श्रोत्रं श्रुतेनैव न कुंडलेन, दानेन पाणिर्न तु कंकणेन ।
विभातति कायः करुणापराणां, परोपकारैनं तु चन्दनेन ॥

આ સંસ્કૃત ભાષાના શ્લોકનો અર્થ છે કે કાનમાં કુંડળ પહેરવાથી કાનની શોભા નથી વધતી પરંતુ જ્ઞાનની વાતો સંભાળવાથી વધે છે. હાથ માં કંગન પહેરવાથી તેની શોભા નથી વધતી પરંતુ યોગ્ય જગ્યાએ દાન આપવાથી વધે છે. શરીર પર ચંદન લગાવવાથી શોભા નથી વધતી પરંતુ પરહિતમાં કરેલ કાર્યોથી શોભા વધે છે. તો આવો આજે વાત કરીએ સમાજના એક એવા વ્યક્તિની કે જેણે ટીપે ટીપે જીવનના સાગરને ભર્યો છે. એમણે એમના જીવનસાગરને નિમિત્ત બનાવી સમાજ સેવાનો ભેખ પહેર્યો છે. મૂળ ગામ કોબા/વાવોલના અને હાલ અમેરિકા મુકામે રહેતા શ્રી અમૃતભાઈ નટવરલાલ દરજી અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઈ દરજીની, છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓને અપાતી નિઃશુલ્ક નોટબુક વિતરણમાં શ્રી અમૃતભાઈ પરિવાર દ્વારા આ વર્ષે મુખ્ય પુષ્ઠના દાતા તેમજ બેતાલીસ દિપક અંક-૧૫ના મુખ્ય પુષ્ઠના દાતા બનેલ છે આ વર્ષે ભાઈ શ્રી અમૃતભાઈ પરિવાર દ્વારા નોટબુકના પ્રથમ પુષ્ઠ માટે રૂા.૩૧૦૦૦/- અને બેતાલીસ દિપક અંક-૧૫ માટે રૂા. ૨૧૦૦૦/-નું દાન આપવામાં આવેલ છે. કેળવણી મંડળ શ્રી અમૃતભાઈ નટવરલાલ દરજી અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઈ દરજી પરિવારનો આભાર માને છે અને ભવિષ્યમાં તેમનો પરિવાર ખુબ પ્રગતિ કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામા આવે છે.


**જે આનંદ આપણે મેળવીએ**
**છીએ તેનો થાક લાગે છે,**
**પરંતુ જે આનંદ આપણે બીજાને**
**આપીએ છીએ તેનો થાક લાગતો નથી.**


## કેળવણી મંડળના અતિ સક્રિય અને ઉત્સાહી હાલના મહામંત્રી એવા શ્રી જયેશભાઈ ગીરીશભાઈ દરજીએ - ત્રાગડ નવિન ફ્લેટના ગૃહપ્રવેશ નિમીત્તે વાસ્તુપૂજન અને કથાનું આયોજન કર્યું



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના અતિપ્રતિષ્ઠત પરિવાર એવા મૂળગામ ઉનાવાના સ્વ. શ્રી ગબડદાસ મણીલાલ પરિવારથી આપણે સૌ સુપેરે પરિચિત છીએ. આજ પરિવારના એક કુળદીપક એટલે શ્રી ગીરીશભાઈ ગબડદાસના સુપુત્ર અને કેળવણી મંડળના ખુબજ સક્રિય કાર્યકર અને મહામંત્રી શ્રી એવા શ્રી જયેશભાઈ ગીરીશભાઈ દ્વારા ગત વર્ષે પોતાના ત્રાગડ ગામ સ્થિત મકાનનું નવીનીકરણ કરાવીને તેને હાલના સમયની જરૂરિયાત મુજબ આધુનિક બનાવડાવ્યું. આ ઉપરાંત હાલ માં જ તેમણે પરિવાર ની જરૂરિયાતને લઈને ત્રાગડ મુકામે નવીન ફ્લેટ એ-૫૦૨, દત્ત્ત એવલોન, ત્રાગડ મુકામે રાખેલ છે. ભાઈ શ્રી જયેશભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી રેખાબેને પોતાના સ્વપ્નને સાકાર કરતુ ઘર બનાવીને તે ઘરના ગૃહપ્રવેશ નિમિત્તે તા. ૧૦.૦૪.૨૦૨૪ બુધવાર ના રોજ એક ભવ્ય સત્યનારાયણની કથા તથા હવનનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં પોતાના સગાવ્હાલા, પરિચિતો તેમજ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોને તેમના દ્વારા માનભેર આમંત્રણ આપવામાં આવ્યું. આખા દિવસની ધાર્મિક વિધિઓના સમાપન બાદ સાંજે તમામ આમંત્રીતો માટે પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઉપસ્થિત તમામ મહેમાનો અને કેળવણી મંડળના સભ્યો દ્વારા શ્રી જયેશભાઈ-શ્રીમતી રેખાબેન અને ગં.સ્વ. કાંતાબેનને નવીન ઘરની શુભેચ્છાઓ આપીને તેમનો પરિવાર ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપવામાં આવેલ. આ તબક્કે શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ પોતાના સનિષ્ઠ કાર્યકર અને મહામંત્રી એવા શ્રી જયેશભાઈ અને શ્રીમતી રેખાબેનને તેમના સુખી ભવિષ્ય અને પ્રગતિ માટે વિશેષ આશિષ આપવામાં આવે છે.

## મૂળ ચિલોડાના શ્રી જીજ્ઞેશભાઈ મનુભાઈ દરજી દ્વારા માતાજીના ફૂલોના ગરબાની પધરામણીના પ્રસંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું





મૂળગામ ચિલોડાના અને હાલ ન્યુ રાણીપ મુકામે રહેતા શ્રી મનુભાઈ કચરાભાઈ દરજી અને શ્રીમતી ભગવતીબેન મનુભાઈ દરજીના દિકરા અને હાલની કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી જીજ્ઞેશભાઈ મનુભાઈ દરજી એક ઉત્સાહી અને મહેનતુ યુવક છે. તેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેન પણ પોતાના પતિના ધંધાકીય કાર્યોમાં પૂર્ણ સહયોગ આપીને એક આદર્શ સન્નારીનું ઉદાહરણ પૂરૂ પાડે છે. આવા મહેનતુ દંપતી દ્વારા તા. ૧૮/૪/૨૦૨૪ના રોજ તેમના નિવાસ સ્થાન એ-૮/૫૦૧, શુકન સ્માઈલ સીટી, ન્યુ રાણીપ મુકામે શ્રી બ્રહ્માણી માતાજી, શ્રી મેલડી માતાજી અને શ્રી ચેહર માતાજીના હરખના તેડા રૂપે માતાજીના ફુલના ગરબાની પધરામણી કરી. ગરબાનું આયોજન કરેલ જેમાં કેળવણી મંડળના સમગ્ર કારોબારીને સજોડે આવવા આમંત્રણ આપેલ. સમગ્ર ધાર્મિક વિધિ ખુબજ સુંદર રીતે કરવામાં આવી અનેઅંતમાં સર્વે આમંત્રીતો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા પ્રસાદનો લ્હાવો લઈને યજમાન શ્રી જીજ્ઞેશભાઈ મનુભાઈ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેનને આ તબક્કે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી તેમના સુખી દામ્પત્ય અને ભવિષ્ય માટે શુભાશિષ આપવામાં આવે છે.

## મગોડી / દહેગામ ના શ્રી મહેન્દ્રભાઈ કનૈયાલાલ દરજી પરિવાર દ્વારા પોતાના સ્વપ્નના ઘરમાં ગૃહપ્રવેશ



મૂળવતન મગોડી દહેગામના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા શ્રી મહેન્દ્રભાઈ કનૈયાલાલ દરજી અને શ્રીમતી મનિષાબેન મહેન્દ્રભાઈ દરજીના દ્વારા તેમના નવા ઘર એ-૧૦૨, સ્વરા સરગમ, ડી-માર્ટ ની પાછળ, સરગાસણ, ગાંધીનગર ખાતે તારીખ ૨૧-૦૪-૨૦૨૪ ને રવિવારના રોજ તેમના પરિવાર અને સગા સંબંધીઓને આમંત્રણ આપી તેમના નવા ઘરના ગૃહ પ્રવેશ અને સોપારી હવન રાખવામાં આવેલ.

ગૃહ પ્રવેશની સમગ્ર ધાર્મિકવિધિ ખુબજ સુંદર રીતે કરવામાં આવી અને અંતમાં સર્વે આમંત્રીતો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ. ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા પ્રસાદનો લ્હાવો લઈને યજમાન શ્રી મહેન્દ્રભાઈ કનૈયાલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી મનિષાબેનને સુખી ભવિષ્ય અને પ્રગતિના આશીર્વાદ આપવામાં આવેલ. આ તબક્કે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી શ્રી મહેન્દ્રભાઈ કનૈયાલાલ દરજી અને તેમના પરરિવારને તેમના સુખદ ભવિષ્ય માટે શુભાશિષ આપવામાં આવે છે.

## કેળવણી મંડળના હાલના સૌથી વધુ વરિષ્ઠ કારોબારી સભ્ય એવા શ્રી કનુભાઈ અંબાલાલ દરજીના ઘરે ખુશીનો પ્રસંગ



મૂળવતન ખાનપુર સરસપુરના અને હાલ ન્યુ સીજી રોડ ચાંદખેડા મુકામે રહેતા અને હાલની કેળવણી મંડળના સક્રિય કારોબારી સભ્ય શ્રી કનુભાઈ અંબાલાલ દરજી અને શ્રીમતી હંસાબેન કનુભાઈ દરજી ના પુત્ર શ્રી પ્રશાંતભાઈ કનુભાઈ દરજી અને અ.સૌ. વૈશાલીબેન પ્રશાંતભાઈ દરજી દ્વારા બી/૫૦૧ ઉત્સવ કોર્નર શ્રી દર્શન બંગલોઝની બાજુમાં ન્યુ સીજી રોડ ચાંદખેડા, મુકામે નવીન ઘર રાખવામાં આવ્યું. તેમના નવા ઘરના ગૃહ પ્રવેશ તા. ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ તેમના પરિવાર અને સગા સંબંધીઓને આમંત્રણ આપી સત્યનારાયણ ભગવાનની કથાનુ આયોજન કરવામાં આવેલ. આ તબક્કે કેળવણી મંડળ પોતાના સાથીદાર એવા શ્રી કનુભાઈ અંબાલાલ અને તેમના સમસ્ત પરિવાર ને ખુબ ખુબ અભિનંદન આપે છે.

## સમાજના એક અદના સેવક એવા શ્રી નવિનભાઇ બચુભાઇ દરજી દ્વારા પરિવાર અને સગા વ્હાલાઓએ ધાર્મિક યાત્રા દ્વારા પુણ્યનો લાભ લીધો



મૂળગામ અને હાલ ચાંદલોડિયા મુકામે જ રહેતા શ્રી નવીનભાઈ બચુભાઈ દરજી તથા તેમના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેન નવીનભાઈ દરજી દ્વારા તારીખ -૦૪-૧૨-૨૦૨૩ના રોજ તેમના સ્વર્ગસ્થ પિતાશ્રી બચુભાઈ વીસાભાઈની આત્માની શાંતિ અર્થે તેમની તર્પણક્રિયા કરવા તેમના સહ પરિવાર તેમજ પરિવાર અને સગા-સબંધીઓના ૩૫ સભ્યોને ધાર્મિક યાત્રા કરાવવા દેવભૂમિ હરિદ્વાર મુકામે લઈ ગયેલ હતા. શ્રી નવીનભાઈ અને શ્રીમતી જયશ્રીબેનની પોતાના વડીલો પ્રત્યેની આદરભાવનાને કેળવણી મંડળ બિરદાવે છે અને તેઓ પોતાના ભવિષ્યના જીવનમાં સુખ અને સમૃધ્ધી પ્રાપ્ત કરે તેવી અત્રે પ્રાર્થના કરવામાં આવે છે .

## આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું ગૌરવ



અમો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળ વતી વારંવાર જાહેર કેરીએ છીએ કે આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કમહામુલ્યરત્નોથીસુશોભિતછે, તેમાંના એક રત્ન એટલે મૂળ ગામ વામજના ભાઈશ્રી હર્ષદભાઈ પ્રવીણભાઈ વાઘેલા, ભાઈશ્રી હર્ષદભાઈ છેલ્લા કેટલાય વર્ષોથી દહેગામ મુકામે મોસમપુરા પ્રાથમિક સ્કુલમાં પ્રિન્સીપાલ તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. તેઓશ્રી પોતાની સ્કુલના દરેક બાળકને એકદમ સરળ અને આધુનિક શિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આધુનિક જમાનાના ભણતરને અનુરૂપ પોતાની સ્કુલ અને બાળકોનો વિકાસ તે તેમનો ધ્યેય છે. પોતાના સ્કુલના બાળકોની જેમ તેઓશ્રીએ પોતાના સંતાનોમાં પણ અભ્યાસ અને સખત મહેનતનો પર્યાય સમજાવેલ છે.

આ તબક્કે તેઓશ્રીને સમસ્ત સમાજ વતી અભિનંદન આપતા અમો ગર્વ અનુભવીએ છીએ અને સાથો સાથ તેમની સામાજિક કારકિર્દીનો પણ અત્રે ઉલ્લેખ કરવો આવશ્યક છે. તેઓશ્રી પોતાના આટલા વ્યસ્ત જીવનમાં પણ વર્ષોથી આપણા સમાજની કેળવણી મંડળમાં એક સક્રિય કારોબારી સભ્ય તરીકે પોતાની નિઃસ્વાર્થ સેવાઓ આપી રહેલ છે. સમાજનું કોઈપણ કામ હોય જેમ કે, કેલેન્ડર વિતરણ, નોટબુક વિતરણ આદી દરેક કાર્યમાં તેઓશ્રી પોતાના તન, મન, ધન અને સમાજ સેવાની નિસ્વાર્થ નિષ્ઠાથી પોતાની સેવાઓ આપી રહેલ છે. ભગવાન શ્રી સ્વામીનારાયણના પરમ ભક્ત એવા શ્રી હર્ષદભાઈને તેમના સત્કાર્યોનો બદલો પણ સારો મળી રહેલ છે. શ્રી હર્ષદભાઈના પુત્રવધુ શ્રીમતી વિધિબેન આશિષભાઈ OETની એક્ઝામમાં ૭ બેન્ડ થી પાસ થયા અને ત્યારબાદ બંને પતિ-પત્ની શ્રી આશિષભાઈ હર્ષદભાઈ અને શ્રીમતી વિધિબેન આશિષભાઈ દરજી એ યુકે માં વર્ક પરમીટ ના વિઝા મેળવી ને તા. ૨૭.૧૧.૨૦૨૪ બુધવાર ના રોજ થી લંડન મુકામે સ્થાયી થયેલ છે.

આ પ્રસંગે ભાઈશ્રી હર્ષદભાઈ, શ્રીમતી હંસાબેન, શ્રી આશિષભાઈ અને શ્રીમતી વિધિબેન અને તેમનો સમગ્ર પરિવાર પોતાના જીવનમાં નિરોગી અને સુખી રહે તેમજ શ્રીઆશિષભાઈ અને વિધિબેન પોતાની કારકિર્દીમાં હજુ પણ ઉત્તરો ઉત્તર પ્રગતિ કેરે તેવી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિના દર્શને
## આપણા સમાજના પરિવારો



શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના ઉત્સાહી કારોબારી સભ્યો શ્રી સુમનભાઈ બાબુલાલ, શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ, શ્રી દિલીપભાઈ મંગળદાસ, શ્રી દિપકભાઈ ગાંડાભાઈ, અને શ્રી અશોકભાઈ છનાભાઈ અને તેમના સગા સબંધીઓ સાથે અન્ય ૫૦ સભ્યો દ્વારા દ્વારકા, બેટદ્વારકા, સોમનાથ, કોયલા ડુંગર, માધવગઢ, ખોડલધામ, વિરપુર, પોરબંદર, ચોટીલા ખાતે તારીખ ૨૧-૧૧-૨૦૨૩ થી તા-૨૩-૧૧-૨૦૨૩ સુધી ત્રણ દિવસની ધાર્મિક યાત્રા પૂર્ણ કરવામાં આવી. આટલી સુંદર વ્યવસ્થા બદલ તમામ યાત્રિકો દ્વારા આયોજકોનો આભાર માનવામાં આવેલ. આ ધાર્મિક યાત્રા બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમાજ ગર્વની લાગણી અનુભવે છે

## મૂળગામ ઉનાવાના અને હાલ ચેનપુર મુકામે રહેતા
## શ્રી ગૌતમભાઈ અમૃતલાલ દરજી દ્વારા પોતાના સ્વર્ગસ્થ
## માતા પિતાની સ્મૃતિમાં નવચંડી હવનનું આયોજન





મૂળવતન ઉનાવાના અને હાલ ચેનપુર મુકામે રહેતા શ્રી ગૌતમભાઈ અમૃતલાલ દરજી અ.સૌ. શોભનાબેન ગૌતમભાઈ દરજી શ્રી પ્રવીણભાઈ અમૃતલાલ દરજી અ.સૌ. સોનલબેન પ્રવીણભાઈ દરજી અને તેમના પરિવાર દ્વારા તેમના પિતાશ્રી સ્વ. અમૃતલાલ ગબડદાસ દરજી અને માતૃશ્રી સ્વ. લલીતાબેન અમૃતલાલ દરજીની યાદ સ્વરૂપ તેમના કુળદેવી શ્રી જક્ષણી માતાજીના નવચંડી હવન તેમના નિવાસ સ્થાન ડી/૫, ચેનપુર સોસાયટી, ડી કેબીન, સાબરમતી ખાતે તેમના સહપરિવાર, સગા સંબંધીઓ તેમજ સોસાયટીમાં રહેતા તમામ પરિવારોને આમંત્રણ આપી ખુબ સુંદર આયોજન રાખવામાં આવેલ. પોતાના સ્વર્ગસ્થ માતાપિતા પ્રત્યે આટલો અહોભાવ રાખનાર ભાઈ શ્રી ગૌતમભાઈ અને શ્રી પ્રવિણભાઈ અને તેમના પરિવારને કેળવણી મંડળ અને સમાજ ખુબ ખુબ અભિનંદન આપે છે.

## મૂળ વામજના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા
## શ્રી દર્શનભાઈ ભીખાભાઈ દરજીએ
## પોતાની કામ પ્રત્યેની નિષ્ઠાને કરને નોકરીમાં પ્રમોશન મેળવ્યું



આપણા સમાજના મૂળગામ વામજના શ્રી ભીખાભાઈ કાનજીભાઈ દરજી અને શ્રીમતી ભગવતીબેન ભીખાભાઈ દરજીનો સુપુત્ર ભાઈશ્રી દર્શન ખુબ જ તેજસ્વી વ્યક્તિત્વ ધરાવે છે. અભ્યાસમાં ખુબ જ હોંશિયાર અને પોતાના પરિવારને એક ઉંચાઈ પર લઇ જવાની અદમ્ય ઈચ્છા અને તે ઈચ્છાને સાકાર કરવા કઠોર પરિશ્રમ કરવાનો શોખ. શ્રી દર્શનભાઈ છેલ્લા ચાર વર્ષથી કલ્પતરુ પ્રોજેક્ટ ઇન્ટરનેશનલ લીમીટેડ માં છેલ્લા છ વર્ષથી એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં પોતાની સેવાઓ આપી રહેલ છે. તેમની કામની આવડત અને કામ પ્રત્યેની નિષ્ઠા જોઈને કંપની દ્વારા તેમને પ્રમોશન આપીને ડેપ્યુટી મેનેજરની પોસ્ટ આપેલ છે. આવા મહેનતુ અને હોંશિયાર વ્યક્તિ આપણા સમાજનું સભ્ય છે તે બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમાજ ગર્વની લાગણી અનુભવે છે અને શ્રી ભીખાભાઈ કાનજીભાઈ, શ્રીમતી ભગવતીબેન ભીખાભાઈ અને ભાઈશ્રી દર્શનને ખુબ ખુબ અભિનંદન આપે છે તેમજ તે અને તેમનો પરિવાર ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી અભ્યર્થના અત્રે દર્શાવવામાં આવે છે.

## સમાજ પ્રગતિના પંથે
## મૂળ ગામ ઝાણુંના વિનોદભાઈ પોપટભાઈ દ્વારા
## પોતાના સ્વપ્નનું ઘર ખરીદવામાં આવ્યું



મૂળવતન ઝાણુંના અને હાલ ઓઢવ મુકામે રહેતા સ્વ. શ્રી પોપટલાલ મણીલાલ પરિવારના એક સભ્ય ભાઈશ્રી વિનોદભાઈ પોપટલાલ દ્વારા પોતાની માલિકીનું અત્યાધુનિક સગવડોવાળું ઘર ખરીદવામાં આવ્યું. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઈશ્રી વિનોદભાઈ પોતાના પરિવાર અને પોતાના સમાજ માટે કાંઈપણ કરી છૂટવાની ભાવના કરે છે અને દિવસ રાત પોતાના ધંધામાં મહેનત કરીને સમાજમાં પોતાનું અને પોતાના પરિવારનું સ્થાન બનાવેલ છે. તેમના ધર્મપત્ની શ્રીમતી હિરલબેન પણ પોતાના પતિશ્રીના દરેક સાહસમાં પોતાનો સાથ આપે છે . આવા મહેનતુ અને નિઃસ્વાર્થ દંપતી દ્વારા પોતાના પરિવાર

ની જરૂરીયાતને લઈને હાલ માં જ "૩૨, ચંદ્રનગર સોસાયટી, નવરંગ સ્કુલની બાજુમાં, ઓઢવ મુકામે નવિન ઘર રાખવામાં આવેલ છે અને ટૂંકમાં જ તેઓશ્રી પોતાના પરિવાર સાથે ત્યાં રહેવા જઇ રહેલ છે. આ પ્રસંગે કેળવણી મંડળ ભાઈશ્રી વિનોદભાઈ અને હિરલબેનને ખુબ ખુબ અભિનંદન આપે છે અને તેઓ તેમના જીવનમાં હંમેશા પ્રગતિના પંથ પર અગ્રેસર રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## મેડાઆદરજ ગામના આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરજી ભાઈઓ / બહેનો દ્વારા સતત તેરમાં વર્ષે પગપાળા યાત્રા કરીને સુવાળા બ્રહ્માણી માતાજીને ધજા ચઢાવવામાં આવી.





મેડા આદરજ ગામ માં વસતા આપણા સમાજ ના કુટુંબો દ્વારા દર વર્ષે ચૈત્રી સુદ પુનમના દિવસે ધાર્મિક પર્વ ઉજવવામાં આવે છે. છેલ્લા તેર વર્ષથી તેઓ દ્વારા તેમના કુળદેવી એવા શ્રી બ્રહ્માણી માં ના ચુવાળ પંથકમાં આવેલ સુંવાળા ગામે આવેલ મંદિર સુધી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે,

આ વર્ષે પણ મેડા આદરજના બ્રહ્માણી માં ના પરમ ભક્તો દ્વારા ધામધૂમથી ચૈત્ર સુદ પુનમ તા.૨૩.૦૪.૨૦૨૪ ના રોજ પગપાળા સંઘ નું આયોજન કરવામાં આવેલ. અને ધામધૂમ સાથે બ્રહ્માણી માતાના પરમ ભક્તો એવા મેડા આદરજ પરિવારો દ્વારા પગપાળા સુવાળા પહોચી ને તેમની વર્ષોજુની પરંપરા મુજબ માતાજીને ધજા ચઢાવેલ હતી. આપણા સમાજમાં આવી ધાર્મિક પ્રવુતિ સતત ચાલુ રાખવા બદલ મેડા આદરજ ગામ સમસ્ત દરજી પરિવારો માટે આપનો સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ ગૌરવ અનુભવે છે.

## સમાજના એંગ્રી યંગમેન - શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી - કલોલ



જીવનમાં એક વાત હંમેશા યાદ રાખવી કે, તમારી સાચી મૂડી એ તમારુ સ્વાસ્થ્ય છે. જે લોકો આ વાતને સમજે છે, તે પોતાના સ્વાસ્થ્ય વિશે ખૂબ જ સચેત રહે છે. સ્વાસ્થ્યને તંદુરસ્ત અને નિરોગી બનાવવા માટે સવારે વહેલા ઊઠવાની અને રાત્રે વહેલા સૂવાની આદત કેળવવી. આ સિવાય દરરોજ વ્યાયામ કરો, ધ્યાન કરો અને સંતુલિત ભોજન લો. આ સાથે આખા દિવસમાં ૩-૪ લિટર પાણી પીવો. એવા કામો કે ભોજનથી અંતર જાળવી રાખવું કે, જે તમારુ સ્વાસ્થ્ય બગાડી શકે. આજે વાત છે આપણી કેળવણી મંડળના હાલના મુખ્ય કાર્યકારી પ્રમુખ એવા શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીની, નિવૃત્તિના વર્ષોમાં પણ તેઓ સખ્ત મહેનત અને પરિશ્રમને પોતાના સ્વસ્થ જીવન નો પર્યાય માને છે. લગભગ ૬૪ વર્ષ ની ઉંમરે પણ તેઓ યુવાનને શરમાવે તેવી તંદુરસ્તી અને ત્વરિતતા ધરાવે છે. રોજ સવારે ચાર વાગે ઉઠીને દોડવાનું, યોગ કરવા અને કસરત કરવી તે એમનો નિત્ય ક્રમ છે. આ ઉપરાંત સાથે સાથે તેઓ સંપૂર્ણ દિવસ દરમિયાન પોતાની વેક્ટસ પાણીટાંકીની ઝુંડાલ ઓફીસ પર બેસીને સતત પરિશ્રમ કરે છે. તા. ૧૫.૧૨.૨૦૨૪ના રોજ CREST (data) દ્વારા ગાંધીનગર માં Shilp Aarambh Gift City Run-2024(season-3) નામે પાંચ કિલોમીટરની દોડની મેરેથોન સ્પર્ધા આયોજવામાં આવેલ હતી. શ્રી બિપીનચંદ્ર દ્વારા તેમના યોગ મંડળ વતી આ મેરેથોનમાં ભાગ લેવામાં આવ્યો અને આ સ્પર્ધામાં તેઓ એ પાંચ કિલોમીટરનું અંતર ફક્ત ૪૦ મિનીટમાં પૂર્ણ કરીને બીજા નંબરના વિજેતા બન્યા.

શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી – શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્ર દરજી અને તેમનો સમગ્ર પરિવાર પોતાના જીવનમાં નીરોગી અને સુખી રહે તેમજ તેઓશ્રી પોતાના જીવન માં હજુ પણ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે અને હજુ પણ ઊંચા સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઈ દરજી ક્રેડીટ સોસાયટીની સમાજ સેવા ક્ષેત્રે ઉત્તમ કાર્ય





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઈ દરજી કો.ઓ.સોસાયટી ઈ.સ. ૨૦૦૧ થી આપણા સમાજના સભ્યોને નાંણાકીય રીતે સ્વનિર્ભર કરવાના ઉમદા હેતુ સાથે કાર્યરત છે. સાથ સહકાર સેવા અને શિસ્ત ના ઉમદા ગુણો વિકસાવતી આપણા સમાજની આ સેવાભાવી સંસ્થામાં શ્રી મુકેશભાઈ ચીનુભાઈ દરજી સંસ્થાના ચેરમેન તરીકે અને શ્રી ખોડભાઇ નારણભાઈ મેનેજીંગ ડીરેક્ટર તરીકે કાર્યરત છે. સમાજનો દરેક નાગરિક આ સંસ્થા થકી નાંણાકીય રીતે આત્મનિર્ભર બને અને પોતાની કોઈપણ આર્થિક જરૂરિયાતમાં એકદમ ઓછા વ્યાજે તેને નાંણાકીય ધિરાણ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સંસ્થાનું સંચાલન કરવામાં આવી રહેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૬-૭-૨૦૨૩ના રોજ વ્યવસ્થાપક કમિટી ની મીટીંગ માં નક્કી કર્યા મુજબ તા.૧-૯-૨૦૨૩ થી ફરજીયાત બચત માં વાર્ષિક ૭%, ફિક્સ ડીપોઝીટ માં વાર્ષિક ૭.૫% અને સીનીયર સીટીઝન ફિક્સ ડીપોઝીટ માં ૮% વ્યાજ નક્કી કરવામાં આવેલ છે. હાલમાં જ તા.૧૪-૭-૨૦૨૪ રવિવાર ના રોજ ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા મળી અને આ સાધારણ સભામાં સોસાયટી ની પ્રગતિ નો અહેવાલ રજુ કરવામાં આવ્યો. એ અહેવાલ ના મુખ્ય અંશો જોઈએ તો - ૬૩૭ સભ્યોનું સભાબળ, રૂા. ૩૪,૨૯,૬૦૦/- લાખ રૂપિયા નું શેર ભંડોળ, રૂા. ૧,૧૮,૪૪,૬૧૦ કરોડ રૂપિયાની ફરજીયાત બચત, રૂા. ૨,૭૩,૨૦,૨૧૪ કરોડ રૂપિયાનું લોન ધિરાણ, લોન ધિરાણ પર કપાત વ્યાજ ફક્ત ૧૧% વાર્ષિક, બચત અને એફડી પર ૭.૫% વ્યાજ , ૭% ડીવીડન્ડ અને રૂા. ૪,૪૦,૦૦૦ નો નફો. આ આંકડા જ કોઈ પણ નાણાકીય સંસ્થાની સદ્ધરતાનો પુરાવો છે.

કેળવણી મંડળ તરફથી આ સંસ્થાના ચેરમેન શ્રી મુકેશભાઈ, મેનેજીંગ ડીરેક્ટર શ્રી ખોડભાઇ, તમામ ડીરેકટરોશ્રીઓ, મેનેજર શ્રી ગિરીશભાઈ ત્રિવેદી અને એકાઉન્ટન્ટ શ્રી લલિતભાઈ મહેતાને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવે છે અને આ સંસ્થા ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે તેવી આશા રાખીએ છીએ.

તા. ૨૪-૧૨-૨૦૨૨ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૧૨ |  | નારણભાઈ શકરચંદ દરજી | કલોલ | ૬૨ | આમજા | ૫૬૩ | ૨૭–૧૧–૨૦૨૩ | ૦૩–૧૨–૨૦૨૩ |
| ૭૧૩ |  | કનુભાઈ કચરાભાઈ દરજી | ખોડિયાર | ૭૭ | પોર | ૬૬૯ | ૨૭–૧૨–૨૦૨૩ | ૩૧–૧૨–૨૦૨૩ |
| ૭૧૪ |  | બળદેવભાઈ ચંદુભાઈ દરજી | ધોળાકુવા | ૭૪ | વાવોલ | ૫૦૧ | ૧૬–૦૧–૨૦૨૪ | ૧૮–૦૧–૨૦૨૪ |
| ૭૧૫ |  | ગાંડાલાલ મોહનલાલ દરજી | ચાંદખેડા | ૮૪ | ચાંદખેડા | ૩૫૪ | ૩૧–૦૧–૨૦૨૪ | ૦૫–૦૨–૨૦૨૪ |
| ૭૧૬ |  | કોકિલાબેન અશોકભાઈ દરજી | ગાંધીનગર | ૬૬ | ઉનાવા | ૪૧૧ | ૨૧–૦૨–૨૦૨૪ | ૨૩–૦૨–૨૦૨૪ |
| ૭૧૭ |  | પાર્થ ભરતકુમાર દરજી | ઘાટલોડીયા | ૩૩ | સોલા | ૧૫૨ | ૦૩–૦૩–૨૦૨૪ | ૦૭–૦૩–૨૦૨૪ |
| ૭૧૮ |  | હસમુખભાઇ નટવરલાલ દરજી | ચાંદલોડીયા | ૬૮ | ખોરજ | ૨૩૨ | ૦૪–૦૩–૨૦૨૪ | ૦૭–૦૩–૨૦૨૪ |
| ૭૧૯ |  | ગાંડાભાઈ ભાઈચંદદાસ દરજી | શીલજ | ૮૧ | વાવોલ | ૯૫ | ૧૮–૦૩–૨૦૨૪ | ૨૨–૦૩–૨૦૨૪ |
| ૭૨૦ |  | શૈલેષભાઈ નટવરલાલ દરજી | અંબાવપુરા | ૫૧ | અંબાવપુરા | ૫૯૨ | ૧૪–૦૪–૨૦૨૪ | ૧૯–૦૪–૨૦૨૪ |
| ૭૨૧ |  | પંકજભાઈ ભલાભાઇ દરજી | ચાંદખેડા | ૬૧ | ચાંદખેડા | ૩૬૩ | ૧૪–૦૫–૨૦૨૪ | ૨૦–૦૫–૨૦૨૪ |
| ૭૨૨ |  | અશોકભાઈ અમૃતભાઇ દરજી | ગાંધીનગર | ૬૫ | મેડા આદરજ | ૪૧૮ | ૧૯–૦૫–૨૦૨૪ | ૨૪–૦૫–૨૦૨૪ |

## તા. ૨૪-૧૨-૨૦૨૨ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૨૩ |  | મનુભાઈ ગોવિંદભાઇ દરજી | વાવોલ | ૭૬ | વાવોલ | ૪૫૦ | ૨૬–૦૫–૨૦૨૪ | ૦૩–૦૬–૨૦૨૪ |
| ૭૨૪ |  | ચંપાબેન પુરષોતમદાસ દરજી | નરોડા | ૭૭ | હાલીસા | ૫૩૨ | ૨૮–૦૫–૨૦૨૪ | ૦૩–૦૬–૨૦૨૪ |
| ૭૨૫ |  | કનૈયાલાલ લલ્લુભાઈ દરજી | રાણીપ | ૮૧ | ખોરજ | ૩૦૪ | ૨૦–૦૬–૨૦૨૪ | ૨૩–૦૬–૨૦૨૪ |
| ૭૨૬ |  | રમીલાબેન રજનીકાંત દરજી | ધોળાકુવા | ૩૩ | વાવોલ | ૫૦૧ | ૨૧–૦૬–૨૦૨૪ | ૨૭–૦૬–૨૦૨૪ |
| ૭૨૭ |  | કનૈયાલાલ નાથાલાલ દરજી | કોલવડા | ૫૩ | વાવોલ | ૪૫૧ | ૨૭–૦૬–૨૦૨૪ | ૦૧–૦૭–૨૦૨૪ |
| ૭૨૮ |  | પરાગભાઈ હર્ષદભાઈ દરજી | હાંસોલ | ૩૮ | હાંસોલ | ૨૧ | ૨૯–૦૬–૨૦૨૪ | ૦૪–૦૭–૨૦૨૪ |
| ૭૨૯ |  | દશરથભાઈ મણિલાલ દરજી | ઓઢવ | ૬૯ | કઠવાડા | ૬૭ | ૧૮–૦૭–૨૦૨૪ | ૨૨–૦૭–૨૦૨૪ |
| ૭૩૦ |  | નારણભાઈ બાબુભાઈ દરજી | પાલડી | ૭૧ | હાલીસા | ૭૧ | ૨૭–૦૭–૨૦૨૪ | ૦૨–૦૮–૨૦૨૪ |
| ૭૩૧ |  | મહેન્દ્રભાઈ મનોજભાઈ દરજી | ગોતા | ૨૪ | ખાનપુર | ૨૪૪ | ૦૪–૦૮–૨૦૨૪ | ૦૮–૦૮–૨૦૨૪ |
| ૭૩૨ |  | શારદાબેન દરજી | મોટેરા | ૭૬ | ઝૂંડાલ | ૩૩૫ | ૨૨–૦૮–૨૦૨૪ | ૩૦–૦૮–૨૦૨૪ |
| ૭૩૩ |  | પાર્વતિબેન પ્રમોદકુમાર દરજી | નારણપુરા | ૮૦ | સરઢવ | ૧૯૧ | ૧૮–૦૯–૨૦૨૪ | ૨૨–૦૯–૨૦૨૪ |

**તા. ૨૪-૧૨-૨૦૨૨ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે.**

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૩૪ |  | મંજુલાબેન ગોવિંદભાઇ દરજી | રાણીપ | ૫૯ | ઉનાવા | ૨૯૯ | ૧૯–૦૯–૨૦૨૪ | ૨૨–૦૯–૨૦૨૪ |
| ૭૩૫ |  | નીતાબેન જગદીશભાઈ દરજી | નારણપુરા | ૫૯ | પાનસર | ૧૮૯ | ૨૬–૦૯–૨૦૨૪ | ૨૯–૦૯–૨૦૨૪ |
| ૭૩૬ |  | રમણભાઈ પુરષોતમદાસ દરજી | કલોલ | ૭૭ | વડાવી | ૬૨૨ | ૨૬–૧૦–૨૦૨૪ | ૨૭–૧૦–૨૦૨૪ |
| ૭૩૭ |  | કનુભાઈ ગબડદાસ દરજી | વાવોલ | ૭૪ | અંબાવપુરા | ૪૪૮ | ૨૯–૧૧–૨૦૨૪ | ૦૧–૧૨–૨૦૨૪ |
| ૭૩૮ |  | પંકજભાઈ રતિલાલ દરજી | વિસત | ૫૨ | આમજા | ૩૨૮ | ૧૨–૦૯–૨૦૨૪ | ૧૨–૧૨–૨૦૨૪ |
| ૭૩૯ |  | સવિતાબેન ચંદુભાઈ દરજી | શીલજ | ૯૩ | શીલજ | ૧૦૩ | ૧૦–૧૨–૨૦૨૪ | ૧૩–૧૨–૨૦૨૪ |
| ૭૪૦ |  | શીવાભાઈ છનાભાઈ દરજી | જેઠલજ | ૭૩ | જેઠલજ | ૬૩૯ | ૧૩–૧૨–૨૦૨૪ | ૨૦–૧૨–૨૦૨૪ |

**સંસ્થા સમાચાર : સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ. ક્રેડીટ સોસાયટી કલોલની ૨૨મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ**

ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૪-૦૭-૨૦૨૪ને રવિવાર ના રોજ શ્રી રમણલાલ ભવન, સિલ્વર પ્લાઝા, કલોલ મુકામે મળી હતી. એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વ્યાજની જાહેરાત થઇ હતી. સંસ્થાની કામગીરીની એક નજર...

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી મુકેશભાઇ સી. દરજી |
| મેનેજીંગ ડીરેક્ટર | : શ્રી ખોડભાઇ એન. દરજી |
| આંતરીક ઓડીટર | : શ્રી અલ્પેશભાઇ બી. વાઘેલા |
| મેનેજર | : શ્રી ગિરીશભાઇ આર. ત્રિવેદી |
| એકાઉન્ટન્ટ/કેશીયર | : લલિતભાઇ એ. મહેતા |

**-: વ્યવસ્થાપક કમિટિ :-**

| | |
|---|---|
| શ્રી રાજુભાઇ કે. દરજી | શ્રી શૈલેષભાઇ એન. દરજી |
| શ્રી શંભુભાઇ બી. દરજી | શ્રી હર્ષદભાઇ એમ. દરજી |
| શ્રી પંકજભાઇ બી. દરજી | શ્રી અશોકભાઇ સી. દરજી |
| શ્રી દિપકભાઇ જી. દરજી | ગં.સ્વ. અલકાબેન એસ. દરજી |
| શ્રી પરેશભાઇ એસ. દરજી | શ્રીમતી ભાવનાબેન ડી. દરજી |
| શ્રી નટુભાઇ એ. દરજી | |

| | |
|---|---|
| કુલ નફો | રૂા. ૪,૪૦,૦૦૦ |
| કુલ સભાસદ | ૬૩૭ |
| શેર ભંડોળ | રૂા. ૩૪,૨૯,૬૦૦ |
| રીઝર્વ ફંડ | રૂા. ૧,૧૦,૦૦૦ |
| ફરજીયાત બચત | રૂા. ૧,૧૮,૪૪,૬૧૦ |
| લોન ધિરાણ | રૂા. ૨,૭૩,૨૦,૨૧૪ |

## જીવનમાં શિક્ષણનું મહત્વ ...

માનવ એ પ્રકૃતિની ઉત્તમ રચના છે. જે પોતાની સાથે કેટલીક જન્મજાત શક્તિઓને લઈને આવે છે. આ જન્મજાત શક્તિઓનો વિકાસ શિક્ષણ દ્વારા થાય છે. અને તેના જ્ઞાન, કલા, કૌશલ્ય, બુધ્ધિ વિગેરેની વૃધ્ધિ થાય છે અને તેના વ્યવહારમાં પરિવર્તન આવે છે. જે તેને સભ્ય, સુસંસ્કૃત, સંસ્કારી તેમજ સારા નાગરિક બનવામાં મદદ કરે છે. આ કાર્ય પરિવાર દ્વારા અને શાળાઓ દ્વારા પ્રારંભ કરી દેવામાં આવે છે. આ ક્રમ જીવનપર્યંત ચાલે છે. સમાજ જીવનનો પાયો હંમેશા શિક્ષણ પર રહેલો છે. શિક્ષણનું સ્તર જે સમાજનું ઉંચુ હોય તે સમાજ પ્રગતિ કરતો આપણે જોયો છે. શિક્ષણને કારણે કોઈપણ સમાજ ગતિશીલ બને છે. છેલ્લા દશકાઓમાં ભારત જેવા દેશમાં વ્યક્તિઓનું ઘડતર શિક્ષણને કારણે ગતિશીલ બન્યું છે. સમાજનો ઈતિહાસ બદલવો હશે તો સમાજના વ્યક્તિઓના મન, બુધ્ધિ, વિચારોનું સુઘડતર કરવુ પડશે, અને આ કામ માત્ર શિક્ષણ દ્વારા જ શક્ય છે. શિક્ષણ દ્વારા બાળકોમાં સામાજિક ભાવના, દયા, પ્રેમ, પરોપકાર, સહનશીલતા, સહાનુભૂતિ, નિતિમત્તા, પ્રામાણિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. તે રાષ્ટ્ર વિકાસ માટે ખુબ જરૂરી છે.

આજથી ૬૦ વર્ષ પહેલા શ્રી બેતાલીસ દરજી સમાજમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું. તેનું કારણ આપણી માનસિકતા હતી કે આપણો ટાઢા છાંયડાનો ધંધો, કોઈની ગુલામી નહી અને સરળ રીતે બે ટંક રોટલો મળી રહેતો અને વ્યવહારો ચાલતા એટલે શિક્ષણમાં ખુબજ પછાત હતા. તેથી સમાજમાં કોઇ વ્યકિત તે સમયમાં ડોક્ટર ન હતો, એન્જીનીયર પાંચ થી સાત જ હતા. ગ્રેજ્યુએટ બે આંકડાની સંખ્યામાં હતા અને સરકારી નોકરીઓમાં ખુબજ ઓછા માણસો હતા. અને વિદેશની ધરતી ઉપર એ સમયે આપણો એકપણ પરિવાર ન હતો. સમાજનું આવું કરૂણ દ્રશ્ય જોઇ તે વખતના સમાજના હિતચિંતકોને સુધારો લાવવા કેળવણી હોવી સમાજમાં જરૂરી છે. અને તે માટે સંગઠન હોવું જોઇએ તે બીજના વિચારથી સને ૧૯૮૪ માં શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની સ્થાપના થઇ. આ સંસ્થા દ્વારા સમાજ ઉપયોગી અને સમાજ ઉત્કર્ષની વિવિધ પ્રવૃતિઓ છેલ્લા ૪૨ વર્ષથી અવિરત ચાલી રહી છે. જેના ફળ સ્વરૂપે આપણે જોઇ રહ્યાં છીએ કે સમાજમાં શિક્ષણના વ્યાપથી કેટલાય પરિવારના બાળકો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈંગ્લેન્ડ, રશિયા, જર્મની, ન્યુઝીલેન્ડ, પોલેન્ડ, સ્પેન જેવા દેશોમાં અભ્યાસ કરી રહ્યાં છે. તો કેટલાક પરિવારો ત્યાં સ્થાયી થયા છે. અને થઇ રહ્યાં છે. જે પરિવારોની આર્થિક સધ્ધરતા સંતોષકારક ન હોવા છતા પણ તેમના બાળકો માટે ગમે તે કરી છૂટવાની ભાવનાથી તેઓ તકલીફો વેઠીને પણ પોતાના બાળકોને અત્યારે સારૂ શિક્ષણ આપી રહ્યા છે. તે આપણા માટે આનંદ અને ગૌરવની વાત છે. શિક્ષણથી કેટલાય યુવાનમિત્રો દરજીના વ્યવસાયમાં તેનો ઉપયોગ કરી સારા કારીગર તરીકે પણ નામના મેળવી છે. આ બધુ શિક્ષણને આભારી છે. છેલ્લા ૧૦ વર્ષમાં આપણા સમાજના ૬૦ થી ૭૦ પરિવારો - વિદ્યાર્થીઓ વિદેશની ધરતી ઉપર છે. આશા રાખીએ આપણા સમાજમાં શિક્ષણનું સ્તર ખુબ જ વધે અને સમાજમાંથી, સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટરો, વકીલો, ઈજનેરો, સી.એ., પ્રોફેસરો, શિક્ષકો, ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, સારા દરજી કામના ધંધાદારી માણસો જેમનું નામ હોય તેવા આપણા સમાજમાંથી મળે અને સમાજ ગૌરવ અનુભવે તેવી શુભેચ્છા સહ...

**શ્રી ખોડભાઇ એન. દરજી (નિવૃત શિક્ષક)**
**એમ.ડી. - સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ. ક્રેડીટ સો. લી. - કલોલ**

## ભાવ પ્રતિભાવ

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના વ્હાલાજ્ઞાતિજનો, આજ આપ સૌના આશીર્વાદથી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કારોબારી સભ્ય તરીકે સેવા કરવાની તક આપી એ બદલ આપ સૌનો આભાર વ્યકત કરું છું. વટવૃક્ષ બનેલ ૪૨ સમાજ જે ગુજરાતના ઘણા અલગ-અલગ જૂથોમાનું એક છે. જેમાં મારા અનુભવ અને લોકોના પ્રતિભાવો મળ્યા તે મુજબ આપણે ૪૨ દરજી સમાજ ઉત્તમ અને શ્રેષ્ઠ સમાજ છે. લોકોના મુખેથી સાંભળવા મળતી વાતો મુજબ આપનો સમાજ સુસંસ્કારી, સુચલિત અને બાળકોમાં ઉત્તમ સંસ્કારનું સિંચન કરી ઉછેર કરનાર સમાજ છે.ઘણા સમાજમાં જે તકલીફો છે. તેના પ્રમાણમાં આપણો સમાજ શ્રેષ્ઠ છે.છેલ્લા ઘણા વર્ષોથી સમાજની ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેમાં બાળકોને પુસ્તક સહાય નોટબુક વિતરણ, કોરોના સહાય, મૃત્યુ સહાય, શુભ પ્રસંગે જે શુભેરછા આપવી. બેસણામાં શ્રદ્ધાંજલિ આપવી. જેવા કાર્યક્રમો ખૂબજ ઉત્સાહ અને પ્રફુલ્લિત મનથી મન મુકીને યોજવામાં આવે છે. જેમાં શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કાર્યકરો પ્રમુખશ્રીની આગેવાનીમાં સમાજની ચાલતી પ્રવૃતિઓને વેગ આપવા પોતાના માટે કરતા હોય એવી ભાવનાથી સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિઓને મળી ધન એકમ કરી તમામ પ્રવૃતિઓને વધુને વધુ વેગ આપતા રહેલ છે.જેમાંથી એક જે આ વર્ષ બેતાલીસ દિપક-૧૬ મો અંક પ્રકાશિત કરી રહ્યા છે. જે ૪૨ દિપક અંકના માધ્યમથી સમાજની ચાલતી તમામ ગતિવિધિ તથા સમાજમાં સમાજના સભ્યોએ કરેલ સિદ્ધિઓને પ્રદર્શિત કરવી. જેનાથી બીજા સમાજના માણસોને કોઈ પ્રેરણા મળે,વ્યવહારિક ક્ષેત્રે,શિક્ષણ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ પ્રકાશિત કરવાનું કામ ઉત્કર્ષ છે. બેતાલીસ દિપક એ નવાયુગના નાના-મોટા સૌના દીવાદાંડી સમાન અંક બની રહ્યોછે. તો બેતાલીસ દિપક એક એ સમાજનું દર્પણ છે તો આ દર્પણ આપણાં સમાજ માટે હરહંમેશ જગમગતું રહે...

**એ જ અભ્યર્થના સહ....**
**હર્ષદભાઈ વી. વાઘેલા - દહેગામ**

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા મૃત્યુ સહાય યોજનાનું સફળ સંચાલન


વ્હાલા જ્ઞાતિજનો, આપ સૌ જાણો છો કે, સમાજના જરૂરિયાતમંદ પરિવારોને પોતાના સ્વજન કે મોભીની આકસ્મિક વિદાય વેળા કોઈ આર્થિક તકલીફ ના પડે તે અર્થે સમાજના દરેક પરિવાર પાસેથી દરેક સભાસદ પાસેથી રૂા. ૧૦૦/- રૂપિયા ઉઘરાવીને મૃતકના પરિવારને રૂા.૩૫૦૦૦/- ની આર્થિક સહાય આપવા જે મૃત્યુ સહાય યોજના કેળવણી મંડળ અંતર્ગત ચલાવવામાં આવે છે તે યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૪૪ પરિવારોને લાભ મળ્યો છે. એવું નથી કે દરેક પરિવાર જરૂરિયાતવાળો હોય પણ આ યોજનાનો હેતુ આપના સમાજના જરૂરિયાત વાળા પરિવારોને મદદ કરવા અર્થે છે આપ જયારે કોઈ ગરીબ પરિવારનું સભ્ય અવસાન પામે અને તમે ભલે એમના સગા હોય પરંતુ તે પરિવારને કોઈ આર્થિક મદદ કરશો તો તે તમારો ઋણી હોવાની નિમ્ન ભાવનાથી પીડાશે બીજી રીતે તમે તેના બેસણામાં જઈ ને અલગ અલગ ૧૦૦/- રૂપિયા આપી શકવાના નથી એ પણ એક હીનતાનું કાર્ય છે તો આ માટે આ મૃત્યુ સહાય યોજના શ્રેષ્ઠ છે જેમાં તમે કોઈપણ હીન ભાવના વગર કોઈ ગરીબ કે મધ્યમવર્ગીય પરિવાર કે જેને ખરેખર આવા કઠીન સમયે જયારે તેમણે પોતાના પરિવારનો મોભી ગુમાવ્યો હોય અને નિઃસહાય હોય ત્યારે તેને આપ સૌ સમાજના સભ્યો તરફથી મળેલ સો-સો રૂપિયા ભેગા કરીને રૂપિયા ૩૫૦૦૦/- ની સહાય મળે ત્યારે તેના દિલમાંથી જે આશીર્વાદ નીકળે તે આપ સૌ સભ્યો માટે હોય. અમારો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે, સમાજના જે સુખી સંપન્ન પરિવારો આ યોજનામાં નથી અને તે માનતા હોય કે અમારે આવી કોઈ સહાયની જરૂર નથી તે તમામ પરિવારો આ યોજનામાં જોડાઈને જરૂરિયાતમંદ પરિવારોના આશીર્વાદ મેળવવામાં અગ્રેસર રહે. આવા પરિવારો જો પોતાના પરિવારમાં કોઈ દુઃખદ પ્રસંગ બને અને કેળવણી મંડળ તરફથી જે રૂા. ૩૫,૦૦૦/- ની રકમ મળે તે કેળવણી મંડળ માં અન્ય સેવા કાર્યો માટે દાનભેટ લખાવી શકે છે.

**મૃત્યુ સહાય યોજના અંતર્ગત મૃતક સભાસદનુ લીસ્ટ**

| નં. | મૃતક સભાસદનુ નામ | એરિયા | સભાસદ નં. | સ્વ. તારીખ |
|---|---|---|---|---|
| ૧ | સ્વ.વસંતકુમાર શકરચંદ | નારણપુરા | ૨૯૮ | ૦૩-૦૬-૨૦૨૨ |
| ૨ | સ્વ.ગોવિંદભાઇ સોમાભાઇ | જમીયતપુરા | ૧૩૨ | ૨૦-૦૬-૨૦૨૨ |
| ૩ | સ્વ.યોગેશભાઈ કનુભાઈ | અંબાવપુરા | ૩૩૦ | ૨૨-૦૬-૨૦૨૨ |
| ૪ | સ્વ.ગીરીશભાઇ ગબડદાસ | ત્રાગડ | ૮૭ | ૧૧-૦૭-૨૦૨૨ |
| ૫ | સ્વ.વિદ્યાબેન શકરચંદ | ચેનપુર | ૬૩ | ૨૦-૦૭-૨૦૨૨ |
| ૬ | સ્વ.સુશીલાબેન ગૌતમભાઈ | વેજલપુર | ૪૦૩ | ૩૦-૦૭-૨૦૨૨ |
| ૭ | સ્વ.સુભદ્રાબેન સોમનાથ | નરોડા | ૪૧૨ | ૦૯-૦૮-૨૦૨૨ |
| ૮ | સ્વ.પ્રેમિલાબેન જીવાભાઇ | વામજ | ૨૦ | ૦૨-૦૯-૨૦૨૨ |
| ૯ | સ્વ.લક્ષ્મીબેન વસંતકુમાર | નારણપુરા | ૨૯૮ | ૦૮-૦૯-૨૦૨૨ |
| ૧૦ | સ્વ.પોપટલાલ હરિદાસ | નરોડા | ૨૨૭ | ૨૭-૧૧-૨૦૨૨ |
| ૧૧ | સ્વ.પંકજભાઇ પોપટલાલ | ઘુમા | ૪૧૪ | ૦૭-૧૨-૨૦૨૨ |
| ૧૨ | સ્વ.જયાબેન ભરતભાઈ | કોટેશ્વર | ૪૧૧ | ૨૩-૧૨-૨૦૨૨ |
| ૧૩ | સ્વ.સેંધાભાઇ શકરાભાઈ | ચાણક્યાપુરી | ૧૩૩ | ૧૬-૦૧-૨૦૨૩ |
| ૧૪ | સ્વ.ચંપાબેન શાંતીલાલ | ઝુલાસણ | ૧૪ | ૨૭-૦૧-૨૦૨૩ |
| ૧૫ | સ્વ.કાંતિભાઈ ચીમનભાઈ | નરોડા | ૨૩૪ | ૧૮-૦૨-૨૦૨૩ |
| ૧૬ | સ્વ.હર્ષદભાઇ વિનોદભાઇ | રાણીપ | ૧૮૫ | ૧૮-૦૩-૨૦૨૩ |
| ૧૭ | સ્વ.દિનેશભાઇ અંબાલાલ | ન્યુ રાણીપ | ૬૧ | ૨૨-૦૩-૨૦૨૩ |
| ૧૮ | સ્વ.મંગુબેન રમણલાલ | ગાંધીનગર | ૨૮૫ | ૧૫-૦૪-૨૦૨૩ |
| ૧૯ | સ્વ.કનુભાઈ અંબાલાલ | સરગાસણ | ૩૭૦ | ૧૨-૦૫-૨૦૨૩ |
| ૨૦ | સ્વ.ચંદ્રિકાબેન બાબુભાઈ | ઉનાવા | ૩૮૯ | ૧૮-૦૫-૨૦૨૩ |
| ૨૧ | સ્વ.ધીરુભાઈ બબલદાસ | ઉનાવા | ૩૭૩ | ૨૩-૦૬-૨૦૨૩ |
| ૨૨ | સ્વ.મહેન્દ્રકુમાર સોમનાથ | ગાંધીનગર | ૨૭૯ | ૦૬-૦૭-૨૦૨૩ |
| ૨૩ | સ્વ.ગીતાબેન રસિકભાઈ | ચાંદલોડીયા | ૧૩૬ | ૧૩-૦૮-૨૦૨૩ |
| ૨૪ | સ્વ.નયનાબેન ગુણવંતભાઈ | સોનારડા | ૨૫૦ | ૧૧-૦૯-૨૦૨૩ |
| ૨૫ | સ્વ.બચુભાઈ વિસાભાઈ | ચાંદલોડીયા | ૨૬૪ | ૧૫-૧૦-૨૦૨૩ |
| ૨૬ | સ્વ.નારણભાઈ શકરચંદ | કલોલ | ૩૨૦ | ૨૭-૧૧-૨૦૨૩ |
| ૨૭ | સ્વ.કનુભાઈ કચરાભાઈ | ખોડિયાર | ૭૮ | ૨૭-૧૨-૨૦૨૩ |
| ૨૮ | સ્વ.બળદેવભાઈ ચંદુલાલ | ધોળાકુવા | ૨૯૧ | ૧૬-૦૧-૨૦૨૪ |
| ૨૯ | સ્વ.ગાંડાભાઈ મોહનભાઈ | ચાંદખેડા | ૭૦ | ૩૧-૦૧-૨૦૨૪ |
| ૩૦ | સ્વ.પાર્થ ભરતભાઈ | સોલા | ૩૩૩ | ૦૩-૦૩-૨૦૨૪ |
| ૩૧ | સ્વ.હસમુખભાઇ નટવરલાલ | ચાંદલોડીયા | ૨૬૦ | ૦૪-૦૩-૨૦૨૪ |
| ૩૨ | સ્વ.ગાંડાભાઈ ભાઈચંદદાસ | શીલજ | ૩૦૭ | ૧૮-૦૩-૨૦૨૪ |
| ૩૩ | સ્વ.પંકજભાઈ ભલાભાઇ | ચાંદખેડા | ૭૩ | ૧૪-૦૫-૨૦૨૪ |
| ૩૪ | સ્વ.મનુભાઈ ગોવિંદભાઈ | વાવોલ | ૩૧૨ | ૨૬-૦૫-૨૦૨૪ |
| ૩૫ | સ્વ.ચંપાબેન પુરષોતમદાસ | હાલીસા | ૨૪૮ | ૨૮-૦૫-૨૦૨૪ |
| ૩૬ | સ્વ.કનૈયાલાલ લલ્લુભાઈ | રાણીપ | ૩૦૧ | ૨૧-૦૬-૨૦૨૪ |
| ૩૭ | સ્વ.પરાગભાઈ હર્ષદભાઈ | હાંસોલ | ૩૩૮ | ૨૯-૦૬-૨૦૨૪ |
| ૩૮ | સ્વ.દશરથભાઈ મણિલાલ | ઓઢવ | ૨૨૨ | ૧૮-૦૭-૨૦૨૪ |
| ૩૯ | સ્વ.શારદાબેન દરજી | મોટેરા | ૪૦૬ | ૨૨-૦૮-૨૦૨૪ |
| ૪૦ | સ્વ.પાર્વતિબેન પ્રમોદભાઈ | સોલારોડ | ૩૮૬ | ૧૮-૦૯-૨૦૨૪ |
| ૪૧ | સ્વ.મંજુલાબેન ગોવિંદભાઈ | ઉનાવા | ૩૯૭ | ૧૯-૦૯-૨૦૨૪ |
| ૪૨ | સ્વ.રમણભાઈ પુરષોતમદાસ | વડાવી | ૫૦ | ૨૬-૧૦-૨૦૨૪ |
| ૪૩ | સ્વ.કનુભાઈ ગબડદાસ | વાવોલ | ૮૯ | ૨૯-૧૧-૨૦૨૪ |
| ૪૪ | સ્વ.શીવાભાઈ છનાભાઈ | જેઠલજ | ૪૪૦ | ૧૩-૧૨-૨૦૨૪ |



**આપણો સમાજ પ્રગતિ ના પંથે - મૂળગામ જાસપુરના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી રાકેશભાઈ બાબુભાઈ દરજીના ધર્મપત્ની પોતાની લાડકી દીકરીની અમેરિકા મુલાકાતે**






"ન હિજ્ઞાનેત સદ્‌દૃશં પવિત્રમિહ વિદ્યતે" તત્સ્વયં યોગસંસિદ્ધઃકાલેનાત્મનિ વિંદતિ" " આ સંસ્કૃત શ્લોક નો અર્થ એ છે કે, જ્યાં જ્ઞાનથી અધિક પવિત્ર આ સંસારમાં બીજું કશુજ નથી. યોગમાં સીદ્ધ થયેલ વ્યક્તિ જ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. ભારતીય નારી સાચા અર્થમાં નારાયણી અને પુરુષ સમોવડી બને એમાં એની એકલીનું જ નહિ પણ તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ જાસપુરના અને હાલ કલોલ નિવાસી અને સ્વભાવે સરળ અને ખુબ મહેનતુ એવા ભાઈશ્રી રાકેશભાઈ બાબુલાલ દરજી અને શ્રીમતી અંજનાબેન રાકેશભાઈ દરજી ના ધર્મપત્ની શ્રીમતી અંજનાબેન રાકેશભાઈ દરજી.

ભાઈશ્રી રાકેશભાઈના પિતા સ્વ. બાબુલાલ શકરચંદ દરજી પોતાની પત્ની, બે દીકરી અને એક દીકરાના પરિવારને છોડીને ખુબ નાની ઉંમર માં ઈ.સ.૧૯૮૭ માં સ્વર્ગલોક સિધાવ્યા. પરંતુ નિડર અને મહેનતુ એવા ગં.સ્વ. મંજુલાબેને પોતાના પરિવારને સાચવી લીધો. તેમણે પોતાના ત્રણેય સંતાનોને ભણાવી ગણાવી તેમના વિવાહ કરાવ્યા. તેમનો દીકરો રાકેશભાઈ પણ પોતાની માતાની જેમ ખુબજ મહેનતુ અને પરિપક્વ છે અને પોતાની માતાની જેમ નાની ઉંમરે જ આખા પરિવારની જવાબદારી પોતાના સિરે લઇ લીધી. શ્રી રાકેશભાઈ અને અંજનાબેન ને બે દીકરીઓ વિશ્વા અને ખુશી તેમજ એક દીકરો ચી. શ્લોક છે. શ્રી રાકેશભાઈ અત્યારે ખુબ જ મહેનત કરી રહ્યા છે અને પરમકૃપાળુ ભગવાન તેમને તેમની આ મહેનત નું ફળ આપી રહેલ છે. શ્રી રાકેશભાઈ અને શ્રીમતી અંજનાબેન દ્વારા પોતાની દીકરીને ઉચ્ચ અભ્યાસાર્થે તા. ૧૩.૦૮.૨૦૨૨ ના રોજ અમેરિકા મુકામે મોકલી. ત્યારબાદ પોતાની વ્હાલી દીકરીને સાંત્વના આપવા શ્રીમતી અંજનાબેને અમેરિકા માટે વિઝા એપ્લાય કર્યા અને ભગવાન પણ માં ની મમતા આગળ લાચાર હતા અને અશક્ય લાગતા અમેરિકાના વિઝા તેઓશ્રીને મળ્યા. શ્રીમતી અંજનાબેને તા. ૨૮.૦૨.૨૦૨૪ ના રોજ પોતાની લાડકી દિકરી વિશ્વાને મળવા અને સથવારો આપવા અમેરિકા મુકામે પહોંચી ગયા અને લગભગ છ મહિના તેમની સાથે રહીને તા. ૦૮.૦૮.૨૦૨૪ ના રોજ પોતાના વતન કલોલ મુકામે પરત ફર્યા.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફ થી કુ. વિશ્વાને તેમજ શ્રી રાકેશભાઈ બાબુભાઈ દરજી અને શ્રીમતી અંજનાબેન રાકેશભાઈ દરજી અને તમામ પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને કુ. વિશ્વા તેમના ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે અને પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી અત્રે પ્રાર્થના કરવામાં આવે છે.

**સમાજના વધુ એક મહેનતુ વ્યક્તિ પોર્ટુગલ પ્રવાસે (ચિરાગભાઈ મનુભાઈ દરજી)**





આપણા સમાજના એક દાનવીર અને કર્તવ્યનીષ્ઠ સભ્ય એવા મૂળવતન નંદાસણના અને હાલ ચેનપુર મુકામે રહેતા સ્વ.શ્રી મનુભાઈ ગાંડાભાઈ પરિવારના પરિવાર માં બે દીકરા છે ભાઈશ્રી ચિરાગ અને શ્રી વિભવ. અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ.મનુભાઈનો સામાજીક વારસો આ બંને દીકરાઓએ ખુબ સરસ રીતે સાચવ્યો છે.

અત્રે આપણે વાત કરીશું સ્વ.મનુભાઈના મોટા દીકરા ભાઈ શ્રી ચિરાગભાઈ મનુભાઈ દરજીની. તેઓશ્રી ચેનપુર મુકામને પોતાની કર્મભૂમિ બનાવીને ઇલેક્ટ્રોનીક્સને લગતો વ્યવસાય કરે છે. આ બીઝનેસમાં અત્યંત આધુનિક ટેકનીકથી વાકેફ થવા તેઓશ્રી પોતાના ધંધાકીય કારણોસર તા. ૨૭.૧૨.૨૦૨૩ ના રોજ યુરોપમાં પોર્ટુગલ મુકામે પ્રયાણ કર્યું અને તા. ૧૧.૧૨.૨૦૨૪ સુધી લગભગ એક વર્ષ રહીને પોતાના વતન પરત ફર્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાઈશ્રી ચિરાગભાઈના ધર્મપત્ની શ્રીમતી પાયલબેન એક મહેનતુ અને સમજદાર સન્નારી છે અને પોતાના પતિના દરેક નિર્ણયમાં તેમનો સાથ આપે છે. આ દંપતીને સંતાનોમાં એક દિકરો ચિ. ધ્વનિત અને એક દિકરી કુ. યશ્વી એમ બે સંતાનો છે. તેઓ પોતાના માતૃશ્રી ગં.સ્વ. ગીતાબેન મનુભાઈ દરજીના સાનિધ્ય માં એક સંયુક્ત પરિવાર માં રહે છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી શ્રી ચિરાગભાઈ, શ્રીમતી પાયલબેન, શ્રી વિભવ, ગં.સ્વ. ગીતાબેન મનુભાઈ, ચિ. ધ્વનિત અને કુ. યશ્વીને તેમજ તમામ પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને આ પરિવાર તેમના ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે અને પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી અત્રે પ્રાર્થના કરવામાં આવે છે.

## સમાજનો એક મહેનતુ પરિવાર
## અમેરિકા મુકામે સ્થાયી થયો





આપણા સમાજના મૂળગામ બોપલના અને હાલ અમદાવાદ વર્ધમાનનગર મુકામે રહેતા ભાઈ શ્રી જનકભાઈ લાલભાઈ દરજી દ્વારા એક સાહસિક નિર્ણય લઈને પોતાના સમસ્ત પરિવાર સહીત અમેરિકા મુકામે સ્થાયી થવાનું નક્કી કર્યું.

પોતાના પરિવારના ભવિષ્યને લઈને ભાઈશ્રી જનકભાઈ લાલભાઈ તેમના ધર્મપત્ની અ.સૌ. અમીબેન જનકભાઈ અને તેમના સંતાનો ચી.વ્યોમ અને કુ.હીર માર્ચ-૨૦૨૪માં સહપરિવાર અમેરિકા તરફ પ્રયાણ કર્યું.

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ ભાઈશ્રી જનકભાઈના આ સાહસને બિરદાવે છે અને તેઓશ્રી દ્વારા પોતાના પરિવારના ભવિષ્યને લઈને જે નિર્ણય લીધો છે તે નિર્ણયમાં પ્રભુ તેમને સાથ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ અને ભાઈશ્રી જનકભાઈ લાલભાઈ તેમના અ.સૌ. અમીબેન જનકભાઈ અને તેમના સંતાનો ચી. વ્યોમ અને કુ. હીર ને તેમજ તમામ પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને આ પરિવાર તેમના ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે અને પોતાના પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી અત્રે પ્રાર્થના કરવામાં આવે છે.

## સરકારી નોકરીમાંથી (પોસ્ટ વિભાગ )
## સેવા નિવૃત્તિ મેળવવા બદલ શુભેચ્છા / અભિનંદન





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ માથાસુરના સ્વ શ્રી રતિલાલ ઉમેદરામ દરજી અને તેમના ધર્મપત્ની ગં.સ્વ લીલાબેન રતિલાલ દરજીના પરિવારના દીકરા અને એવાશ્રી મનુભાઈ રતિભાઈ દરજી જેમને આપણા સમાજની દરેક વ્યક્તિ એક નિ:સ્વાર્થ સેવાભાવી અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે અને આપણા સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં તેમના પરિવારનું એક ઉચ્ચ અને સન્માનનીય સ્થાન છે.

આપણે સૌ શ્રી મનુભાઈ રતિલાલ દરજીના જીવન વિશે જાણીશું શ્રી મનુભાઈનો જન્મ તારીખ ૧૦/૧૧/૧૯૬૩ ના રોજ માથાસુર ગામ મુકામે થયેલો હતો, તેમના પરિવારમાં તેઓ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પન્નાબેન મનુભાઈને સંતાનોમાં બે પુત્ર ભાઈ શ્રી કિરણભાઈ અને શ્રી કેતનભાઈ એમ બે સંતાનો છે. શ્રી મનુભાઈએ પોતાના પુરા જીવનકાળ દરમિયાન જીવનની દરેક મુશ્કેલીઓનો સામનો કરી પોતાના પરિવારનો ઉચ્ચ સંસ્કારો સાથે સિંચન કરી પોતાના પરિવારનું જતન કર્યું છે, જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આ સાથે શ્રી મનુભાઈ વિશે વધુ જાણીએ તો, તેઓને નાનપણથી જ પોતાના જીવનમાં પોતાના અને પોતાના પરિવાર માટે કંઈક કરી છૂટવાની પ્રબળ ભાવના હતી, જેથી તેઓને નાનપણમાં પોતાના બહોળા પરિવારમાં માતા-પિતા થકી તેમને મળેલ સંસ્કારોથી પ્રભાવિત થઈ કઠણ પરિશ્રમ કરી તા.૦૯.૦૩.૧૯૯૪ ના રોજ ભારત સરકાર હસ્તકના પોસ્ટ વિભાગ માં એ. એજન્ટ તરીકે ની સર્વિસ પ્રાપ્ત કરી. અને તે સમયમાં સરકારી નોકરી મળવી તે એક ગર્વની બાબત ગણાતી અને આ નોકરી મળતાની સાથે તેઓએ આ હોદ્દા પર પોતાની પૂરી નિષ્ઠા ખંત ઈમાનદારી અને કામ પ્રત્યે પોતાની કર્તવ્ય પરાયણતા સાથે કાર્ય કરી અને તેમના આ કાર્યથી સરકાર પ્રભાવિત થતા તેમને તા. ૧૨.૦૪.૨૦૦૧ ના રોજ પોસ્ટમેન અને ત્યારબાદ તા. ૦૧.૧૧.૨૦૧૪ થી મેઈલ ઓવરસીયર કલોલ સબ ડિવીઝન ખાતે મેઈલ વોરીયરની ઉચ્ચ પોસ્ટ પર નિમણુક આપવામાં આવી. અને આ હોદ્દો મળતા તેમણે એ જ પ્રમાણેની તેમની કાર્યનિષ્ઠા સાથે તેઓ કારકુન તરીકેના હોદ્દા પરથી તારીખ ૩૦.૧૧.૨૦૨૩ ના રોજ સરકાર તરફથી સન્માનિત થઈ સેવામાંથી નિવૃત થયેલ છે, જે બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને તમામ કારોબારી સભ્યો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ શ્રી મનુભાઈ રતિલાલને શુભેચ્છા તેમજ અભિનંદન પાઠવે છે અને સાથે સાથે તેઓ જીવનપર્યંત દિર્ઘાયુ પ્રાપ્ત કરે તેવી અમો ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.

## ખુબ ખુબ અભિનંદન ગુકેશને...



## સ્નેહના સોનેરી તાંતણે બંધાણા





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ આમજાના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા શ્રી અલ્પેશભાઈ ભલાભાઈ દરજી અને શ્રીમતી હેમાબેન અલ્પેશભાઈ દરજીના સુપુત્ર ચી. વિશાલની સગાઈ મૂળગામ વાવોલ અને હાલ કોબા મુકામે રહેતા શ્રી રાજેશભાઈ ધનાભાઈ દરજી અને શ્રીમતી અલ્પાબેન રાજેશભાઈ દરજીની કુ. માનસી સાથે તા. ૨૨/૦૨/૨૦૨૪ ગુરુવારના રોજ ન્યુ સાંઝા ચૂલા ગાર્ડન રેસ્ટોરન્ટ, વૈષ્ણોદેવી મુકામે યોજવામાં આવેલ. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલો અને કેળવણી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યોએ હાજર રહીને નવયુગલને સુખી ભવિષ્યજીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઈ શ્રી અલ્પેશભાઈ ભલાભાઈ અને શ્રીમતી હેમાબેન અલ્પેશભાઈ દરજી, શ્રી રાજેશભાઈ ધનાભાઈ દરજી અને શ્રીમતી અલ્પાબેન રાજેશભાઈ દરજીને ખુબ ખુબ અભિનંદન આપે છે અને ચી. વિશાલ અને કુ. માનસીનું ભવિષ્યનું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સગાઈના પવિત્ર બંધનથી જોડાયા
## ચી. કુલદીપ મુકેશભાઈ દરજી અને કુ. વૃષ્ટિ ચેતનભાઈ દરજી





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ મેર્ડા આદરજના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના સહ મહામંત્રી એવા શ્રી મુકેશભાઈ ચિનુભાઈ દરજી અને શ્રીમતી જ્યોત્સનાબેન મુકેશભાઈ દરજીના સુપુત્ર ચી. કુલદીપની સગાઈ મૂળગામ રકનપુર અને હાલ ઘાટલોડિયા મુકામે રહેતા શ્રી ચેતનભાઈ અરવિંદભાઈ દરજી અને શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ દરજીની સુપુત્રી કુ. વૃષ્ટિ સાથે તા. ૧૧/૦૭/૨૦૨૪ ના રોજ માયરાઈડ બેન્કવેટ હોલ, વંદેમાતરમ્, ગોતા મુકામે યોજવામાં આવેલ. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને નવયુગલને સુખી ભવિષ્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઈ શ્રી મુકેશભાઈ ચિનુભાઈ દરજી અને શ્રીમતી જ્યોત્સનાબેન મુકેશભાઈ દરજી, શ્રી ચેતનભાઈ અરવિંદભાઈ દરજી અને શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ દરજીને ખુબ ખુબ અભિનંદન આપે છે અને ચી. કુલદીપ અને કુ. વૃષ્ટિ નું ભવિષ્યનું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સગાઈના પવિત્ર બંધનથી જોડાયા
## ચી. પ્રતિક અશોકભાઈ દરજી અને કુ. માનસી દરજી





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ વામજના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના સંગઠન મંત્રી એવા શ્રી અશોકભાઈ છનાભાઈ દરજી અને શ્રીમતી ધર્મીષ્ઠાબેન અશોકભાઈ દરજીના સુપુત્ર ચી. પ્રતિકની સગાઈ મૂળગામ કણભા અને હાલ કણભા મુકામે જ રહેતા શ્રી પરેશભાઈ રમણભાઈ દરજી અને શ્રીમતી કૈલાશબેન પરેશભાઈ દરજીની સુપુત્રી માનસી સાથે તા. ૨૩/૦૬/૨૦૨૪ ના રોજ નરોડા મુકામે યોજવામાં આવેલ. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને નવયુગલને સુખી ભવિષ્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઈશ્રી અશોકભાઈ છનાભાઈ દરજી અને શ્રીમતી ધર્મીષ્ઠાબેન અશોકભાઈ દરજી, શ્રી પરેશભાઈ રમણભાઈ દરજી અને શ્રીમતી કૈલાસબેન પરેશભાઈ દરજીને ખુબ ખુબ અભિનંદન આપે છે અને ચી. પ્રતિક અને કુ. માનસીનું ભવિષ્યનું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.




## સમાજના એક સાહસિક યુવાન અને કેળવણી મંડળના પૂર્વ સભ્ય એવા ભાઈશ્રી નવીનભાઈ બચુભાઈ દરજીએ સાહસ કરીને ટેલરીંગ મટીરીયલનો બીજો શો-રૂમ ચાલુ કર્યો - અભિનંદન



મૂળગામ ચાંદલોડિયાના અને હાલ ચાંદલોડિયા મુકામે જ રહેતા ભાઈશ્રી નવીનભાઈ બચુભાઈ એક સમાજ પ્રેમી વ્યક્તિ તરીકે ખુબજ સક્રિય રીતે ફરજ બજાવે છે અને પોતાના પિતાશ્રી બચુભાઈના સંસ્કારોને લઈને હંમેશા આપણા સમાજ અને સમાજના વ્યક્તિઓ માટે કાંઈપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેન પણ તેમના પતિના દરેક કાર્યમાં એટલો જ સાથ અને સહકાર આપે છે. ભાઈશ્રી નવીનભાઈ એક સાહસિક નવયુવાન છે. ટૂંકા ગાળામાં પોતાના ટેલરીંગ મટીરીયલના ધંધામાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. તેઓશ્રી તેમની સામાજિક લાગણી રૂપે સતત સાત વર્ષ સુધી થી દર દિવાળીએ આપણા સમાજને દીપાવલી કેલેન્ડરમાં જાહેરાત આપેલ છે.

શ્રી નવીનભાઈ બચુભાઈ દરજી એક સાહસિક યુવાન છે. પોતાની પ્રથમ દુકાનની સફળતાથી પ્રેરિત થઈને તેઓશ્રી એ પોતાના બીઝનેસ ના વિસ્તરણ માટે એક સાહસિક નિર્ણય લઈને તેમના દ્વારા ચાંદલોડિયા મુકામે નીલકંઠ શોપિંગ સેન્ટર ખાતે તારીખ-૬/૧૧/૨૦૨૪ ને લાભ પાંચમના રોજ તેમના પરિવારજનોની ઉપસ્થિતિમાં નવીન દુકાનનો શુભારંભ કરેલ છે.ભવિષ્યમાં તેઓ પોતાના આ સાહસ માં ખુબ સફળ થાય તેવી શુભકામનાઓ કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો દ્વારા આપવામાં આવે છે.

## કેળવણી મંડળના વરિષ્ઠ યુવા ઉપ-પ્રમુખશ્રી એવા કોબાના શ્રી શંભુભાઈના ઘરે રૂડો અવસર



મૂળવતન કોબાના અને હાલ ગાંધીનગર સેક્ટર-૨ મુકામે રહેતા હાલની કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી શંભુભાઈ બબલદાસ દરજી આપણા સમાજમાં કોઈપણ જાતના પરિચયના મોહતાજ નથી. કેળવણી મંડળની જૂની કારોબારીમાં પોતાની આજીવન સેવાઓ આપ્યા પછી પણ નિવૃત ઉંમરે તેઓ કેળવણી મંડળમાં હોદ્દા પર રહીને યુવાનોને પણ શરમાવે તેવી તરવરાટથી સમાજ સેવાના કાર્યો કરે છે. સમાજ, સમાજના લોકો અને કેળવણી મંડળના સમાજલક્ષી કોઈપણ કાર્યમાં તેઓ હંમેશા મહેનત અને ખંત થી કામ કરી રહેલ છે અને કેળવણી મંડળના અમારા યુવાન કારોબારી મિત્રોને પોતાના અનુભવનો લાભ આપી રહેલ છે. આવા સેવાભાવી વ્યક્તિ શ્રી શંભુભાઈ બબલદાસ દરજી અને શ્રીમતી ભગવતીબેન શંભુભાઈ દરજી ના સુપુત્ર શ્રી પ્રવીણભાઈ શંભુભાઈ દરજી અને તેમના ધર્મપત્ની અ.સૌ. સોનલબેન પ્રવીણભાઈ દરજી અને તેમના પરિવાર દ્વારા તેમના કુળદેવી શ્રી મહાકાળી માતાજીની કૃપાથી તારીખ ૨૦/૦૬/૨૦૨૪ ના રોજ તેમના નિવાસ સ્થાને સહ પરિવાર સગાવ્હાલા, કુટુંબીજનો, પરિચિત મિત્રો અને કેળવણી મંડળના સભ્યોને આમંત્રણ આપી લઘુરુદ્રી હવન તેમજ તેમના સુપુત્ર ચિ. રોહનના જન્મદિવસ નો પ્રસંગ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ઉપસ્થિત તમામ વ્યક્તિઓએ સંપૂર્ણ દિવસ ભક્તિમય વાતાવરણમાં વિતાવ્યો અને ત્યારબાદ સાંજે અતિભવ્ય પ્રસાદીની વ્યવસ્થાનો લાભ લઈને તમામ છુટા પડેલ. આ પ્રસંગે ઉપસ્થિત દરેક મહેમાન દ્વારા શ્રી શંભુભાઈ બબલદાસ દરજી અને શ્રીમતી ભગવતીબેન શંભુભાઈ દરજી, શ્રી પ્રવીણભાઈ શંભુભાઈ દરજી અને તેમના ધર્મપત્ની અ.સૌ. સોનલબેન પ્રવીણભાઈ દરજી, બર્થ ડે બોય ચી. રોહનને આશીર્વાદ આપવામાં આવેલ અને તેમના સુખી ભવિષ્ય જીવનની પ્રાર્થના કરવામાં આવેલ.

## મૂળ ગામ છત્રાલના સમાજ શ્રેષ્ઠી શ્રી કૌશિકભાઈ કાન્તિલાલ દરજીના ઘરે બ્રહ્માણી માં ના તેડા



**માં ને તેડુ**

કેળવણી મંડળ તરફથી અમે હંમેશા જણાવતા આવ્યા છે કે આપના સમાજ ના જે કુલ બેતાલીસ ગામ છે તે બધા ગામમાં સૌથી વધુ નોંધપાત્ર પ્રગતી કરી હોય તો તે છત્રાલ ગામ છે. વ્યવસાયિક, શૈક્ષણિક, આર્થિક અને સમાજ સેવા એમ દરેક ક્ષેત્રે છત્રાલ ગામના વ્યક્તિઓએ પોતાની અમીટ છાપ છોડેલ છે જે સમાજના દરેક સભ્યના માનસ પટલ પર છવાયેલી છે. આવા પ્રતિષ્ઠિત ગામ છત્રાલના અને હાલ સાયન્સ સીટી મુકામે રહેતા શ્રી કૌશિકભાઈ કાંતિલાલ દરજી પોતાના બીઝનેસમાં સુઝબુઝથી પોતાનું અને પોતાના પરિવારનું નામ કમાયેલ છે. સંપૂર્ણ સમાજ પણ જાણે છે કે, તેઓ શ્રી બ્રહ્મકુમારી ધર્મના ભક્તિ માર્ગે પણ એટલાજ સક્રિય છે જેટલા પરિવાર અને ધંધાકીય કામમાં છે. આ ઉપરાંત તેઓશ્રી આપણા સમાજ પ્રત્યે એક વિશેષ લાગણી ધરાવે છે. પ્રભુ તેમને જે આપે છે તેમાંથી અમુક ભાગ તેઓ સમાજસેવા અને લોક કલ્યાણ પાછળ ખર્ચે છે. અત્યાર સુધીના અમારા કાર્યકાળમાં એક પણ વખત એવું નથી બન્યું કે કેળવણી મંડળ દ્વારા કોઈપણ સમાજસેવાના કાર્ય માટે ટહેલ નાખવામાં આવી હોય અને

તેમનો અને તેમના સમસ્ત કુટુંબનો ફાળો ના હોય. આવા શ્રેષ્ઠ વ્યક્તિત્વના સ્વામી એવા શ્રી કૌશિકભાઈ અને શ્રીમતી મનીષાબેન કૌશિકભાઈ દરજીના પરિવાર દ્વારા તેમના સુપુત્રી ક્રિનલ રવિકુમાર દરજીને અમેરિકાની સીટિઝનશિપ મળવાથી તારીખ-૧૯/૦૫/૨૦૨૪ ના રવિવારના રોજ તેમના ઘરે સગા સંબંધી અને કુટુંબીજનો તેમજ મિત્રોને આમંત્રણ આપી તેમના કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીના નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. તમામ સગા સ્નેહીની હાજરીમાં સમસ્ત પ્રસંગ ખુબ ભાવભક્તિથી ઉજવવામાં આવ્યો. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમને પોતાની સુપુત્રીની આ સફળતા બદલ અભિનંદન આપે છે અને તેઓ અને તેમનો પરિવાર ભવિષ્યમાં ખુબ સુખી થાય અને નીરોગી જીવન જીવે તેવી પ્રાર્થના અત્રે કરવામાં આવે છે.


## ભાવ પ્રતિભાવ

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના વ્હાલા જ્ઞાતિજનો, આજ આપ સૌના આશીર્વાદથી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કારોબારી સભ્ય તરીકે સેવા કરવાની આપ સૌએ તક આપીએ બદલ આપ સૌનો આભાર વ્યકત કરું છું. વટવૃક્ષ બનેલ બેતાલીસ દરજી સમાજ જે ગુજરાતના ઘણા અલગ-અલગ જૂથો માનું એક જુથ છે. જેમાં મારા અનુભવ અને લોકોના પ્રતિભાવો મળ્યા તે મુજબ આપણે બેતાલીસ દરજી સમાજ ઉત્તમ અને શ્રેષ્ઠ સમાજ છે. લોકોના મુખેથી સાંભળવા મળતી વાતો મુજબ આપનો સમાજ સુસંસ્કારી, સુચલિત અને બાળકોમાં ઉત્તમ સંસ્કારનું સિંચન કરી ઉછેર કરનાર સમાજ છે.ઘણા સમાજમાં જે તકલીફો છે. તેના પ્રમાણમાં આપણો સમાજ શ્રેષ્ઠ છે.છેલ્લા ઘણા વર્ષોથી સમાજની ચાલતી વિવિધ પ્રવૃતિઓ જેમાં બાળકોને પુસ્તક સહાય, નિઃશુલ્ક નોટબુક વિતરણ, કોરોના કીટ સહાય, મૃત્યુ સહાય, શુભ પ્રસંગે જે શુભેચ્છા આપવી. બેસણામાં શ્રદ્ધાંજલિ આપવી. જેવા કાર્યક્રમો ખૂબજ ઉત્સાહ અને પ્રફુલ્લિત મનથી મન મુકીને યોજવામાં આવે છે. જેમાં શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કાર્યકરો પ્રમુખશ્રીની આગેવાનીમાં સમાજની ચાલતી પ્રવૃતિઓને વેગ આપવા પોતાના માટે કરતા હોય એવી ભાવનાથી સમાજના પરિવારોને મળી ધન એકત્ર કરી તમામ પ્રવૃતિઓને વધુને વધુ વેગ આપતા રહેલ છે.જેમાંથી એક જે આ વર્ષ બેતાલીસ દિપક-૧૬ મો અંક પ્રકાશિત કરી રહ્યા છે. જે બેતાલીસ દિપક અંકના માધ્યમથી સમાજની ચાલતી તમામ ગતિવિધિ તથા સમાજમાં સમાજના સભ્યોએ કરેલ સિદ્ધિઓને પ્રદર્શિત કરવી. જેનાથી સમાજના બીજા માણસોને કોઈ પ્રેરણા મળે, વ્યવહારિક ક્ષેત્રે, શિક્ષણ ક્ષેત્રે મેળવેલ સિદ્ધિઓ પ્રકાશિત કરવાનું કામ ઉત્કર્ષ છે. બેતાલીસ દિપક એ નવાયુગના નાના-મોટા સૌના દીવાદાંડી સમાન અંક બની રહ્યો છે. તો "બેતાલીસ દિપક અંક" એક સમાજનું દર્પણ છે તો આ દર્પણ આપણાં સમાજ માટે હરહંમેશ ઝગમગતું રહે...

**એ જ અભ્યર્થના સહ....**

**હર્ષદભાઈ પ્રવિણભાઇ વાઘેલા - દહેગામ**

## આપણા સમાજના શ્રી હિતેશભાઈ ગોહેલ દ્વારા નવીન મકાનમાં ગૃહપ્રવેશ કરવામાં આવ્યો



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળગામ રાંધેજાના જયંતભાઈ ભુલાભાઈ દરજી અને શ્રીમતી શકુંતલાબેન જયંતભાઈ દરજીના નવાવાડજ મુકામે રહેતા સુપુત્ર શ્રી હિતેશકુમાર જયંતભાઈ ગોહેલ અને શ્રીમતી સરોજબેન હિતેશકુમાર ગોહેલ દ્વારા "સન સ્ટાર કોમ્પલેક્ષ, ગુલાબ ટાવર, ઘાટલોડિયા, અમદાવાદ." ખાતે નવીન મકાન રાખવામાં આવેલ છે. ઓગસ્ટ-૨૦૨૩ ના રોજ તેમના સહ પરીવાર સગા વ્હાલા કુટુંબીજનો અને મિત્રોને આમંત્રણ આપી તેમના નવા મકાનના ગૃહ પ્રવેશ નિમિતે ગાયત્રી હવનનું આયોજન કરવામાં આવ્યું. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમને પોતાની આ સફળતા બદલ અભિનંદન આપે છે.

## કેળવણી મંડળના સભ્ય એવા શ્રી ધર્મેશભાઈ ભરતભાઈ નોકરીમાં પ્રગતિના પંથે અગ્રેસર






કેળવણી મંડળના ચાંદખેડા એરીયાના નવનિયુક્ત કારોબારી સભ્ય શ્રી ધર્મેશભાઈ ભરતભાઈ દરજીએ ઘણા વર્ષોથી બ્લ્યુસ્ટાર લીમીટેડ માં પોતાની સેવાઓ આપી રહેલ છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ભાઈશ્રી ધર્મેશભાઈ એક મહેનતુ, ઉત્સાહી અને ખંતીલા નવયુવાન છે. પોતાની હોશીયારી અને કામ પ્રત્યેની ધગસથી તેઓ એ ટૂંક સમય માંજ પોતાના ઉપરી અધિકારી નો વિશ્વાસ જીત્યો છે. તેમની મહેનત કાર્યદક્ષતા અને પ્રમાણિકતાના કારણે તા-૦૧/૦૭/૨૦૨૩ ના રોજ તેમની કંપની બ્લ્યુસ્ટાર લિમિટેડ માં આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજરની હોદ્દા પરથી આગળ વધી કોમર્શિયલ એર કન્ડિશન ડિવિઝનમાં ડેપ્યુટી કોમર્શિયલ મેનેજર તરીકે પ્રમોશન મેળવ્યું.

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ભાઈ શ્રી ધર્મેશભાઈ ભરતભાઈ દરજી તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન ધર્મેશભાઈ દરજી અને સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને તેઓ શ્રી ભવિષ્યમાં પણ આ જ રીતે પોતાની વ્યવસાયિક પ્રગતિ કરતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ.

પબ્લિક રજીસ્ટર ટ્રસ્ટ નંબર - એ/૭૮, તા - ૧૬/૦૮/૧૯૮૪

તા- ૦૧/૦૪/૨૦૨૩ થી તા - ૩૧/૦૩/૨૦૨૪ ના રોજ પૂરા થતા વર્ષનું નફા નુકસાન ખાતું

| આવક | રકમ રૂ. | જાવક | રકમ રૂ. |
|---|---|---|---|
| આજીવન નોટબુક દાન ભેટ | ૨૬૦૦૦ | ઓડિટ ફી | ૫૦૦૦ |
| બેંક વ્યાજ | ૧૨૯૪૬ | બેંક ચાર્જિસ | ૩૯૬ |
| બેતાલીસ દીપક દાનભેટ | ૩૫૦૦૦ | બેતાલીસ દીપક ગિફ્ટ ખર્ચ | ૪૮૧૨૫ |
| દિવાળી કેલેન્ડર | ૨૧૦૦૦ | યાત્રા ખર્ચ | ૨૫૨૦૦૦ |
| જનરલ દાન ભેટ | ૨૮૦૮૦૩ | કુરિયર ચાર્જ | ૧૨૭૩ |
| મૃત્યુ સહાય ફંડ | ૬૨૫૪૦૦ | ઘસારા ખર્ચ | ૯૮૭૨ |
| એફડી વ્યાજ | ૧૪૩૮૩૭ | દિવાળી કેલેન્ડર ખર્ચ | ૫૭૬૪૮ |
| નોટબુક દાન ભેટ | ૧૮૨૫૫૨ | એફડી વ્યાજ | ૪૫૧૪૪ |
| સમાજ દર્શન દાન ભેટ | ૫૦૦ | ઇન્કમટેક્સ | ૩૭૦૦ |
| વાર્ષિક લવાજમ | ૧૧૯૩૦૦ | મૃત્યુ સહાય ચુકવણી ખર્ચ | ૫૯૫૦૦૦ |
| વિધવા સહાય દાનભેટ | ૩૩૦૦૦ | નોટબુક ખર્ચ | ૧૬૮૩૭૫ |
| | | ઓફિસ ખર્ચ | ૧૯૭૩૨ |
| | | સ્ટેશનરી અને પ્રિન્ટિંગ ખર્ચ | ૫૯૪૪૯ |
| | | શ્રદ્ધાંજલિ ખર્ચ | ૧૬૩૦ |
| | | શુભેચ્છા પત્ર ખર્ચ | ૫૦૪૮ |
| | | વિધવા સહાય ખર્ચ | ૩૩૦૦૦ |
| | | | |
| | | | |
| | | ચોખ્ખો નફો | ૧૭૪૯૪૬ |
| | | | |
| કુલ રકમ રૂ. | ૧૪૮૦૩૩૮ | કુલ રકમ રૂ. | ૧૪૮૦૩૩૮ |

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ.

પબ્લિક રજીસ્ટર ટ્રસ્ટ નંબર - એ/૭૮, તા - ૧૬/૦૮/૧૯૮૪

તા - ૩૧/૦૩/૨૦૨૪ ના રોજ નું પાકું સરવૈયું

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. | વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| જનરલ ફંડ ખાતે | | ૧૭૪૭૪૪ | સ્થાવર મિલકત : | | ૫૨૬૮૩૮ |
| ગયા વર્ષ સુધીના | ૧૭૪૭૪૪ | | એર કન્ડિશન | ૩૭૫૦૦ | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | કોમ્પ્યુટર | ૧૯૩૦૭ | |
| વિધવા સહાય ફંડ | | ૮૦૮૭૭ | લાઉડ સ્પીકર | ૫૬૩૧ | |
| ગયા વર્ષ સુધીના | ૮૦૮૭૭ | | ઓફિસ | ૪૫૦૦૦૦ | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | ટેબલ ખુરશી | ૧૪૪૦૦ | |
| મૃત્યુ સહાય ફંડ | | ૧૫૮૨૦૧ | ફિક્સ ડિપોઝિટ : | | ૨૨૩૧૬૦૯ |
| ગયા વર્ષ સુધીના | ૧૨૭૮૦૧ | | એડીસી બેંક અમદાવાદ | ૨૨૩૧૬૦૯ | |
| ચાલુ વર્ષે વધારો | ૩૦૪૦૦ | | બેંક બચત ખાતામાં જમા : | | ૨૯૪૨૯૬ |
| ચૂકવવા પાત્ર ખર્ચ | | ૨૦૪૨૨ | બેંક ખાતામાં જમા | ૨૯૪૨૯૬ | |
| ગયા વર્ષ સુધીના | 0 | | હાથ પર સિલક | | ૬૨૬૬૧ |
| ચાલુ વર્ષે વધારો | ૨૦૪૨૨ | | | | |
| દાનેશ્વર સભ્ય ફી | | ૫૮૪૦૮૦ | | | |
| ગયા વર્ષ સુધીના | ૫૮૪૦૮૦ | | | | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | | | |
| મેરીટ પ્રાઇઝ ફંડ | | ૩૩૦૨૪ | | | |
| ગયા વર્ષ સુધીના | ૩૩૦૨૪ | | | | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | | | |
| યુવા પાંખ સભ્ય ફી | | ૬૬૩ | | | |
| ગયા વર્ષ સુધીના | ૬૬૩ | | | | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | | | |
| વિદ્યાર્થી સહાય ફંડ | | ૬૯૬૨ | | | |
| ગયા વર્ષ સુધીના | ૬૯૬૨ | | | | |
| ચાલુ વર્ષે વધારો | 0 | | | | |
| નફા નુકશાન ખાતે | | ૨૦૫૬૮૩૧ | | | |
| ગયા વર્ષ સુધીના | ૧૯૩૨૭૦૭ | | | | |
| ચાલુ વર્ષે વધારો | ૧૭૪૯૪૬ | | | | |
| કુલ રકમ રૂ. | | ૩૧૧૫૪૦૪ | કુલ રકમ રૂ. | | ૩૧૧૫૪૦૪ |

# શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વિ-વાર્ષિક સાધારણ સભા- ૨૦૨૪

## સ્ટેજ શોભાવનાર મહેમાનશ્રીઓ તરફથી મળેલ દાનભેટ

**: સમારંભના પ્રમુખશ્રી (રૂા. ૨૫,૦૦૦) :**
**શ્રીમતિ નીશાબેન જીતેન્દ્રભાઇ – દશેલા**

**: મુખ્ય મહેમાનશ્રી (રૂા. ૨૧,૦૦૦) :**
**શ્રીમતિ સરોજબેન હરીશભાઇ – ઘાટલોડીયા**

### : અતિથિ વિશેષશ્રી :

| | | |
|---|---|---|
| શ્રીમતિ ઉષાબેન બિપીનચંદ્ર | કલોલ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ દક્ષાબેન વિષ્ણુભાઇ | ચાંદખેડા | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ સેજલબેન કમલેશકુમાર | આંબલી | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ શકુન્તલાબેન નટવરભાઇ | બોપલ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ અમીતાબેન પિયુષભાઇ | કલોલ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ ભગવતીબેન શંભુભાઇ | ગાંધીનગર | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ ભગવતીબેન કૃષ્ણકાંતભાઇ | ગાંધીનગર | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ સેજલબેન જીજ્ઞેશકુમાર | ન્યુ રાણીપ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ મોનાબેન રાકેશકુમાર | ન્યુ રાણીપ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ રંજનબેન સુરેશભાઇ | ન્યુ રાણીપ | ૧૧,૦૦૦ |
| શ્રીમતિ નીલાબેન હસમુખભાઇ | ન્યુ રાણીપ | ૧૧,૦૦૦ |

## દ્વિવાર્ષિક અધિવેશન - ૨૦૨૪ ભોજનદાન ના દાતાશ્રીઓની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અશોકભાઇ રમણલાલ | ગાંધીનગર | ૫૧૦૦૦ |
| ૨ | શ્રી રમણલાલ કાળીદાસ પરિવાર | દહેગામ | ૨૧૧૧૧ |
| 3 | સ્વ. ગીરધારીલાલ છનાલાલ (ઉનાવા પરિવાર) | ગાંધીનગર | ૧૫૦૦૦ |
| ૪ | શ્રી રાજેશભાઇ મણીલાલ | રાણીપ | ૧૧૧૧૧ |
| ૫ | શ્રી મહેન્દ્રભાઇ દિનેશભાઇ | છત્રાલ | ૧૧૧૧૧ |
| ૬ | શ્રી કનુભાઇ બબલદાસ | જુનાગઢ | ૧૧૦૦૦ |
| ૭ | શ્રી નવિનભાઇ બચુભાઇ | ચાંદલોડીયા | ૧૧૦૦૦ |
| ૮ | સ્વ. અમૃતલાલ ગબડદાસ | ચેનપુર | ૧૧૦૦૦ |
| ૯ | સ્વ. ભાઇલાલભાઇ છનાભાઇ<br>હસ્તે : ગં.સ્વ. શાંતાબેન ભાઇલાલભાઇ | ભાડજ | ૧૧૦૦૦ |
| ૧૦ | શ્રી અંબાલાલ કાળીદાસ પરિવાર | મગોડી | ૧૦૦૦૦ |
| ૧૧ | શ્રી મહેન્દ્રભાઇ કનૈયાલાલ | સરગાસણ | ૫૫૦૧ |
| ૧૨ | શ્રીમતિ કૈલાશબેન ગોવિંદભાઇ | વિસત | ૫૧૦૦ |
| ૧૩ | શ્રી અજયભાઇ કાન્તિલાલ | નરોડા | ૫૧૦૦ |
| ૧૪ | શ્રી અશોકભાઇ ફકીરચંદ | ઘાટલોડીયા | ૫૧૦૦ |
| ૧૫ | શ્રી રસિકભાઇ મણીલાલ | ઘાટલોડીયા | ૫૧૦૦ |
| ૧૬ | શ્રી મિલોનભાઇ શશીકાન્તભાઇ | નિર્ણયનગર | ૫૧૦૦ |
| ૧૭ | સ્વ. દિનેશભાઇ અંબાલાલ | ઘાટલોડીયા | ૫૧૦૦ |
| ૧૮ | ગં.સ્વ. તારાબેન દિનેશભાઇ | ઘાટલોડીયા | ૫૧૦૦ |
| ૧૯ | શ્રી પુનમભાઇ ડાહ્યાભાઇ | ઓગણજ | ૫૧૦૦ |
| ૨૦ | શ્રી અશોકભાઇ બબલદાસ | કોબા | ૫૧૦૦ |
| ૨૧ | શ્રી રઘુભાઇ રમણલાલ | ગાંધીનગર | ૫૧૦૦ |
| ૨૨ | સ્વ. રતિલાલ ગબડદાસ | ચેનપુર | ૫૧૦૦ |
| ૨૩ | શ્રી પરેશભાઇ સોમનાથ | મેમનગર | ૫૧૦૦ |
| ૨૪ | શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઇ | છત્રાલ | ૫૧૦૦ |
| ૨૫ | શ્રી દિલીપભાઇ મંગળદાસ | કલોલ | ૫૧૦૦ |
| ૨૬ | શ્રીમતી મીનાબેન રમેશભાઇ | મેર્ડાઆદરજ | ૫૧૦૦ |
| ૨૭ | શ્રી મનિષભાઇ મનુભાઇ | શાહીબાગ | ૫૧૦૦ |
| ૨૮ | શ્રી રાકેશભાઇ દશરથભાઇ | શીલજ | ૫૧૦૦ |
| ૨૯ | શ્રી રજનીભાઇ ચંદુભાઇ | રાણીપ | ૫૧૦૦ |
| 30 | શ્રી પ્રમોદભાઇ ભુલાભાઇ | રાંધેજા | ૫૧૦૦ |
| 3૧ | શ્રી રમેશભાઇ નાથાલાલ | ગાંધીનગર | ૫૦૦૦ |
| 3૨ | શ્રી સુરેશભાઇ મંગળદાસ | ઘાટલોડીયા | ૫૦૦૦ |
| 33 | શ્રી મિતેશભાઇ કાન્તિભાઇ | રાંધેજા | 3૧૦૦ |
| 3૪ | શ્રીમતી મંજુલાબેન કનૈયાલાલ | કલોલ | 3000 |
| 3૫ | શ્રી બાબુભાઇ શકરાભાઇ | ઉનાવા | ૨૫૦૦ |
| 3૬ | શ્રી બંસીભાઇ પુરૂષોત્તમભાઇ | ઘાટલોડીયા | ૨૧૦૦ |
| 3૭ | ગં.સ્વ. લીલાબેન રમણભાઇ | ઘાટલોડીયા | ૨૧૦૦ |
| 3૮ | શ્રી શૈલેષભાઇ બળદેવભાઇ | આંબલી | ૨૧૦૦ |
| 3૯ | શ્રી ગુણવંતભાઇ બાબુભાઇ | ભાડજ | ૨૧૦૦ |
| ૪૦ | શ્રી રાજેશભાઇ ધનાલાલ | કોબા | ૨૧૦૦ |
| ૪૧ | શ્રી અરવિંદભાઇ ગાંડાભાઇ | કોબા | ૨૧૦૦ |
| ૪૨ | ગં.સ્વ. ગીતાબેન લલીતભાઇ | કોબા | ૨૧૦૦ |
| ૪૩ | શ્રી જીગ્નેશભાઇ મનુભાઇ | ન્યુ રાણીપ | ૨૧૦૦ |
| ૪૪ | શ્રી વિપુલભાઇ ભીખાભાઇ | મેમનગર | ૨૧૦૦ |
| ૪૫ | શ્રી રમેશભાઇ અંબાલાલ | ચાંદખેડા | ૨૧૦૦ |
| ૪૬ | સ્વ. રસિકભાઇ ભોગીભાઇ<br>હસ્તે : રાજુભાઇ તથા પ્રવિણભાઇ | રાણીપ | ૨૧૦૦ |
| ૪૭ | શ્રી પ્રફુલભાઇ પુરૂષોત્તમદાસ | ઘાટલોડીયા | ૨૧૦૦ |
| ૪૮ | શ્રી મુકેશભાઇ ચીનુભાઇ | કલોલ | ૨૧૦૦ |
| ૪૯ | શ્રી ખોડભાઇ નારણભાઇ | કલોલ | ૨૧૦૦ |
| ૫૦ | શ્રી અરવિંદભાઇ વિઠ્ઠલદાસ | કલોલ | ૨૧૦૦ |
| ૫૧ | શ્રી અલકેશભાઇ અમૃતભાઇ | કલોલ | ૨૧૦૦ |
| ૫૨ | શ્રી સુરેશભાઇ વિઠ્ઠલદાસ | છત્રાલ | ૨૧૦૦ |
| ૫૩ | શ્રી હર્ષદભાઇ પ્રવિણભાઇ | દહેગામ | ૨૧૦૦ |
| ૫૪ | શ્રી અશોકભાઇ કેશવલાલ | ગાંધીનગર | ૨૧૦૦ |
| ૫૫ | શ્રી મહેશભાઇ કેશવલાલ | ગાંધીનગર | ૨૧૦૦ |
| ૫૬ | શ્રી રાજુભાઇ મનુભાઇ | ઉનાવા | ૨૧૦૦ |
| ૫૭ | શ્રી સંજયભાઇ મનુભાઇ | ઉનાવા | ૨૧૦૦ |
| ૫૮ | શ્રી દિલીપભાઇ નટવરલાલ | ચાંદખેડા | ૨૧૦૦ |
| ૫૯ | શ્રી વિજયભાઇ ગોવિંદભાઇ | ન્યુ રાણીપ | ૨૧૦૦ |
| ૬૦ | શ્રી ગોવિંદભાઇ કાન્તિલાલ | ઉનાવા | ૨૧૦૦ |
| ૬૧ | શ્રી જયંતિભાઇ પુરસોત્તમદાસ | ઘાટલોડીયા | ૨૦૦૦ |
| ૬૨ | શ્રી ગોવિંદભાઇ બબાભાઇ | દહેગામ | ૧૫૦૧ |
| ૬૩ | શ્રી દિપકભાઇ ગાંડાભાઇ | ચાંદલોડીયા | ૧૫૦૦ |
| ૬૪ | શ્રી પ્રવિણભાઇ બુધાલાલ | ન્યુ રાણીપ | ૧૫૦૦ |
| ૬૫ | શ્રી હર્ષદભાઇ આત્મારામ | સરગાસણ | ૧૧૧૧ |
| ૬૬ | શ્રી નટવરલાલ ડાહ્યાભાઇ | ઘાટલોડીયા | ૧૧૧૧ |
| ૬૭ | શ્રી વિપુલભાઇ ગુણવંતલાલ | ન્યુ રાણીપ | ૧૧૧૧ |
| ૬૮ | સ્વ. મનુભાઇ ગાંડાભાઇ પરિવાર | ન્યુ રાણીપ | ૧૧૧૧ |
| ૬૯ | શ્રી શરદભાઇ ચંદુભાઇ | ન્યુ રાણીપ | ૧૧૧૧ |
| ૭૦ | શ્રી દિનેશભાઇ માણેકલાલ | મોટેરા | ૧૧૦૦ |
| ૭૧ | શ્રી પંકજભાઇ બાબુભાઇ | મોટેરા | ૧૧૦૦ |
| ૭૨ | શ્રી કનુભાઇ ગાંડાભાઇ | કોબા | ૧૧૦૦ |
| ૭૩ | શ્રી અશોકભાઇ કનુભાઇ | વામજ | ૧૧૦૦ |
| ૭૪ | શ્રી અશોકભાઇ ચીમનભાઇ | કલોલ | ૧૧૦૦ |
| ૭૫ | શ્રી અમૃતભાઇ અંબાલાલ | છત્રાલ | ૧૧૦૦ |
| ૭૬ | શ્રી રસિકભાઇ અંબાલાલ | છત્રાલ | ૧૧૦૦ |
| ૭૭ | શ્રી ચંદ્રકાન્તભાઇ કાન્તિલાલ | મેર્ડા આદરજ | ૧૧૦૦ |
| ૭૮ | શ્રી રમેશભાઇ જયંતિલાલ | ભુવાલડી | ૧૧૦૦ |
| ૭૯ | શ્રી રોનકભાઇ જયંતિભાઇ | ચાંદખેડા | ૧૧૦૦ |
| ૮૦ | શ્રી વિનોદભાઇ અમૃતભાઇ | મેર્ડા આદરજ | ૧૧૦૦ |



નોંધ : તારીખ : ૩૦-૧૧-૨૦૨૪ સુધી નોંધવામાં આવેલ દાન-ભેટ

## ।। ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ ।।



સ્વ. જીવણલાલ છગનલાલ દરજી
દેહ વિલય : ૯-૧૧-૨૦૨૦



સ્વ. શારદાબેન જીવણલાલ દરજી
દેહ વિલય : ૨૭-૧૧-૨૦૧૧


મધુર સ્મરણોથી અંકિત છો અમારા હૃદયમાં...
કર્મોની સુવાસથી જીવંત છો અમારા શ્વાસમાં...
ઓમ્ શાંતિ... શાંતિ... શાંતિ...

।। સૌજન્ય ।।

શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી
અ.સૌ. ઉષાબેન બિપીનચંદ્ર દરજી
શ્રી ધવલ બિપીનચંદ્ર દરજી
શ્રી મેહુલ બિપીનચંદ્ર દરજી

તથા સહપરિવાર

## હાર્દિક શ્રધ્ધાંજલિ



સ્વ. ભલાભાઈ શકરચંદ દરજી
સ્વ. તા. ૮-૭-૨૦૦૫
(કલોલ)



સ્વ. પુરીબેન ભલાભાઈ દરજી
સ્વ. તા. : ૨૩-૪-૨૦૨૧
(કલોલ)

નથી હયાત તમે પણ, સાથે હોય એવું લાગ્યા કરે છે
હરપલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે
ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે
યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

...।। સૌજન્ય ।।...

શ્રી વિનોદભાઈ ભલાભાઈ દરજી
સ્વ. રાજેશભાઈ ભલાભાઈ દરજી
શ્રી અલ્પેશભાઈ ભલાભાઈ દરજી
અ.સૌ. ધર્મિષ્ઠાબેન વિનોદભાઈ દરજી
અ.સૌ. હેમાબેન અલ્પેશભાઈ દરજી
ચિ. વિશાલ અલ્પેશભાઈ દરજી

## ।। હાર્દિક શ્રધ્ધાંજલિ ।।



સ્વ. નટવરલાલ બબાભાઇ દરજી
સ્વ. તા. ૨૬-૧૨-૨૦૧૧



સ્વ. જશોદાબેન નટવરલાલ દરજી
સ્વ. તા. ૩૦-૧૦-૨૦૧૮

(મુળ વતન : નવા કોબા)

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતાં,
આપનો પ્રેમકદી ભુલાશે નહી, ખોટ આપની કદી પુરાશે નહી,
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી
અમારી પ્રાર્થના.

।। આપના ચરણોમાં ।।

શ્રી શૈલેષભાઈ નટવરલાલ દરજી
અ.સૌ. પાયલબેન શૈલેષભાઈ દરજી
કુમારી વિશ્વા શૈલેષભાઈ દરજી

## ।। ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ ।।



સ્વ. ગિરીશભાઇ ગબડદાસ દરજી
સ્વ. તા. ૧૧-૭-૨૦૨૨



સ્વ. શાંતાબેન ગબડદાસ દરજી
સ્વ. તા. ૧૨-૭-૨૦૦૪

તમે અમારાથી દૂર ગયા પણ
તમે હંમેશા અમારા હૃદયમાં રહેશો,
તમારો પ્રેમ મહાન હતો.
ભગવાન તમારા દિવ્ય આત્માને
ચીર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
ઓમ્ શાંતિ... ઓમ્ શાંતિ... ઓમ્ શાંતિ...

।। આપના ચરણોમાં ।।

દરજી જયેશભાઇ ગિરીશભાઇ
દરજી રેખાબેન જયેશભાઇ
યશ, હિરલ

# ॥ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ ॥





## સ્વ. ડાહીબેન બાબુલાલ દરજી
## સ્વ. બાબુલાલ કેશવલાલ દરજી
## સ્વ. હસમુખભાઇ બાબુલાલ દરજી

તમારા આશિષથી અમે સફળ બન્યા,
તમારી શક્તિથી અમે સક્ષમ બન્યા,
તમારા પ્રતિબોધથી અમે ગુણસંપન્ન બન્યા,
તમારા ભાગ્યથી અમે ભાગ્યશાળી બન્યા.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
સિધ્ધ ગતિની પ્રાપ્તિ કરાવે તેવી પ્રાર્થના...

**॥ આપના ચરણોમાં ॥**

ગં.સ્વ. ગીતાબેન હસમુખભાઇ દરજી
શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલર
અ.સૌ. ચંદ્રિકાબેન મેહુલભાઇ ટેલર
ચિ. વૃતાંશ મેહુલભાઇ ટેલર (કેનેડા)

શ્રી બાલાજી પ્રિન્ટર્સ, કલોલ મો. ૯૮૯૮૭૮૩૩૪૦